પ્રકાશકીય નિવેદન

પૂજ્યપાદ [illegible] પુસ્તકમાં છપાયાં છે.

'ધર્મપરીક્ષા' નામનું આ પ્રથમ પુસ્તક છે. [illegible]

સાચા ધર્મની, સાચા ધર્મશાસ્ત્રની અને સાચા ધર્મગુરુની સમ્યક્ પરીક્ષા કેવી રીતે કરવી તે આ પુસ્તક વાંચવાથી સંપૂર્ણ સમજાઈ જશે. આ અમૂલ્ય ગ્રંથ દરેક જૈન-જૈનેતરે ખાસ મનનપૂર્વક વાંચવા જેવો છે.

દરેક પ્રવચન ખૂબ જ મનનીય છે. પૂજ્યશ્રીના પ્રવચનો સાંભળવાં એ એક જીવનનો લ્હાવો છે.

[illegible] પૂજ્યશ્રીનાં પ્રવચનો [illegible] છે. જે જે આત્માઓને

પ્રવચનકારનો પ્રકાશ

પૂ[illegible] [illegible]

[illegible]

[illegible] ૧૯૮૮ માં 'પાઠક' નામનો ગ્રંથ પ્રગટ કર્યો. [illegible] ગ્રંથ ઉપર [illegible] ૯ થી ૧૦ સુધી વ્યાખ્યાનો થયાં.

આ ગ્રંથ વ્યાખ્યાનમાં [illegible] છે. [illegible] આવા ગ્રંથ ઉપરનાં પ્રવચનો [illegible] લખવાનો ઉત્સાહ [illegible] અને પ્રથમ 'પાઠક' ઉપરનાં પ્રવચનો લખવાં પણ પડ્યાં.

એ પ્રથમ 'પાઠક' ઉપરનાં વ્યાખ્યાનો લખેલાં તેને મેં [illegible] વ્યવસ્થિત કરીને તૈયાર કર્યાં છે. [illegible] વિભાગ પાડી નાંખીને [illegible] 'પાઠક' ગ્રંથના પદાર્થોનું જ ચિંતન આવે એ રીતે પ્રયત્ન કર્યો છે.

ગ્રંથ મારી ધારણા કરતાં મોડો બન્યો છે. તેનું કારણ મારી પૂરતી જ તબિયત છે. અચાનક દર્દ ઊપડ્યું, પછી [illegible] દર્દ [illegible] અને છેવટે ઓપરેશન કરાવવું પડ્યું. અનેક મહિના સુધી સ્વસ્થતાપૂર્વક બેસી શકાયું નહિ એટલે જેટલો વિચાર કર્યો હતો તેટલો થઈ શક્યો નથી; પરંતુ જેટલાં પ્રવચનો તૈયાર થયાં છે તે પૂરાં મુદ્દાસર તૈયાર થયાં છે એટલો સંતોષ છે.

પૂજ્યશ્રીનાં પ્રસંગો સાંભળવા મળ્યા છે તે [illegible] ખાસ [illegible] અવશ્ય [illegible] હશે.

આ ગ્રંથની [illegible]

"વૈરાગ્યગંગા" પુસ્તક જે તાજેતરમાં પ્રગટ થયું છે તે પણ પૂજ્યશ્રીના પ્રસંગોનું જ છે. ખાસ મનનીય છે.

'શલ્યોદ્ધાર', 'ચિંતન', 'બાળકોની વાર્તાઓ' અને '[illegible] ભાગ્યોનું વિજ્ઞાન' આ નવાં પ્રકાશનો પણ [illegible] ખાસ મનન કરવા લાયક છે.

આ ગ્રંથની ૩૦૦ નકલો તો અગાઉથી બે સદ્‌ગૃહસ્થો તરફથી નોંધાયેલી છે.

જે શ્રુતપ્રેમી સાધર્મિક બંધુઓએ આ ગ્રંથ પ્રકાશનમાં દ્રવ્ય સહાય કરી છે તેઓનો આ સંસ્થાવતી હું ખૂબ જ આભાર માનું છું.

સુંદર, સુઘડ અને ઝડપી છાપકામ કરી આપવા બદલ ભાવનગરના સાધના પ્રેસના માલિક ગીરધરલાલભાઈનો પણ હું ખૂબ જ આભાર માનું છું.

જેમ બને તેમ આ ગ્રંથને વધુ સુંદર બનાવવા મારાથી શક્ય પ્રયત્ન કર્યો છે.

આ પ્રેમ પ્રકાશન મંદિરને આવા આધ્યાત્મિક સાહિત્ય પ્રકાશનમાં વધુને વધુ આર્થિક સહકાર મળતો જશે તેમ વધુને વધુ સાહિત્ય અમે પ્રકાશિત કરતા રહીશું.

દાદર (મુંબઈ)
સં. ૨૦૨૬
ચૈત્ર વદ ૫.

લી. પ્રેમ પ્રકાશન મંદિર
મંત્રી
શ્રીપતલાલ સુરચંદ બંગડીવાળા

પ્રેમ પ્રકાશન મંદિરને
આધ્યાત્મિક સાહિત્ય પ્રકાશનમાં

આર્થિક સહાય કરવાના પ્રકારો

શ્રુત પ્રચારક તરીકે નામ લખાવનાર માટે રૂા. ૧૦૦૧)
શ્રુત ભક્ત તરીકે નામ લખાવનાર માટે રૂા. ૫૦૧)
શ્રુત સભ્ય તરીકે નામ લખાવનાર માટે રૂા. ૨૫૧)
શ્રુત પ્રેમી તરીકે નામ લખાવનાર માટે રૂા. ૧૦૧)

ઉપર મુજબ આર્થિક મદદ કરનારા ભાગ્યશાળીઓનાં નામો હવે પછીના દરેક નૂતન પ્રકાશનમાં છપાશે અને ઘેર બેઠાં તેઓને તે નવું પુસ્તક ભેટ મોકલવામાં આવશે.

માટે આ કાયમી આર્થિક યોજનામાં તમારૂં શુભ નામ લખાવી સમ્યગ્જ્ઞાનનો પ્રચાર કરી પુણ્યાનુબંધી પુણ્ય બાંધવા શ્રુતપ્રેમી ભાઇઓને નમ્ર વિનંતિ છે.

પ્રેમ પ્રકાશન મંદિર
આનદ્દ મંત્રી-શ્રીપતલાલ સુરચંદ બંગડીવાળા
૪, જડાવ ભુવન, ડૉ. ડી. શીરસ્રારોડ
મુ. દાદર (મુંબઇ-૨૮

પ્રેમ પ્રકાશન મંદિરની આર્થિક યોજનાના ઉપક્રમે
સાહિત્ય પ્રકાશનના પુણ્યકાર્યમાં
કાયમી સાથ આપનારા ભાગ્યશાળીઓની

શુભ નામાવલી

(૧)	શ્રુત પ્રચારક	: એક મુમુક્ષુ સદ્‌ગૃહસ્થ	શાન્તાક્રુઝ
(૨)	શ્રુત ભક્ત	: મોહનલાલ અજયરાજ મહેતા	દાદર
(૩)	શ્રુત સભ્ય	: શ્રીપતલાલ સુરચંદ બંગડીવાળા	દાદર
(૪)	,, ,,	: લીલાધરભાઈ ખેતશીભાઈ	દાદર
(૫)	,, ,,	: નેમચંદ વેરશીભાઈ	પરેલ
(૬)	,, ,,	: છનાલાલ ગૌતમચંદ શાહ	સાંગણપુર
(૭)	,, ,,	: રમણલાલ મફતલાલ શાહ	કડા (તા. વીસનગર)
(૮)	,, ,,	: રમણલાલ માણેકચંદ શાહ	મુંબઈ-૪ (સર્વોદયનગર)
(૯)	શ્રુત પ્રેમી	: ધુળાલાલ પોપટલાલ શાહ	કંડ
(૧૦)	,, ,,	: કેશવલાલ હીરાચંદ શાહ	ધીણોજ
(૧૧)	,, ,,	: રસીકલાલ વાડીલાલ શાહ	કરજીસણ
(૧૨)	,, ,,	: અંબાલાલ ઈશ્વરલાલ શાહ	મણુંદ
(૧૩)	,, ,,	: ચીમનલાલ ટોકરશી શાહ	જગુદન
(૧૪)	,, ,,	: ચંદ્રકાન્ત જમનાદાસ શાહ	ડીયોલ
(૧૫)	,, ,,	: ડાહ્યાલાલ દોલચંદ શાહ	ધોળાસણ

સંસ્કારરત્ન ભાગ ૧ થી ૧૨ ના

આખો સેટ મંગાવો

કિંમત રૂા. ત્રણ રૂપિયા

(પોસ્ટ ખર્ચ ૭૫ પૈસા અલગ)

જેની ગુજરાતીમાં ૧ લાખ નકલો અને હિન્દીમાં (૧-૨ ભાગની) ૨૦ હજાર નકલો તો પ્રગટ થઇ ચૂકી છે.

ભારતના ખૂણે ખૂણે અને ગામોગામ આ પુસ્તકો ખૂબજ લોકપ્રિય બન્યાં છે.

હજારોની સંખ્યામાં અમારા ઉપર ઓર્ડરો આવતા રહે છે.

તમારા બાળકોને સુસંસ્કારી બનાવવા અને જૈન ધર્મનું
ક એકથી જ્ઞાન આપવા આ બાર પુસ્તકોનો ખૂબજ
પંક સેટ મંગાવી વંચાવો. તમારા ગામની પાઠશાળામાં
પુસ્તકો પાઠ્યક્રમમાં દાખલ કરી ધર્મના પાયાનું જ્ઞાન
કોને આપો.

દીધી છે. ખૂબ ગંભીર અને સૂક્ષ્મ ધર્મ તત્ત્વો અંદર ભરેલાં પડ્યાં છે.

જેથી આ ષોડશક ગ્રંથનું વિધિપૂર્વકનું શ્રવણ અત્યંત લાભદાયી અને આત્મહિતકારી છે.

સંવિગ્ન બહુશ્રુત ધર્મગુરુ પાસે ધર્મતત્ત્વનું શ્રવણ વિનય ભક્તિપૂર્વક કરવાથી આત્મામાં સાચા જ્ઞાનનો પ્રકાશ પથરાય છે.

તત્ત્વશ્રવણથી જ સાચા શ્રમણ અને સાચા શ્રાવક બનાય છે.

શ્રુતધર્મ એ ચારિત્રધર્મને જન્મ આપનાર જનેતા છે. માટે ચારિત્રધર્મના ઈચ્છુએ શ્રુતધર્મમાં મન, વચન, કાયાથી યત્ન કરવો જોઈએ. શ્રુતથી આત્મા સંસ્કારી સદાચારી શ્રદ્ધાળુ બને છે. ધર્મતત્ત્વનો સાચો જ્ઞાતા બને છે. માટે આ ગ્રંથના એકેક અક્ષરનું ખૂબ વિનય અને બહુમાનપૂર્વક શ્રવણ કરજો.

ગ્રંથનું શ્રવણ હિતકારી ત્યારે જ બનશે કે જ્યારે આ ગ્રંથના કર્ત્તા અને ગ્રંથનું વ્યાખ્યાન કરનાર પૂજ્ય પુરુષો પ્રત્યે ખૂબ જ આદરભાવ હશે તો.

વ્યાખ્યાન ચાલુ થાય એટલે મગજમાંથી બધા જ સાંસારિક વિચારોને કાઢી નાંખી આ ગ્રંથશ્રવણમાં જ એકચિત્ત બની જજો. આ ગ્રંથશ્રવણથી કર્મની ગાંઠ ઓગળી જશે.

ધર્મગ્રંથોના શ્રવણથી વિષયોનાં આકર્ષણો છૂટે છે, કષાયોનો અગ્નિ શાન્ત પડે છે, સાચા દેવતત્ત્વ, ગુરુતત્ત્વ અને ધર્મ-તત્ત્વની ઓળખ થાય છે, સંસારની નિર્ગુણતા અને મોક્ષની અનંત [illegible] ભાન થાય છે.

ઘણી છે. મૂળ ગાથાઓ અને સૂક્ષ્મ પદ્યમાં ગાથેલ અંદર ભરેલાં પડ્યાં છે.

તેથી આ ચોટદાર ગ્રંથનું વિવેચનનું મનન, અત્યંત લાભકારી અને આત્મહિતકારી છે.

સંવિગ્ન બહુશ્રુત ધર્મગુરુ પાસે ધર્મતત્ત્વનું શ્રવણ વિનય ભક્તિપૂર્વક કરવાથી આત્મામાં સાચા જ્ઞાનનો પ્રકાશ પથરાય છે.

તત્ત્વશ્રવણથી જ સાચા શ્રમણ અને સાચા શ્રાવક બનાય છે.

શ્રુતધર્મ એ ચારિત્રધર્મને જન્મ આપનાર જનેતા છે. માટે ચારિત્રધર્મના ઈચ્છુકોએ શ્રુતધર્મમાં મન, વચન, કાયાથી યત્ન કરવો જોઈએ. શ્રુતથી આત્મા સંસ્કારી સદાચારી શ્રદ્ધાળુ બને છે. ધર્મતત્ત્વનો સાચો જ્ઞાતા બને છે. માટે આ ગ્રંથના શ્લોકે શ્લોકનું ખૂબ વિનય અને બહુમાનપૂર્વક શ્રવણ કરજો.

ગ્રંથનું શ્રવણ હિતકારી ત્યારે જ બનશે કે જ્યારે આ ગ્રંથના કર્તા અને ગ્રંથનું વ્યાખ્યાન કરનાર પૂજ્ય ગુરુઓ પ્રત્યે ખૂબ જ આદરભાવ હશે તો.

વ્યાખ્યાન શરૂ થાય એટલે મગજમાંથી બધા જ સાંસારિક વિચારોને કાઢી નાંખી આ ગ્રંથશ્રવણમાં જ એકચિત્ત બની જજો. આ ગ્રંથશ્રવણથી કર્મની ગાંઠ ઓગળી જશે.

ધર્મગ્રંથોના શ્રવણથી વિષયોનાં આકર્ષણો છૂટે છે, કષાયોનો અગ્નિ શાન્ત પડે છે, સાચા દેવતત્ત્વ, ગુરુતત્ત્વ અને ધર્મતત્ત્વની ઓળખ થાય છે, સંસારની નિર્ગુણતા અને મોક્ષની અનંત ગુણમયતાનું ભાન થાય છે.

પૂર્વધરોના નજીકના કાળમાં થયેલા છે. (લગભગ આજથી ૧૫૦૦ વર્ષ પૂર્વે.) તેઓશ્રીએ રચેલા એકેક ગ્રંથનું વચન ટંકશાળી ગણાય છે.

આ ષોડશક ગ્રંથ ઉપર પૂજ્યપાદ યશોભદ્રસૂરીશ્વરજી મહારાજાની અને પૂજ્યપાદ મહોપાધ્યાય ન્યાયવિશારદ યશોવિજયજી મહારાજાની ટીકા (સંસ્કૃત વિવેચન) છે. ટીકા વિના મૂળ સૂત્રનું તાત્પર્ય હાથમાં ન આવે. મૂળ સૂત્રનું રહસ્ય પામવા ટીકા ગ્રંથોની ખૂબ જ ઉપયોગીતા છે.

પ્રશ્ન :—આ ગ્રંથનું નામ ષોડશક શાથી છે ?

ઉત્તર :—આ ગ્રંથમાં ૧૬-૧૬ શ્લોકોનો એકેક અધિકાર છે. એવા ૧૬ અધિકારો આ ગ્રંથમાં હોવાથી આ ગ્રંથનું નામ ષોડશક રાખેલું છે.

ગ્રંથો ચાર પ્રકારના હોય છે :—અનુયોગ દ્વારમાં તેની ચતુર્ભંગી બતાવેલી છે.

(૧) સૂત્રથી નાનો, અર્થથી મોટો.
(૨) અર્થથી નાનો, સૂત્રથી મોટો.
(૩) અર્થથી મોટો, સૂત્રથી મોટો.
(૪) સૂત્રથી નાનો, અર્થથી નાનો.

આ પ્રસ્તુત ષોડશક ગ્રંથ પ્રથમ ભાંગામાં આવે છે. સૂત્રથી ભલે તેનું કદ નાનું હોય, પણ અર્થથી તેનું કદ ઘણું મોટું છે.

પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ પોતાના રચેલા ગ્રંથોમાં જિનાગમોનાં રહસ્યો ખોલી નાંખેલા છે, આગમોના દ્વાર ખોલવાની ચાવીઓ અંદર મૂકી

વીતરાગ સર્વજ્ઞ કથિત વાણી એ જ સમ્યગ્ શ્રુત કહેવાય. સકલ લોકાલોકના ભાવો પ્રત્યક્ષ તો કેવળજ્ઞાની જ જોઈ શકે છે.

ધર્મ એ તો અતીન્દ્રિય વસ્તુ છે. તેથી અતીન્દ્રિય જ્ઞાની સિવાય તેનું સંપૂર્ણ સાચું સ્વરૂપ કહેવા કોઇ જ સમર્થ નથી. માટે સાચા ધર્મના સ્વરૂપને સમજવા સર્વજ્ઞ વીતરાગના વચનનું શરણ સ્વીકારવું અનિવાર્ય છે

જે ધર્મપ્રવર્તકનું વચન કષ છેદ અને તાપની પરીક્ષામાં ઉત્તીર્ણ થાય તે; સાચો ધર્મપ્રવર્તક છે એમ નિશ્ચિત સમજવું. ધર્મની વાતમાં કેવળ 'બાબા વાક્યમ્ પ્રમાણમ્' ન ચાલે.

માટે આ પ્રથમ ષોડશકમાં સાચા ધર્મની પરીક્ષા કેવી રીતે કરવી તેનો અધિકાર છે જેનું નામ ધર્મ એ સાચો ધર્મ છે એવું એકાંતે માની ન લેવું. મીઠાના ડબા ઉપર કોઇએ સાકરનું લેબલ લગાડી દીધું એટલા માત્રથી તે મીઠું સાકર બની જતું નથી. પીત્તળની લગડી ઉપર સોનાનો ગીલેટ ચઢાવી દેવા માત્રથી તે પીત્તળની લગડી સોનાની બની જતી નથી. કિંમતી વસ્તુની નકલો જગતમાં ઘણી થાય છે. ધર્મ એ જગતની કિંમતીમાં કિંમતી વસ્તુ છે; માટે તેની નકલો જગતમાં ઘણી છે. સાચા ધર્મનું લેબલ લગાડીને સૌ તે ધર્મને વેચવા ઠેર ઠેર ધર્મપ્રવર્તકો દુકાનો મઠો જમાવીને બેસી ગયા છે. એમાં કઇ દુકાને, કયા મઠમાં સાચો ધર્મ મળે છે તેની શોધ કરવી બાલજીવોને ઘણી જ મુશ્કેલ છે.

માનવ જન્મ પામવાનું શ્રેષ્ઠ ફળ શુદ્ધ ધર્મનું પાલન કરવું તે છે. માટે ધર્મની બાબતમાં કદીએ છેતરાવું નહિ.

બજારમાંથી શાકભાજી ખરીદવામાં કદાચ છેતરાયા તો બે

[illegible] આત્મા [illegible] છે, [illegible] જાગે છે, [illegible] છે, આત્માની [illegible] સમજાય છે, [illegible] છે, [illegible] નો બોધ થાય છે, આત્માની સાચી ઓળખ થાય છે, પાપનો ડર જાગે છે, જગતના પદાર્થોની ક્ષણભંગુરતા દેખાય છે, જન્મ મરણનો ત્રાસ છૂટે છે, સંસાર ઝેર જેવો લાગે છે. [illegible] સ્વાર્થની જ [illegible] દેખાય છે, [illegible] ભાન થાય છે, હું કોણ ? અને મારું શું ? તેનું સાચું ભાન આવે છે.

જડ પદાર્થોમાંથી સુખનો વિશ્વાસ ઊઠી જાય છે, આત્મામાં સાચા સુખનો વિશ્વાસ પેદા થાય છે. જડ ચેતનનો ભેદ સમજાય છે, માનવજીવનનો સદુપયોગ કરી લેવાનું મન થાય છે, સદ્ગુણો ખીલે છે.

માટે મહાપુરુષોએ જગતના કલ્યાણ માટે રચેલા ધર્મગ્રંથોનું શ્રવણ નિયમિત એકચિત્ત બનીને કરવું ખૂબ જ આવશ્યક છે.

શાસનનું અસ્તિત્વ પણ શ્રુતથી છે. એટલા માટે શ્રુતની સેવા એટલે શાસનની જ સેવા છે. ભગવતીસૂત્રમાં તો ગણધર ભગવંતોએ અઢાર પ્રકારની બ્રાહ્મીલીપી વગેરેને પણ નમસ્કાર કરી પોતાની શ્રુતપ્રત્યેની ભક્તિ પ્રદર્શિત કરી છે. સમગ્ર શ્રુતની ઉત્પત્તિનું સ્થાન અનંત-ઉપકારી મોક્ષમાર્ગદર્શક તીર્થંકર-દેવો છે.

શ્રુત એ સ્વ-પર પ્રકાશક છે. શ્રુતથી જ શાસન ચાલે, ટકે. શ્રુતના આધારે જ જડ ચેતનનો, પાપ-પુણ્યનો, આશ્રવ-સંવરનો, બંધ-મોક્ષનો ભેદ સમજી શકાય છે. હેય જ્ઞેય અને ઉપાદેય તત્ત્વોનું જ્ઞાન શ્રુતથી થાય છે.

અને શુધ્ધસાત્વિક મનોરંજન હોય ત્યાં ત્યારે સાચો ધર્મ છે એમ સમજવું.

જે ધર્મમાં ઇન્દ્રિયો ઉપર કાબૂ મેળવવા તપ ત્યાગ અને સંયમનું વિધાન નથી, ત્યાં ધર્મ જેવી વસ્તુ ન હોય.

જે ધર્મમાં મોક્ષનું, જન્મ-જરા મરણથી છૂટવાનું ધ્યેય નથી તે સાચો ધર્મ નથી.

જ્યાં શીલ સદાચાર સામે દુશ્મનાવટ છે, જ્યાં દયા દાનની કેડી ઉખાડવામાં આવતી હોય, જ્યાં સાચા ત્યાગ તપ ઉપર ભાર મૂકવામાં આવતો નથી, જ્યાં પાપો ન કરવાની પ્રતિજ્ઞા નથી, જ્યાં શુદ્ધ પવિત્ર વીતરાગ ભગવાનની ઉપાસના નથી, ત્યાગી ગુરુઓની પૂજા નથી, પવિત્ર આચાર વિચાર અને સિદ્ધાંત નથી, જ્યાં જન્મ મરણથી છૂટવાનું ધ્યેય નથી, જ્યાં ભોગપ્રધાન પર્વોનું આરાધન છે ત્યાં કદીયે સાચો ધર્મ હોઈ શકતો નથી.

ધર્મ એ સનાતન એવા આત્માની ચીજ છે. આત્મા અને આત્માનો ધર્મ બહારમાં નથી, પણ અંદરમાં છે. જેમ ચિત્ત નિર્મળ, હૃદય સ્વચ્છ, વિચારો ઉચ્ચ અને પવિત્ર અને વર્તન સારું ત્યાં સાચો ધર્મ વસે છે.

ધર્મક્રિયાઓ એ વર્તન અને વિચારને સુધારવા માટે છે.

જે મનુષ્યના વિચાર અને વર્તનથી જગતના જીવોને સંતોષ અભય અને શાંતિ મળે ત્યાં સાચો ધર્મ સમજવો

જે ધર્મમાં માંસ ઈંડાં દારૂનો નિષેધ નથી, પરસ્ત્રીનો ત્યાગ નથી, શિકાર જુગાર ઉપર પ્રતિબંધ નથી, ભક્ષ્યાભક્ષ્યનો, પેયાપેયનો, ગમ્યાગમ્યનો વિવેક નથી, દયા દાન તપ ત્યાગ

'ધર્મ તે ધર્મ છે' એમ બૂમો પાડી પાડીને ધર્મને વેચનારા ઘણા મળશે. પણ ધર્મનું નામ સાંભળીને એકદમ તેને ખરીદવા દોડી જવા નહિ. ધર્મને વેચવા પ્રચારવા ફેરા ભરવા નીકળેલો કેવો છે? તેનો આચાર કેવો છે? તેના વિચારો કેવા છે? તેની શ્રદ્ધા કેવી છે? અર્થકામની લાલસાથી તે મુક્ત છે કે નહિ? સંસારની મિથ્યા મોહમાયાથી તે પોતે મુક્ત છે કે નહિ? તેના પોતાના જીવનમાં ધર્મનું પાલન કેટલું છે? તેના વ્રત નિયમો કેવા છે? તેના જીવનનું ધ્યેય શું છે? પોતે નિઃસ્પૃહ છે કે નહિ? પોતે કોઈ સાચા જ્ઞાની ત્યાગી ગુરુને સમર્પિત છે કે નહિ? આવી બીજી બાબતો ધર્મ વેચવા–પ્રચારવા નીકળેલાના જીવનમાં ખાસ જોવી જોઈએ.

જ્યાં અહિંસા સંયમ અને તપ હોય, જ્યાં ત્યાગ સંયમ અને બ્રહ્મચર્ય હોય, જ્યાં સાચો વિષય વિરાગ, કષાય ત્યાગ, ગુણાનુરાગ હોય, જ્યાં શુદ્ધ વીતરાગદેવ, ત્યાગી ગુરુતત્ત્વ હોય

કેવા છે, તેમનો આચાર વિચાર, જીવનચર્યા કેવી છે તેની સૂક્ષ્મ ચકાસણી કરવી. ગમે ત્યાં સાધુવેશ જોઇને ઝુકી ન પડવું.

ધર્મગુરૂમાં ત્યાગ કેવો છે? તપ કેવો છે? દયાનું બ્રહ્મચર્યનું પાલન કેટલું છે? પૈસા પત્નીથી નિઃસ્પૃહ કેટલા છે? જ્ઞાન ધ્યાન કેવું અને કેટલું છે? લોકવ્યાપારથી, સંસારના પ્રપંચોથી મુક્ત કેટલા છે તે જોવું.

ધર્મગુરૂમાં પાપનો ભય કેટલો છે તે પણ જોવું. અર્થકામથી મુક્ત છે કે નહિ તે પણ તપાસવું.

સંસારી માણસ અને તેમની જીવનચર્યા વચ્ચે અંતર છે કે નહિ તે પણ જોવું.

કેવળ મેલી વિદ્યાઓ સિદ્ધ કરીને ભોળી જનતાને ચમત્કારો, મંત્રો, તંત્રો બતાવીને કેવળ સ્વાર્થસાધુ કે માન સત્કાર પૂજાના ભૂખ્યા તો નથી ને? એ પણ જોવું.

સાચા ગુરુ તો ગુણવાન હોય, ત્યાગી અને નિઃસ્પૃહી હોય.

કેવળ જગતના જીવોને સન્માર્ગદર્શક હોય. સદાચાર ત્યાગ અને અહિંસાનો આદર્શ પૂરો પાડનારા હોય.

વ્રત નિયમોથી પોતાનું જીવન સંયમી હોય, આવનાર પાસેથી કાંઈ જ મેળવવાની ઈચ્છા ન હોય: ઉપદેશ આપે તે પણ કેવળ નિઃસ્વાર્થભાવે સામી વ્યક્તિને ભવસાગરથી તારવા, પાપથી બચાવવા.

ભક્તની અર્થ કામની વાસનાઓ પોષવાનું બતાવે તે સાચા ધર્મગુરૂ નહિ. અર્થ કામની વાસનાઓનું શોષણ થાય અને ધર્મની વાસનાનું પોષણ થાય એવું જ સાચા ધર્મગુરુ

બ્રહ્મચર્યનું સાચું વિધાન નથી, પરલોકદૃષ્ટિ નથી, મોક્ષનું કોઈ ધ્યેય નથી, સત્ય તત્ત્વોનું પરિપાલન નથી ત્યાં સત્ય ધર્મના દર્શન ક્યાંથી થાય?

પોતાના ધર્મની જનસંખ્યા વધારવા કેટલાક ધર્મના બાધને દીક્ષા કરે છે, અનુયાયીઓને ગમે તે ખાવાપીવાની, ગમે ત્યાં ફરવા હરવાની છૂટ આપે છે, ધર્મક્રિયાઓ કરવાનું બંધ કરાવે છે, તપ ત્યાગ વગર પણ ચાલશે એમ કહી પોતાના ધર્મના અનુયાયીઓ વધારવાનું આજે અમુક કહેવાતા મિથ્યા ધર્મોમાં બહુ જ વધી પડ્યું છે.

સગવડીઓ કષ્ટ વગરનો, તપ, ત્યાગ અને વ્રત નિયમના બંધન વગરનો પ્રાણવિહોણો ધર્મ કોને ન ગમી જાય?

પણ જેમ નકલી ભેળસેળવાળી દવાથી રોગ-દર્દ ન મટે તેમ નકલી ધર્મથી ભવરોગ, કર્મરોગ, પાપરોગ ન મટે.

ધર્મ તો ભવરોગને કાઢનારૂં રામબાણ ઔષધ છે. પણ તે ધર્મરૂપી ઔષધ તેના મૂળ સ્વભાવે શુદ્ધ હોય તો જ ભવરોગ-કર્મરોગ જાય.

નકલી બનાવટી દવા ખાવાથી તો ઉપરથી રોગ વધે, તેમ નકલી બનાવટી ધર્મરૂપી ઔષધ ખાવાથી પણ ભવરોગ વધે, કર્મરોગ વધે.

માટે આત્માર્થી મનુષ્યે ધર્મની પરીક્ષા, ધર્મગુરુની પરીક્ષા બરાબર કરવી.

ધર્મગુરુ પાસેથી ધર્મ મળવાનો છે માટે પ્રથમ ધર્મગુરુ

આજકાલ સગવડીયા ધર્મો પણ ઘણા નીકળ્યા છે. ઘણા મતોમાં ભૌતિક લાલસા જ પોષાતી હોય છે. ત્યાં ત્યાગ, તપ, સંયમ, બ્રહ્મચર્ય, અહિંસા, સત્ય નિયમો જેવું કાંઈ હોતું નથી. બસ સામાન્ય ભજન કે મંદિરમાં જઈ પ્રાર્થના કરી લીધી એટલે બધો ધર્મ થઈ ગયો.

કેટલીક જગ્યાએ માત્ર અમુક પોતાના માનેલા ધર્મ-ગ્રંથોનું એકાદ-બે કલાક વાંચન કરી લીધું એટલે પત્યું.

કેટલીક જગ્યાએ હોમ-હવન કે આરતી ઉતારી લીધી એટલે ધર્મ થઈ ગયો.

પણ જ્યાં ઇન્દ્રિયોનું દમન નથી, કષાયોનો નિરોધ નથી, મન શુદ્ધિ નથી, ત્યાગ તપ કે અહિંસાનું પાલન નથી ત્યાં આત્મકલ્યાણ–આત્મશુદ્ધિ શી રીતે થવાની?

માટે આ ષોડશક ગ્રંથમાં પ્રથમ ષોડશકમાં ધર્મની પરીક્ષા કરવાનું ભગવાન હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે.

વસ્તુનું નિવેદન કર્યું છે. આ ગ્રંથમાં જે જે વિષયો કહેવાના છે તેનો નિર્દેશ કરવો તેને અભિધેય કહેવાય છે.

ત્રીજું પ્રયોજન પણ બતાવવું જોઈએ. ગ્રંથકર્તાનું પ્રયોજન શ્રોતાને કે અધ્યયન કરનારને આ ગ્રંથના તાત્ત્વિક પદાર્થોનો બોધ થાય અને પરંપરાએ જીવો મોક્ષને પામે તે છે.

ચોથો સંબંધ પણ જણાવવો જોઈએ. વાચ્ય-વાચક સંબંધ, ઉપાય-ઉપેય સંબંધ

આ ગ્રંથ વાચક છે અને તેના દ્વારા ધર્મપરીક્ષાદિ બાબતો એ વાચ્ય છે. અથવા ગ્રંથ ધર્મપરીક્ષાદિ બાબતોને જાણવાનો ઉપાય છે અને ધર્મપરીક્ષાદિ બાબતોને જાણવા તે ઉપેય (સાધ્ય) છે.

આ મંગલ અભિધેય, પ્રયોજન અને સંબંધને શાસ્ત્રોમાં અનુબંધ-ચતુષ્ટય કહેવામાં આવે છે.

સામાન્યતઃ શિષ્ટ પુરુષોનો આચાર છે કે ગ્રંથની આદિમાં આ અનુબંધ-ચતુષ્ટય કહેવાં. જેથી શ્રોતાની કે અધ્યયન કરનારની આ ગ્રંથમાં પ્રવૃત્તિ થાય.

ઇષ્ટદેવ એવા વીર પરમાત્માને ગ્રંથકારે નમસ્કાર કર્યા. તો નમસ્કાર શું વસ્તુ છે તે પણ જાણવું જોઈએને? જૈન શાસનમાં દરેક શુભ પ્રવૃત્તિ કરતાં અરિહંત ભગવંતોને નમસ્કાર કરવામાં આવે છે. આ નમસ્કાર એ સર્વ શ્રુતસાગરનો સાર છે. સકલ શ્રુતની અન્તર્ગત છે. માટે વ્યાખ્યાન કરતાં, ગ્રંથની વાચના આપતાં પ્રથમ નવકારમંત્ર બોલીને જ શરૂઆત કરવામાં આવે છે.

નમસ્કાર બે પ્રકારે હોય:—

(૧) દ્રવ્ય નમસ્કાર (૨) ભાવ નમસ્કાર.

પ્રવચન બીજું



પૂજ્યપાદ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ પ્રથમ ષોડશકના મંગલાચરણના શ્લોકમાં જિન એવા વીરપરમાત્માને નમસ્કાર કરીને મંગલ કર્યું છે.

પ્રશ્ન:—મંગલ શા માટે કરવાનું?

ઉત્તર:—'શ્રેયાંસિ બહૂ વિઘ્નાનિ' શ્રેય કાર્યોમાં પ્રાયઃ વિઘ્નો ટપકી પડે છે. માટે આ ગ્રંથની નિર્વિઘ્ન સમાપ્તિ માટે પૂજ્યપાદે ગ્રંથની શરૂઆતમાં પોતાના આસન્ન ઉપકારી ચરમતીર્થાધિપતિ વીર (મહાવીર) પરમાત્માને નમસ્કાર કરી મંગલ કર્યું છે.

વીર પરમાત્મા કેવા છે? તો જિન છે. જિન એટલે રાગ-દ્વેષ ઉપર સંપૂર્ણ વિજય મેળવનારા. જો વીર (મહાવીર) વીતરાગ જિન ન હોત તો નમસ્કાર ન કરત. કારણકે જૈન-શાસન (ધર્મ) ગુણવગરની વ્યક્તિનું પૂજારી નથી. પણ ગુણ-ગુણીનું પૂજારી છે. માટે જિન એવું વિશેષણ મૂકી વીર પરમાત્માને નમસ્કાર કર્યા છે.

વિશેષણથી વિશેષ્યની વિશિષ્ટતા બતાવાય છે.

'सद्धर्मपरीक्षकादि भावानाम्'થી ગ્રંથકારે અભિધેય જણાવ્યું છે.

આ ગ્રંથમાં ધર્મપરીક્ષા, ધર્મનાં લીંગો વગેરે પદાર્થોનું પ્રતિપાદન કરીશ એમ નિર્દેશ કરીને કહેવા યોગ્ય-પ્રતિપાદ્ય

અનુમોદન થાય છે. નમસ્કરણીય જેવા બનવાનું મન થાય છે. નમસ્કરણીયની કૃપાનું ભાજન બનાય છે. નમસ્કાર ખૂબજ હૃદયમાં ગૌરવનો અને કૃતજ્ઞતાનો ભાવ રાખીને ગુણના બહુમાનથી એકાગ્રચિત્તે થવો જોઈએ. નમસ્કાર કરતી વખતે આપણા મન વચન કાયા નમસ્કરણીયમાં એકાકાર બની જવા જોઈએ.

આવા અનંતગુણમય જિન અને જિનનમસ્કાર મળ્યો તે બદલનો હૃદયમાં અહોભાવ જોઈએ. જાત ત્યાં ધન્યતા અનુભવતી જોઈએ. જાણે આ જિનનમસ્કાર મળ્યો એટલે જાણે બધું જ મળી ગયું એમ જીવને લાગવું જોઈએ. હવે મારી દીનતા, દરિદ્રતા, રોગ શોક દુઃખ દર્દો દોષો બધું જ ગયું એમ હૃદયમાં સચોટ ભાસવું જોઈએ.

સાચો ભાવનમસ્કાર આવે એટલે વિષય કષાય બિચારા ગભરાઈને ભાગવા માંડે. ભોગની ભુંડી ભૂખ પણ ભાગવા લાગે, ગુણની દરિદ્રતા પણ વિદાય લેવા માંડે, દોષોનો પક્ષપાત જાય અને ગુણોનો પક્ષપાત આવવા માંડે. પછી તો જીવ ગુણનો પ્રેમી બની જાય છે.

ભાવનમસ્કારથી કર્મસત્તા પણ નમે. માટે તો સિદ્ધાણં બુદ્ધાણં સૂત્રમાં 'इक्कोवि नमुक्कारो जिनवर वसहस्स वद्धमाणस्स संसार सागराओ तारेइ नरं वा नारिं वा' કહ્યું છે.

રાગદ્વેષરૂપી મલ્લોને જીતે તે જ સાચો વીર કહેવાય. આવા વીરને કરેલો એક પણ ભાવનમસ્કાર ભવ્ય આત્માને ભવસાગરથી તારી દે છે.

ગુણીને કરેલો નમસ્કાર તે ગુણરૂપી લક્ષ્મીને આત્મઘરમાં પધારવા માટેનું આમંત્રણ છે. આમંત્રણ મળતાં જ ગુણરૂપી લક્ષ્મી વરમાળા લઈને ઝુમઝુમ કરતી આવીને નમસ્કર્તાના

[illegible]

[illegible]

[illegible]

[illegible]

નમસ્કારથી નમસ્કરણીયમાં રહેલા અચિંત્ય ગુણસમુદાયનું નમસ્કર્તા તરફ સંક્રમણનું આકર્ષણ થાય છે. લોહચુંબક જેમ લોઢાને પોતાની તરફ ખેંચે તેમ નમસ્કાર નમસ્કરણીયમાં રહેલા ગુણસમૂહને પોતા તરફ ખેંચે છે. નમસ્કારથી ગુણાધિક પ્રત્યે પ્રમોદભાવ બતાવાય છે. નમસ્કરણીયમાં રહેલા ગુણોનું

પ્રવચન ત્રીજું



બાલઃ પશ્યતિ લિઙ્ગં, મધ્યમ બુદ્ધિર્વિચારયતિ વૃત્તમ્ ।
આગમતત્ત્વં તુ બુધઃ પરીક્ષતે સર્વ યત્નેન ॥ ૨ ॥

પૂજ્યપાદ પરમોપકારી વિદ્વદ્‌શિરોમણી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ હવે પ્રથમ ષોડશકના બીજા શ્લોકમાં બાળ, મધ્યમ અને પંડિત પુરુષનું સ્વરૂપ બતાવે છે. ધર્મની પરીક્ષા કરનારા જગતમાં ત્રણ પ્રકારના પુરુષો હોય છે. પણ ત્રણેની ધર્મની પરીક્ષા કરવાની રીત જુદી જુદી હોય છે. બાલજીવ ધર્મનો માત્ર બાહ્ય આડંબર, ચમત્કાર, મંત્રો તંત્રો, સાધુવેશ, વરઘોડા, પ્રચારતંત્ર વગેરે જોઈને 'સાચો ધર્મ આજ છે' એમ માની લઈ તેનો ઉપાસક બની જાય છે. મધ્યમ પુરુષ માત્ર બાહ્ય વેશ, આડંબર, ચમત્કાર, મંત્રો તંત્રો વગેરેમાં ન ખેંચાતાં તે ધર્મના આચાર વિચાર કેવા છે તેની પરીક્ષા કરીને જો તે ધર્મના આચાર વિચાર પવિત્ર હોય તો જ તે ધર્મનો સ્વીકાર કરે છે. પણ ત્રીજો પંડિત પુરુષ તો નથી જોતો કેવળ બાહ્ય વેશ, આડંબર, ચમત્કાર, મંત્રો તંત્રો કે પવિત્ર આચાર વિચાર પણ તે ધર્મના સિદ્ધાંતો–આગમશાસ્ત્રો સાચા છે કે નહિ? તેની બરાબર પરીક્ષા કરે છે. આચારો, ખાસ સિદ્ધાંતોનો આચારો સાથે સુમેળ સધાવો જોઈએ.

ગળામાં વરમાળા આરોપે છે. ગુણી બનવા ગુણીને ભાવથી નમસ્કાર કરતાં શીખવું જોઈએ.

જિન જેવા વીર બનવા માટે મહાવીર પરમાત્માની સર્વોત્કૃષ્ટ સંયમ સાધના, તપ સાધના, ધ્યાન સાધના, ક્ષમા સાધના તરફ લક્ષ બાંધીને ચાલવું પડશે. મારા મહાવીર ભગવાને રાગદ્વેષને જીત્યા, ઘોર ઉપસર્ગો અને પરીષહોની વિરાટ સેનાને ક્ષમાના શસ્ત્રથી ભગાડી તો હું પણ એ જ કામ કરું. સાચો સેવક તે જ કહેવાય કે જે સ્વામીના પગલે પગલે ચાલે, સ્વામીના આદર્શોને આંખ સામે રાખે, સ્વામીની વિચારસરણીને અનુસરે, સ્વામીનું ગૌરવ વધારે, સ્વામીના ધર્મની શોભા વધારે. સેવક મુખે સ્વામીના જ ગુણગાન હોય, વાતવાતમાં સ્વામીનું જ ઊંચું બતાવે, સ્વામી આગળ પોતાની જાત હલકી લાગે.

ભાવનમસ્કારથી ભવવિરહની તિવ્ર ઝંખના અને સ્વ-સ્વરૂપના સમાગમનો તિવ્ર તલસાટ જાગવો જોઈએ.

પ્રત્યેક ધર્મક્રિયા કરતાં હૈયામાં ભવવિરહની ઝંખના અને સ્વ-સ્વરૂપના સમાગમનો તલસાટ હોવો જોઈએ.

ભવવિરહની ઝંખના અને સ્વ-સ્વરૂપના સમાગમનો તલસાટ હોવા છતાં પણ સાચા ધર્મતત્ત્વની પ્રાપ્તિ વગર તે ભાવના સાકાર બનતી નથી. માટે હવે પછીના શ્લોકમાં ધર્મપરીક્ષા કેવી રીતે કરવી વગેરે બાબતોની ચર્ચા આવશે પણ હવે સમય થઈ ગયો હોવાથી અત્રે વાત.

જિનવાણીનું પ્રકાશન કરતાં કોઈ પણ અન્યથા ભાવ થયો હોય તો મિચ્છામિ દુક્કડમ્.

આચારો તો સારા પવિત્ર બનાવેલા હોય કે દાન દો, શીલ પાળો, તપ કરો, ધ્યાન ધરો, વ્રત પાળો વગેરે. પણ સિદ્ધાંત એવો બનાવેલો હોય કે આત્મા તો એકાંતે કુટસ્થ નિત્ય છે અથવા એકાંતે અનિત્ય છે; તો પછી કુટસ્થ નિત્ય એવા આત્માને આચારો પાળવાથી શું લાભ થવાનો છે? વ્રત નિયમોના કે આચારોના પાલનથી આત્મામાં કાંઈ પરિવર્તન તો આવવાનું નથી, તો પછી વ્રત નિયમોના પાલનથી ફાયદો શો?

મેલું કપડું ઉજળું થવાનું જ નથી તો પછી ધોવાની મહેનત કોણ કરે?

આત્મા પોતે જ એકાંતે ક્ષણિક હોય, ક્ષણભંગુર હોય તો કોના સુખ માટે વ્રત નિયમનું પાલન કરવાનું?

જે આત્મા માટે વ્રત નિયમોનું પાલન કરવાનું છે તે આત્મા પોતે જ જો એક ક્ષણ પછી સર્વથા નાશ પામી જવાનો હોય તો પછી વ્રત નિયમોના આચારપાલનથી ફાયદો શો? કોણ એવી વ્યર્થ મહેનત કરે?

માટે આત્માનું સ્વરૂપ જો પરિણામી નિત્ય માનવામાં આવે તો જ આ વ્રત નિયમો અને આચારપાલન સાર્થક બની શકે.

હવે બાલજીવ એટલે વિવેક વિનાનો, ગુણદોષની પરીક્ષા—સારા ખોટાની પરીક્ષા કરવાની જેનામાં વિવેકશક્તિ નથી એવો અજ્ઞાન જીવ. જો કે પોતે છે ધર્માર્થી પણ સાચા ધર્મની પરીક્ષા કરવાની તેનામાં ક્ષમતા ન હોવાથી ફક્ત ધર્મનું કે ધર્મગુરુનું બાહ્ય લીંગ—વેશ, ચમત્કાર, મંત્રો તંત્રોની વાતોથી ભોળવાઈ જઇને ઝૂકી પડે છે. ધર્માર્થી હોવા છતાં સાચા

વશ કરી લે છે. ભોળા લોકો આવા દંભી વિષય લાલચુ સાધુને સાચા ધર્મગુરુ માની બેસે છે.

મધ્યમ પુરુષ ધર્મગુરુની શોધ–પરીક્ષા કરતાં તે સાધુનો બાહ્ય વેશ, આડંબર, મંત્રો તંત્રો, ચમત્કારોને ન જોતાં તેનું ચારિત્ર કેવું છે તે જોવે છે. ધર્મગુરુનું ચારિત્ર પવિત્ર હોય તો જ તેનો ધર્મગુરુ તરીકે સ્વીકાર કરે છે.

પણ પંડિત પુરુષ તો સાચા ધર્મગુરુને મેળવવા માત્ર તેનો સાધુવેશ અને ચારિત્રની ક્રિયાઓ જ નથી જોતાં, પણ તે સાધુનું જીવન શાસ્ત્રાનુસારી છે કે નહિ? ઉત્સર્ગ અને અપવાદ મુજબનું છે કે નહિ? આગમ તત્ત્વોના, સ્યાદ્‌વાદ સિદ્ધાંતના જાણકાર છે કે નહિ? વગેરે આગમતત્ત્વ ધર્મગુરુનું જોઈને–તપાસીને પછી ધર્મગુરુ તરીકે તેનો સ્વીકાર કરે છે. કેવળ સાધુનું સંયમ, તપ, સ્વાધ્યાય, ધ્યાન, જાપ, ઉગ્ર વિહાર, ગોચરી પાણીની નિર્દોષ ગવેષણા, સમિતિગુપ્તિનું પાલન ન જોતાં તેનું જીવન આગમાનુસારી–જિનાજ્ઞા મુજબનું કેટલું છે તે ખાસ જોવે છે અને સાધુનું જીવન જિનાજ્ઞા મુજબનું લાગે તો જ તે સાધુને ધર્મગુરુ તરીકે સ્વીકારી તેના ચરણ કમળની ભાવથી સેવા કરે છે.

પંડિત પુરુષ નથી ઝટ ઝૂકી જતો સાધુવેશને કે બાહ્ય આચારને. પણ તે વેશ અને આચાર આગમાનુસારી હોય તો જ તે સાધુના ચરણોમાં ઝૂકે છે.

હવે આ અંગેનો વિશેષ વિચાર ક્રમશઃ થશે

ત્રીજું પ્રવચન સમાપ્ત

છે. જે ધર્મશાસ્ત્ર કષ, છેદ અને તાપની પરીક્ષામાં ઉત્તીર્ણ થાય તેનો જ તે સત્ય ધર્મશાસ્ત્ર તરીકે સ્વીકાર કરે છે

કેટલાક ધર્મશાસ્ત્રો કષ પરીક્ષામાં જ ફેઈલ (નાપાસ) થઈ જાય છે, તો કેટલાંક ધર્મશાસ્ત્રો છેદ પરીક્ષામાં ફેઈલ (નાપાસ) થઈ જાય છે, તો કેટલાંક ધર્મશાસ્ત્રો તાપ પરીક્ષામાં ફેઈલ થઈ જાય છે ત્રણે પરીક્ષામાં જે ધર્મશાસ્ત્રો સારી રીતે ઉત્તીર્ણ થાય તેનો જ આ બુધપુરૂષ સ્વીકાર કરે છે. તેને જ સાચા ધર્મ તરીકે સ્વીકારે છે.

કારણ કે ધર્મ–અધર્મની વ્યવસ્થાનું નિયામક ધર્મશાસ્ત્ર છે. પણ ધર્મશાસ્ત્ર જ ખોટું હોય, તેણે કહેલી પ્રતિપાદન કરેલી વસ્તુઓ કલ્પિત હોય, તર્કમાં સંમત થતી ન હોય તો તે ધર્મશાસ્ત્ર ધર્મ–અધર્મનું નિયામક બની શકતું નથી. જેવી જગતની અને જગતના પદાર્થની સ્થિતિ છે–સ્વરૂપ છે તેવું જ સ્વરૂપ બતાવે તે જ સાચું ધર્મશાસ્ત્ર કહેવાય.

ધર્મશાસ્ત્રોએ કહેલી વાતોનું સમર્થન–સંગતિ મળવી જોઇએ. ગમે તેમ ત્યાં તુક્કા કે ટાઢા પહોરનાં ગપ્પાં ન જોઇએ.

જે ધર્મમાં શુદ્ધ નિર્દોષ દેવતત્ત્વ, ગુરુતત્ત્વ અને ધર્મતત્ત્વનું પ્રતિપાદન કરેલું હોય, સમ્યગ્‌દર્શન, સમ્યગ્‌જ્ઞાન અને સમ્યગ્‌ચારિત્રરૂપ મોક્ષમાર્ગનું સ્પષ્ટ પ્રતિપાદન કરેલું હોય તે જ ધર્મ સાચો સમજવો.

ધર્મગુરૂની શોધમાં કે પરીક્ષા કરતાં માત્ર સાધુનો વેશ, વાગ્‌ચાતુર્ય, લેખન શક્તિ, કવિત્વ શક્તિ, મંત્રો તંત્રો કે ચમત્કારો જોવા નહિ જોઇએ. લોકરંજન માટે લોકોને પોતાના ભક્ત બનાવવા, માન પૂજા ખ્યાતી માટે એવા દંભી સાધુઓ ભોળા લોકોને મંત્ર તંત્રો અને ચમત્કારો બતાવીને પોતાને

ત્રીજું લક્ષણ સમભાવમાં રહેલા હોય. શત્રુ-મિત્રમાં, શ્રીમંત-ગરીબમાં, સુખ-દુખમાં. અનુકૂળતા-પ્રતિકુળતામાં, તૃણ-મણિમાં, સોના-પત્થરમાં સમભાવને ધારણ કરનારા હોય.

ચોથું લક્ષણ શુદ્ધ વીતરાગ કથિત ધર્મનો જ લોકોપકાર માટે ઉપદેશ આપનારા ધર્મગુરુ હોય. લોકોમાં જે અર્થકામની વાતો સહજ છે. અને સંસારવર્ધક છે તેનો ઉપદેશ-આદેશ-પ્રેરણા કરનારા ધર્મગુરુ ન હોય મોક્ષદાયક સર્વજ્ઞ પરમાત્માએ બતાવેલા ધર્મનો જ કરુણાભાવથી ઉપદેશ આપે.

આ ચારે લક્ષણો સાચા ધર્મગુરુમાં હોવા જોઇએ. અને આવા ધર્મગુરુની સેવા વિનય કરવાથી સાચા ધર્મની પ્રાપ્તિ થાય છે.

નિઃસ્વાર્થી-નિઃસ્પૃહી સાચા ધર્મગુરુઓ જ જગતને સાચો જીવનરાહ-આત્મકલ્યાણનો માર્ગ બતાવી શકે છે. ઉપદેશના બદલામાં કાંઈ લેવાની જરાયે વૃત્તિવાળા ધર્મગુરુ ન હોવા જોઈએ.

આપણે ધર્મપરીક્ષાના અધિકાર ઉપર વિચારણા શરૂ કરી છે. ધર્મની પરીક્ષા કરવી તે કાંઈ સામાન્ય વાત નથી. જગતની કિંમતિમાં કિંમતિ ગણાતી વસ્તુઓ જેવી કે હીરા પન્ના મોતી સોનું ઝવેરાતની પરીક્ષા કરતાં લાખોગણી કઠીન વાત ધર્મપરીક્ષાની છે.

ભલભલા ભેજાબાજો, મોટા મોટા પંડિત ગણાતા લોકો પણ ધર્મની પરીક્ષા કરવામાં નિષ્ફળ જાય છે. વિવેક શક્તિના વિકાસ વગર, ગુણ-દોષના વિશિષ્ટ વિવેક વગર સાચા ધર્મની પરીક્ષા કરવી દુઃશક્ય છે.

[illegible]

[illegible]

સ્વયં સાંસારિક મોહમાયામાં ફસાયેલો ગુરુ બી શી રીતે તે માયાના બંધનોથી છોડાવી શકવાનો હતો? ... બીજાને છોડાવી શકે. માયાથી મુક્ત ગુરુ જ બીજાને માયાથી મુક્ત કરી શકે. ધર્મગુરુ થઈને ખંડેરામાં જ સાંસારિક પૈસા પત્ની પરિવાર જમીન જાગીરનો મોહ ઠાંસીને ભર્યો હોય તે ધર્મગુરુના ઉપદેશની અસર શ્રોતાઓ ઉપર શી થવાની હતી? આચરણ વગરનો કેવળ ઉપદેશ પાણીમાં પડેલી રેખા જેવો ક્ષણજીવી છે. ધર્મનો ઉપદેશ આપનાર સંપૂર્ણ ચારિત્રશીલ ત્યાગી હોય તો જ શ્રોતાઓના હૃદય સુધી ઉપદેશનું પાણી પહોંચે.

બીજું લક્ષણ છે માધુકરી–ભિક્ષાથી જીવનનિર્વાહ કરનારા. ન જાતે રસોઈ પકાવે, પકાવરાવે કે પોતાના માટે પકાવેલી લે. ગૃહસ્થોએ પોતાના કુટુંબ માટે જે આહારપાણી તૈયાર કરેલાં હોય તેમાંથી થોડુંક થોડુંક દરેક ઘરમાંથી લઈ પોતાના

કન્યાની પરીક્ષા કરવી સહેલી, સારા લક્ષણવંતા ઘોડાની પરીક્ષા કરવી સહેલી, સારા માણસની પરીક્ષા કરવી સહેલી છે, પણ સાચા ધર્મની પરીક્ષા કરવી ઘણીજ કઠીન છે.

ચોરાશીલાખ યોનિઓમાંથી ૯૯-૯૯ લાખ દુર્ગતિઓની યોનીઓ મહાકષ્ટે વટાવી વટાવીને માંડ માંડ માનવભવ સુધી જીવ આવી ગયો. માનવભવ એટલે ધર્મકમાણીનો બજાર. આ માનવભવરૂપી બજારમાં આવીને ધર્મધન જ કમાવું જોઈએ. ધર્મધન ખોવાનું કામ તો થાય જ કેમ? તમે માનવભવરૂપી બજારમાં આવીને ધર્મધન જ કમાયા છો? કે પાપના ગંજ આત્મામાં ખડકયા?

વિષયલોલુપ જીવ પાપકમાણી સિવાય બીજું શું કરે? ધર્મકમાણી માટે વિષયત્યાગ, વિષયવિરાગ જરૂરી છે.

તમને તો માનવભવ ઉપરાંત આર્યદેશ, આર્યકુલ, જૈનકુળ, પાંચે ઇન્દ્રિયોની પરિપૂર્ણતા, મનની સ્વસ્થતા, દીર્ઘાયુ, આરોગ્ય, વીતરાગદેવ, ત્યાગી ગુરુઓ, સર્વજ્ઞ કથિત દયામય ધર્મ, શત્રુંજય, ગીરનાર જેવાં સર્વોત્તમ તીર્થોની સ્પર્શના મળી. આટઆટલી ભવસાગર તરવાની, ધર્મકમાણી કરવાની ઉત્તમ સામગ્રી મળી છે, છતાં જીંદગીના મોટાભાગના વર્ષો શાની સાધના પાછળ ગયા? ધર્મકમાણી પાછળ કે પાપકમાણી પાછળ? તેનો જરા વિચાર તો કરજો.

માનવભવને ઉચિત તમારૂં કર્તવ્ય શું? તેનો ઊંડો વિચાર કદી કર્યો છે ખરો? માનવભવને ઉચિત શું?

ભોગ કે ત્યાગ?

હિંસા કે અહિંસા?

સત્ય કે અસત્ય?

નુકશાનકર્તા પ્રાણીઓનો નાશ કરવો એમાં વળી પાપ શાનું ? એમ ઉપરથી બોલે છે. તો આજકાલ તો બીજા પ્રાણીઓ કરતાં માનવો જ માનવોની કતલ કરે છે તો કાલે તેઓ માનવોને પણ મારી નાંખવાની વાત કરે તો નવાઇ નહિ ?

જગતના માનવોને જેટલું નુકશાન બીજા અજ્ઞાન પ્રાણીઓએ નથી કર્યું તેનાથી લાખોગણું નુકશાન વિદ્વાન ગણાતા ભણેલા માનવીએ કર્યું છે અને કરી રહ્યા છે. પૂર્વ યોજિત ખૂનો, છેતરપીંડી, ઠગાઈ, વિશ્વાસઘાત, લૂંટફાટ વગેરે પાપો કોણ કરે છે ? માનવો કે પશુઓ ? બહેન બેટી માની લાજ લૂંટે છે તે પશુઓ કે માનવો ? માનવો જ ને ? તો કોણ સજાને વધુ પાત્ર ગણાય ? માનવ જ ને ?

પશુ પક્ષીઓની ફરિયાદ સાંભળનાર કોઈ કોર્ટ કચેરી સરકારે સ્થાપી નથી, નહિતર રોજની તે પશુ પક્ષીઓની તે કોર્ટ કચેરીમાં કેટલી બધી ફરિયાદો આવે ? પણ તે બિચારા પશુઓ અબોલા, ગરીબ, અશક્ત એટલે માનવોને જેમ ફાવે તેમ પોતાના સ્વાર્થ ખાતર તેઓની કતલ કરી શકે એમને !

મોટે ભાગે નિર્દોષ પશુ પંખીઓની જ માનવો પોતાના કેવળ સ્વાર્થ માટે ઘોર કતલ કરી નાંખે છે. માંસાહાર વધ્યો એટલે માનવોમાં ક્રૂરતા વધી, કરુણા ગઈ. બુદ્ધિ ભ્રષ્ટ થઈ એટલે આર્ય માનવો પણ અનાર્ય માનવો જેવાં હલકાં કામ કરવા લાગ્યા છે. હલકું ખાય, ન ખાવા લાયક ખાય તેના વિચારો ઉત્તમ–પવિત્ર ક્યાંથી રહેવાના ?

માનવ જાતનું રક્ષણ કે સાચું કલ્યાણ કરવું હોય તો આજના માનવને માનવ ઉચિત શુદ્ધ ખોરાક આપો, જંગલના સિંહ વાઘ જેવો ખોરાક ખાનાર માનવ તે હિંસક પ્રાણીઓ જેવો ક્રૂર બને તેમાં નવાઈ શું ?

પાંચ પચ્ચીસ–પચાસ વર્ષનાં સુખ સગવડો માટે લગભગ આખી જિંદગી આપી દીધી. પણ ભાવિના અનંતકાળના સુખ માટે, સગવડ માટે શું કર્યું ?

પાંચ–પચીસ વર્ષની સુખસગવડ ખાતર તમારે ભવિષ્યનો અનંતો કાળ દુઃખભર્યો ન બનાવશો.

સુખ ખાતર સટોડીઆ ન બનતા. સાચું સુખ જોઈતું હોય તો મળેલું ક્ષણિક સુખ છોડતાં શીખો. ભૌતિક સુખનો **રાગ જ પાપની જડ છે. દુઃખનો દ્વેષ એ દોષોની જડ છે.**

અનંત પુણ્યની રાશીના પ્રભાવે તમને આ બધી ઉત્તમ ભવસાગર તરવાની ઉત્તમ સામગ્રી મળી છે પણ તેની કિંમત નથી. ડૂબતા મનુષ્ય આગળ હોડી સામે આવીને ઊભી છે, છતાં પાગલ તે હોડીની ઉપેક્ષા કરે છે. ધર્મની હોડી તમને ડૂબતા ઉગારી લેવા સામે આવી ઊભી છે છતાં મોહમદિરામાં મસ્ત બનેલો તે હોડીને ઠોકરે મારે છે–ઠેકડી ઉડાડે છે.

જે માનવનું ભવિષ્ય અંધકારમય હોય તેને સારું ન ગમે, સાચા હિતસ્વીની વાત પણ ન રુચે. ત્યાગ, તપ અને વૈરાગ્યનો સારો ઉપદેશ પણ ન ગમે. પણ સાચા ધર્મગુરુઓ તો તમને આત્માના હિતનો જ ઉપદેશ આપવાના.

આજે તમે એક જૈનકુળના પ્રભાવે કેટકેટલા પાપોથી બચી ગયા છો તેની ખબર છે? તમારાથી એક કીડી પણ અજાણતાં મરી જાય છે તો દીલમાં અરેરાટી થઈ જાય છે. જ્યારે બીજા હલકા કુળોમાં જન્મેલાઓને સાપ, વીંછી જેવા પંચેંદ્રિય જીવો મારવામાંયે હૈયામાં જરાયે અરેરાટી થતી નથી. ઉપરથી તે મારવામાં બહાદુરી સમજે છે. માનવોને

શીખવવું પડશે. ઉપકારીના ઉપકારોને યાદ રાખી કૃતજ્ઞી બનવાનું શીખવવું પડશે. સેવાના સાચા પાઠો ભણાવવા પડશે.

શું ખાવું, કેટલું ખાવું, ક્યારે ખાવું, શા માટે ખાવું, વગેરે બાબતો પણ આજના માનવને શીખવવી પડશે.

આવક પ્રમાણે ખર્ચ કરવાનું પણ શીખવવું પડશે.

ખોટા વ્યસનોથી મુક્ત થવાનું પણ શીખવવું પડશે.

દેવ ગુરુ ધર્મની સેવા તરફની પણ વૃત્તિ જગાડવી પડશે. પાપનો ડર, પરલોકની ચિંતા પણ જગાડવી પડશે.

માનવ જીવનનાં ઉચ્ચ મૂલ્યો પણ શીખવવાં પડશે.

હું કોણ ? અને મારું શું ? તેનું જ્ઞાન પણ આપવું પડશે.

એકલું અક્ષરજ્ઞાન આપે કાંઈ નહિ વળે. બી. એ., એમ. એ., સી. એ. ની ડીગ્રીઓ લીધેલા માનવો વધ્યા, પણ દીલની દીલાવરતા ઘટી ગઈ.

માનવનું જીવન ધોરણ ઉંચુ આવ્યું પણ ન્યાય નીતિ અને સદાચારનું ધોરણ ખૂબ નીચે ઉતરી ગયું.

માનવની કિંમત પૈસા પદ પદવીથી થવા માંડી ત્યારથી માનવમાંથી માનવતા વિદાય લેતી ગઈ.

સાચા ધર્મની પરીક્ષાની મૂળ વાત ચાલે છે. હવે સમય ઘણો થઈ ગયો હોવાથી તે અંગેનો વિશેષ વિચાર ક્રમશઃ કરીશું–

ચોથું પ્રવચન સમાપ્ત

આજના [illegible] પણ માનવના આત્માના સાચા ઉપયોગ તરફ આંખમિંચામણાં કરે છે. કારણ સાચા કાર્ય કશી ન બને.

ઉપનિષદમાં પણ કહ્યું છે કે :

આહારશુદ્ધૌ સત્ત્વશુદ્ધિઃ ।

આહારની શુદ્ધિમાં સત્ત્વ શુદ્ધિ રહેલ છે. સત્ત્વશુદ્ધિથી જ સાચો ધર્મ થાય છે. માટે સાચા ધર્મના અર્થીએ આહાર શુદ્ધિ માટે પણ ધ્યાન આપવું પડશે. માનવના માટે આહાર ઉપરાંત તેના વાંચન, સહવાસ, દર્શન રહનસહન અને દિન-ચર્યાનો પણ વિચાર કરવો પડશે.

આજના માનવને સાચો માનવ બનાવવા શુદ્ધ શાકાહારી આહાર, હોટેલ અને રેસ્ટોરેનાં હલકાં ખાનપાન બંધ કરાવવાં પડશે. અશ્લિલ સાહિત્ય પડાવી લેવું પડશે. સિનેમાગૃહો બંધ કરવાં પડશે. સહશિક્ષણ બંધ કરવું પડશે. સાદાઈ, પરિશ્રમ, પરોપકાર, દયા, દાન, સદાચાર અને તપ ત્યાગના નવા જીવન પાઠો શીખવવા પડશે.

ન્યાયનીતિ અને પ્રમાણિકતાથી જીવન જીવતાં શીખવવું પડશે. માતાપિતા, કલાચાર્ય અને ધર્મગુરુઓની પૂજા–સત્કાર કરવાનું શીખવવું પડશે.

દીનદુઃખીને મદદ કરવાનું શીખવવું પડશે.

થોડામાંથી થોડું પણ આપતાં શીખવવું પડશે. ખવડાવીને ખાતાં શીખવવું પડશે. પડતાને ઊભા કરવાનું શીખવવું પડશે. ચઢતાને પાડે નહિ, તેના પાઠ ભણાવવા પડશે.

હરામનું ખાવું નહિ, જેનું ખાધું તેનું લૂણ વાળવાનું

પ્રશ્ન :—શાસ્ત્રની કષ પરીક્ષા કરવી એટલે શું ?

જવાબ :—શાસ્ત્રે પોતે બતાવેલા વિધિનિષેધોમાં પરસ્પર વિરોધ તો નથી આવતો ને ? તેની તપાસ કરવી તેને કષ પરીક્ષા કહેવાય છે. એક બાજુ 'मा हिंस्यात् सर्व भूतानि' એમ કહી અહિંસાનું સ્પષ્ટ પ્રતિપાદન કર્યું અને બીજી બાજુ 'स्वर्गकामो यजेत्' સ્વર્ગની ઇચ્છાવાળાએ યજ્ઞ કરવો. ભલે પછી તે યજ્ઞમાં પશુવધ થતા હોય તો પણ વાંધો ન બતાવ્યો. આનું નામ વદતો વ્યાઘાત કહેવાય.

શાસ્ત્રના વિધિનિષેધ વાક્યોમાં પરસ્પર વિરોધ આવ્યો. એક બાજુ અહિંસાનું વિધાન અને બીજી બાજુ તેજ શાસ્ત્રમાં હિંસક યજ્ઞો કરવામાં સ્વર્ગપ્રાપ્તિ બતાવી હિંસાનું સમર્થન કર્યું. માટે આવા શાસ્ત્રો કષ પરીક્ષામાંજ નાપાસ થાય છે.

પ્રશ્ન:–શાસ્ત્રની છેદ પરીક્ષા એટલે શું ? શાસ્ત્રમાં બતાવેલા વિધિ–નિષેધ તો બરાબર હોય, પણ તે વિધિ–નિષેધનું યોગ-ક્ષેમ કરનાર પુષ્કળ આચારપાલન ન બતાવ્યું હોય તો તે શાસ્ત્ર છેદ પરીક્ષામાં ઉડી જાય છે.

દાખલા ત. અહિંસાનું વિધાન કર્યું અને હિંસાનો નિષેધ તો કર્યો. પણ અહિંસાનું પાલન થાય એવી ક્રિયાઓ, એવું નિર્દોષ અહિંસક જીવન જીવવાની પદ્ધતિ ન બતાવેલી હોય, હિંસક ધંધા, હિંસક કામોથી બચવાના સાચા રસ્તા બતાવેલા ન હોય તો કેવળ વિધિ નિષેધ બતાવવાનો બહુ અર્થ સરતો નથી.

જેમ આપણે ત્યાં અહિંસાનું વિધાન કર્યું તો સાથે સાથે સમિતિ ગુપ્તિનું પાલન, વ્રત નિયમોનું પાલન પણ બતાવ્યું.

પ્રકરણ ત્રીજું



પ્રથમ પ્રકરણમાં ધર્મપરીક્ષાનો અધિકાર ચાલી રહ્યો છે. સાચા ધર્મની પરીક્ષા કરતાં પહેલાં જેમ ગયા પ્રકરણના વ્યાખ્યાનમાં ધર્મગુરુના લક્ષણનો વિચાર કર્યો, તેમ ધર્મનું પ્રતિપાદન કરનારા ધર્મશાસ્ત્રોની પણ પરીક્ષા કરવી જોઈએ.

કહ્યું છે કે—

धर्माधर्मव्यवस्थायाः शास्त्रमेव नियामकम् ।

ધર્મ-અધર્મની વ્યવસ્થાનું નિયામક શાસ્ત્ર છે. એટલે આને ધર્મ કહેવાય અને આને અધર્મ કહેવાય તેની સમજ આપનાર શાસ્ત્ર છે. માટે શાસ્ત્રની પણ પરીક્ષા કરી લેવી, જેથી ધર્મની પરીક્ષા કરવાનું સરળ બની જાય.

જેમ સોનાની પરીક્ષા ત્રણ રીતે થાય છે. કષ, છેદ અને તાપથી. સોનું સાચું છે કે ખોટું તેની ચકાસણી કરવા પ્રથમ તો તેને કસોટીના પત્થર ઉપર ઘસવામાં આવે છે. કષ પરીક્ષામાં કદાચ ઉત્તીર્ણ થઇ ગયું પણ અંદરમાં ગોટાળો દેખાય તો તે સોનાને કાપે-છેદે. તેમાંથીએ કદાચ પસાર થઈ ગયું તો પણ આખરી પરીક્ષા માટે તેને અગ્નિમાં નાંખે છે. તેમાં જો જરાયે ઝાંખું ન પડે અને ઉપરથી તેનો ચળકાટ વધે તો આ સોનું સો ટચનું છે એમ સાબિત થાય છે, એમ શાસ્ત્રની પરીક્ષાની પણ ત્રણ રીત જ્ઞાનીઓએ બતાવી છે. કષ, છેદ અને તાપથી શાસ્ત્રની પણ બરાબર પરીક્ષા કરી લેવી.

પ્રશ્ન ૧—શાસ્ત્રની કષ પરીક્ષા કરવી એટલે શું ?

જવાબ :—શાસ્ત્રે પોતે બતાવેલા વિધિનિષેધોમાં પરસ્પર વિરોધ તો નથી આવતો ને ? તેની તપાસ કરવી તેને કષ પરીક્ષા કહેવાય છે. એક બાજુ 'मा हिंस्यात् सर्व भूतानि' એમ કહી અહિંસાનું સ્પષ્ટ પ્રતિપાદન કર્યું અને બીજી બાજુ 'स्वर्गकामो यजेत्' સ્વર્ગની ઇચ્છાવાળાએ યજ્ઞ કરવો. હવે પછી તે યજ્ઞમાં પશુવધ થતા હોય તો પણ વાંધો ન બતાવ્યો. આનું નામ વદતો વ્યાઘાત કહેવાય.

શાસ્ત્રના વિધિનિષેધ વાક્યોમાં પરસ્પર વિરોધ આવ્યો. એક બાજુ અહિંસાનું વિધાન અને બીજી બાજુ તેજ શાસ્ત્રમાં હિંસક યજ્ઞો કરવામાં સ્વર્ગપ્રાપ્તિ બતાવી હિંસાનું સમર્થન કર્યું. માટે આવા શાસ્ત્રો કષ પરીક્ષામાં જ નાપાસ થાય છે.

પ્રશ્ન:—શાસ્ત્રની છેદ પરીક્ષા એટલે શું ? શાસ્ત્રમાં બતાવેલા વિધિ-નિષેધ તો બરાબર હોય, પણ તે વિધિ-નિષેધનું યોગ-ક્ષેમ કરનાર પુષ્કળ આચારપાલન ન બતાવ્યું હોય તો તે શાસ્ત્ર છેદ પરીક્ષામાં ઉડી જાય છે.

દાખલા ત. અહિંસાનું વિધાન કર્યું અને હિંસાનો નિષેધ તો કર્યો. પણ અહિંસાનું પાલન થાય એવી ક્રિયાઓ, એવું નિર્દોષ અહિંસક જીવન જીવવાની પદ્ધતિ ન બતાવેલી હોય, હિંસક ધંધા, હિંસક કામોથી બચવાના સાચા રસ્ત બતાવેલા ન હોય તો કેવળ વિધિ નિષેધ બતાવવાનો બહુ અ સરતો નથી.

જેમ આપણે ત્યાં અહિંસાનું વિધાન કર્યું તે સમિતિ ગુપ્તિનું પાલન, વ્રત નિયમોનું પાલન

પ્રવચન પાંચમું



પ્રથમ ષોડશકમાં ધર્મપરીક્ષાનો અધિકાર ચાલી રહ્યો છે. સાચા ધર્મની પરીક્ષા કરતાં પહેલાં જેમ ગઇકાલના વ્યાખ્યાનમાં ધર્મગુરુના લક્ષણનો વિચાર કર્યો, તેમ ધર્મનું પ્રતિપાદન કરનારા ધર્મશાસ્ત્રોની પણ પરીક્ષા કરવી જોઈએ.

કહ્યું છે કે—

धर्माधर्म व्यवस्थायाः शास्त्रमेव नियामकम ।

ધર્મ-અધર્મની વ્યવસ્થાનું નિયામક શાસ્ત્ર છે. એટલે આને ધર્મ કહેવાય અને આને અધર્મ કહેવાય તેની સમજ આપનાર શાસ્ત્ર છે. માટે શાસ્ત્રની પણ પરીક્ષા કરી લેવી, જેથી ધર્મની પરીક્ષા કરવાનું સરળ બની જાય.

જેમ સોનાની પરીક્ષા ત્રણ રીતે થાય છે. કષ, છેદ અને પથી. સોનું સાચું છે કે ખોટું તેની ચકાસણી કરવા પ્રથમ ને કસોટીના પત્થર ઉપર ઘસવામાં આવે છે. કષ પરી કદાચ ઉત્તીર્ણ થઇ ગયું પણ અંદરમાં ગોટાળો દેખાય સોનાને કાપે-છેદે. તેમાંથીએ કદાચ પસાર થઈ ગયું આખરી પરીક્ષા માટે તેને અગ્નિમાં નાંખે છે. તેમાં ઝાંખું ન પડે અને ઉપરથી તેનો ચળકાટ વધે તો સો ટચનું છે એમ સાબિત થાય છે, એમ શાસ્ત્રની પણ ત્રણ રીત જ્ઞાનીઓએ બતાવી છે. કષ, છેદ શાસ્ત્રની પણ બરાબર પરીક્ષા કરી લેવી.

પ્રશ્ન :—શાસ્ત્રની કષ પરીક્ષા કરવી એટલે શું ?

જવાબ :—શાસ્ત્રે પોતે બતાવેલા વિધિનિષેધોમાં પરસ્પર વિરોધ તો નથી આવતો ને ? તેની તપાસ કરવી તેને કષ પરીક્ષા કહેવાય છે. એક બાજુ 'मा हिंस्यात् सर्वं भूतानि' એમ કહી અહિંસાનું સ્પષ્ટ પ્રતિપાદન કર્યું અને બીજી બાજુ 'स्वर्गकामो यजेत्' સ્વર્ગની ઇચ્છાવાળાએ યજ્ઞ કરવો. ભલે પછી તે યજ્ઞમાં પશુવધ થતા હોય તો પણ વાંધો ન બતાવ્યો. આનું નામ વદતો વ્યાઘાત કહેવાય.

શાસ્ત્રના વિધિનિષેધ વાક્યોમાં પરસ્પર વિરોધ આવ્યો. એક બાજુ અહિંસાનું વિધાન અને બીજી બાજુ તેજ શાસ્ત્રમાં હિંસક યજ્ઞો કરવામાં સ્વર્ગપ્રાપ્તિ બતાવી હિંસાનું સમર્થન કર્યું. માટે આવા શાસ્ત્રો કષ પરીક્ષામાંજ નાપાસ થાય છે.

પ્રશ્નઃ–શાસ્ત્રની છેદ પરીક્ષા એટલે શું ? શાસ્ત્રમાં બતાવેલા વિધિ–નિષેધ તો બરાબર હોય, પણ તે વિધિ–નિષેધનું યોગ-ક્ષેમ કરનાર પુષ્કળ આચારપાલન ન બતાવ્યું હોય તો તે શાસ્ત્ર છેદ પરીક્ષામાં ઉડી જાય છે.

દાખલા ત. અહિંસાનું વિધાન કર્યું અને હિંસાનો નિષેધ તો કર્યો. પણ અહિંસાનું પાલન થાય એવી ક્રિયાઓ, એવું નિર્દોષ અહિંસક જીવન જીવવાની પદ્ધતિ ન બતાવેલી હોય, હિંસક ધંધા, હિંસક કામોથી બચવાના સાચા રસ્તા બતાવેલા ન હોય તો કેવળ વિધિ નિષેધ બતાવવાનો બહુ અર્થ સરતો નથી.

જેમ આપણે ત્યાં અહિંસાનું વિધાન કર્યું તો સાથે સાથે સમિતિ ગુપ્તિનું પાલન, વ્રત નિયમોનું પાલન પણ બતાવ્યું.

પ્રવચન પાંચમું



પ્રથમ ષોડશકમાં ધર્મપરીક્ષાનો અધિકાર ચાલી રહ્યો છે. સાચા ધર્મની પરીક્ષા કરતાં પહેલાં જેમ ગઈકાલના વ્યાખ્યાનમાં ધર્મગુરુના લક્ષણનો વિચાર કર્યો, તેમ ધર્મનું પ્રતિપાદન કરનારા ધર્મશાસ્ત્રોની પણ પરીક્ષા કરવી જોઈએ.

કહ્યું છે કે—

धर्माधर्म व्यवस्थायाः शास्त्रमेव नियामकम् ।

ધર્મ–અધર્મની વ્યવસ્થાનું નિયામક શાસ્ત્ર છે. એટલે આને ધર્મ કહેવાય અને આને અધર્મ કહેવાય તેની સમજ આપનાર શાસ્ત્ર છે. માટે શાસ્ત્રની પણ પરીક્ષા કરી લેવી, જેથી ધર્મની પરીક્ષા કરવાનું સરળ બની જાય.

જેમ સોનાની પરીક્ષા ત્રણ રીતે થાય છે. કષ, છેદ અને તાપથી. સોનું સાચું છે કે ખોટું તેની ચકાસણી કરવા પ્રથમ તો તેને કસોટીના પત્થર ઉપર ઘસવામાં આવે છે. કષ પરીક્ષામાં કદાચ ઉત્તીર્ણ થઇ ગયું પણ અંદરમાં ગોટાળો દેખાય તો તે સોનાને કાપે–છેદે. તેમાંથીએ કદાચ પસાર થઈ ગયું તો પણ આખરી પરીક્ષા માટે તેને અગ્નિમાં નાંખે છે. તેમાં જો જરાયે ઝાંખું ન પડે અને ઉપરથી તેનો ઝળકાટ વધે તો આ સોનું સો ટચનું છે એમ સાબિત થાય છે, એમ શાસ્ત્રની પરીક્ષાની પણ ત્રણ રીત જ્ઞાનીઓએ બતાવી છે. કષ, છેદ અને તાપથી શાસ્ત્રની પણ બરાબર પરીક્ષા કરી લેવી.

પ્રશ્ન :–શાસ્ત્રની તાપ પરીક્ષા એટલે શું ?

જવાબ :–આચારના આધારભુત સિદ્ધાંતો શાસ્ત્રમાં કેવા બતાવેલા છે તેની ચકાસણી કરવી તેને તાપ પરીક્ષા કહેવાય છે.

સિદ્ધાંત સાચો હોય તો જ આચારની સત્યતા સમજવી. સિદ્ધાંતના મજબુત પાયા ઉપર જ આચારનો મજબુત મહેલ ચણાય છે. પણ સિદ્ધાંતરૂપી પાયો જ ખોટો હોય, કાચો હોય તો તેના ઉપર ચણેલો મોટા આચારના મહેલને પણ તૂટી પડતાં વાર નહિ. માટે શાસ્ત્રમાં કેવા સિદ્ધાંતો બતાવેલા છે તે જોવું.

દા. ત. આત્મા સર્વવ્યાપી છે, આવો વેદાંતીએ સિદ્ધાંત સ્થાપ્યો.

હવે જો આત્મા સર્વવ્યાપી એટલે સર્વત્ર હોય તો પછી જીવની ગતિ અને આગતિ ઘટી શકે નહિ. બંધ અને મોક્ષની વ્યવસ્થા પણ ઉડી જાય. જેમ આત્મા સંસારમાં છે તેમ મોક્ષમાં પણ છે જ. તો પછી સંસારમાંથી મોક્ષમાં જવાની જરૂર જ કયાં ઊભી થાય છે ?

જેમ આત્મા સ્વર્ગમાં છે તેમ નરકમાં છે. પણ પછી એકસાથે આત્માને સ્વર્ગના સુખનો અને નરકના ઘોર દુઃખનો અનુભવ થવો જોઇએ.

પછી સ્વર્ગમાં કે મોક્ષમાં જવા તપ ત્યાગ વ્રતનિયમોના પાલનની પણ જરૂર રહેતી નથી. કારણ કે આત્મા સર્વવ્યાપી હોવાથી સ્વર્ગમાંયે છે અને મોક્ષમાંયે છે જ તો પછી ત્યાં જવાનું શું ?

આમ આવો ખોટો સિદ્ધાંત સ્વીકારવાથી આચારપાલનની વાત જ ઊડી જાય છે; માટે કહ્યું કે શાસ્ત્રે પ્રતિપાદન કરેલા

જેથી અહિંસાનું પાલન બની શકે. સાધુની ગોચરીની ગવેષણામાં પણ કેટલી બધી જયણા તાળવવાનું જણાવેલું છે?

કાચા પાણીવાળા હાથથી ગોચરી પાણી વહોરાવે તો સાધુએ લેવું નહિ, કાચી વનસ્પતિ ઉપર વસ્તુ ઉઠાવીને વહોરાવે તો પણ સાધુએ લેવી નહિ, સળગતા ચુલા ઉપરથી લઈને વહોરાવે તો પણ સાધુએ લેવું નહિ.

અનાજ દળતી, પીસતી, વીણતી બાઈના હાથે ગોચરી વહોરવી નહિ. પોતાના નિમિત્તે બનાવેલાં આહારપાણી લેવાં નહિ.

અંધારૂં હોય ને દીવો કરીને સાધુને વહોરાવે તો પણ સાધુએ વહોરવું નહિ.

બાઇ ગર્ભવંતી હોય અને છેલ્લો મહિનો જતો હોય તો બેઠેલી ઊભી થઈને કે ઊભી થયેલી બેસીને વહોરાવે તો પણ લેવું નહિ. ગર્ભના જીવને અને ગર્ભવંતી બાઈને બેસ ઊઠ કરવાથી પીડા થાય માટે સામે ઉપાશ્રયે લાવીને સાધુને વહોરાવે તો પણ સાધુ વહોરે નહિ.

એમ સાધુ સ્થંડીલ ભૂમી જાય (સંડાશ જવા) ત્યાં પણ કેટકેટલી સાવધાની જ્ઞાનીઓએ આપી છે. માત્રુ, ઠલ્લો, પાણી ક્યાં પરઠવવાં, કેવી જગ્યા ઉપર, કેવી રીતે પરઠવવાં વગેરે અનેક સૂક્ષ્મ જીવરક્ષા માટેના ઉપાયો જિનાગમોમાં વિસ્તારથી સમજાવેલા છે.

અહિંસાની કેવળ શાબ્દિક વાતોથી ન ચાલે, પણ જીવનમાં તેનો સક્રિય અમલ કરવા માટે વિવિધ ઉપાયો બતાવેલા પણ હોવા જોઇએ. જૈનધર્મનો સૂક્ષ્મ અભ્યાસ ગુરુગમથી કરવાથી સાચો ધર્મ કેવો હોય તેની ખબર પડશે.

પ્રવચન છઠ્ઠું



बालो ह्यसदारंभो मध्यमबुद्धिस्तु मध्यामाचारः ।
ज्ञेय इह तत्त्वमार्गे बुधस्तु मार्गानुसारी यः॥ ३ ॥

પૂજ્યપાદ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા પ્રથમ ષોડશકના ત્રીજા શ્લોકની અંદર બાલ મધ્યમ અને બુધ (પંડિત) જનોનું સ્વરૂપ બતાવે છે.

બાલ જીવ અસદ્‌આરંભી હોય છે. શાસ્ત્રમાં જે વાતનો નિષેધ કરેલો હોય તેને આચરે છે. મધ્યમજીવ ગુરુલાઘવના વિચાર વગર, આગમાનુસારીજ મારે ક્રિયા કરવી જોઈએ એવા આગ્રહ વગર આગમનિરપેક્ષ થોડીક ધર્મક્રિયાઓ કરે, થોડોક સદાચાર આચરે છે. આ મધ્યમ બુદ્ધિવાળો જીવ આગમના તાત્પર્યનો વિચાર કરનારો નથી હોતો.

આચારનો પ્રેમ ખરો, પણ આગમ ઉપર જોઈએ એવો પ્રેમ નથી હોતો. જૈનશાસનની સંઘની ઉન્નતિ થાય એવાં કાર્યો કરતો નથી. ફક્ત અમુક આચાર પાળી લઈ સંતોષ માનનારો આ મધ્યમબુદ્ધિ જીવ હોય છે.

જ્યારે બુધ પુરુષ તો આગમના પરમાર્થને સમજી આગમાનુસારી ક્રિયાઓ કરીને શાસનની ઉન્નતિ કરનારો હોય છે. માર્ગાનુસારી હોય છે, દરેક પ્રવૃત્તિમાં આગમને આગળ કરીને ચાલનારો હોય છે. લોકહેરી, લોકસંજ્ઞાનો ત્યાગી હોય છે.

સિદ્ધાંતોને પણ તર્કની એરણ ઉપર ચઢાવી કસોટી કરી લેવી જોઇએ.

આ તાપ પરીક્ષામાં જે શાસ્ત્ર ઉત્તીર્ણ થાય તેજ શાસ્ત્ર સાચું સમજવું. અને તે પછી શાસ્ત્રાધારે સાચા ધર્મનું સ્વરૂપ સાચા ગુરુ પાસે સાંભળવું અને ધર્મના મર્મને જાણી ધર્મની સૂક્ષ્મ પરિભાષા સમજીને તેનું યથાશક્તિ પાલન કરવામાં તત્પર બનવું.

કેવળ ધર્મની સૂક્ષ્મ જાણકારીથી આત્માનો ઉદ્ધાર ન થાય, પણ તેના સમ્યગ્ પાલનથી આત્માનો ઉદ્ધાર થાય. કેવળ દવાના જ્ઞાનથી કે શ્રદ્ધાથી રોગ ન જાય, પણ દવા ખાવી પડે, કુપથ્ય છોડવું પડે, પથ્યનું બરાબર પાલન કરવું પડે. એમ ધર્મઔષધની એકલી શ્રદ્ધા કે જાણકારી મેળવી લેવાથી કર્મ-રોગ ન જાય પણ સાથે સાથે પાપરૂપી કુપથ્યનો ત્યાગ, કલ્યાણ-મિત્રનો સમાગમ કરવારૂપ પથ્યના પાલન સાથે ધર્મ અહિંસા સંયમ અને તપરૂપી ધર્મઔષધ ખાવાથી કર્મરોગથી સદા માટે મુક્ત થવાય.

આવી રીતે શાસ્ત્રની કષ છેદ અને તાપથી બરાબર પરીક્ષા કરીને જો તે શાસ્ત્ર સાચું લાગે તો તે શાસ્ત્ર ઉપર પૂર્ણ વિશ્વાસ મૂકીને તે શાસ્ત્રના આદેશ મુજબ ધર્મનું સ્વરૂપ સમજી શ્રદ્ધાપૂર્વક તે ધર્મનું પાલન કરવાથી જન્મમરણનો નાશ થશે. આત્મા પછી સદા માટે અજર અમર બની પૂર્ણા-નંદી બની જશે.

હવે પછી પ્રથમ ષોડશકના ત્રીજા શ્લોકનો વિચાર કરીશું. બાકી હવે આજે નહિ.

...સર્વ મંગલ માંગલ્યં...

ભાજીપાલો મેવો વગેરે ન ખવાય, કર્માદાનના–પાપબહુલ–આરંભબહુલ ધંધા શ્રાવકથી ન થાય, ધંધામાં અનીતિ–અન્યાય ન કરાય, છેતરપીંડી, દાણચોરી, ચોરીનો માલ જાણીને લેવાનું વગેરે ન કરાય. પણ આપણાથી તો આ બધું કાંઇ પળાય નહિ. એ તો સંસારમાં બેઠા એટલે બધુંજ કરવું પડે. મહારાજ તો ત્યાગ વૈરાગ્યની, વ્રતનિયમની વાતો કરે, સંસાર અસાર છે, દીક્ષામાં સાર છે 'એમ બધું કહે' આપણે આ કાનથી સાંભળી બીજા કાનથી કાઢી નાંખવાનું.

આ બધું કાંઇ આપણાથી થાય નહિ એ તો જે કરતા હોઇએ તે કર્યા કરવાનું. બહુ મહારાજની અને શાસ્ત્રોની વાતો સાંભળી બહુ લક્ષ આપીએ તો પછી સંસાર ચાલે નહિ. આજે ભાઇ દેશકાળ બધો ફરી ગયો છે. હવે આ યુગપુરાણી શાસ્ત્રોની વાતો આ જમાનામાં કેમ ચાલે? એ તો ધન ધંધા માટે રાત્રીભોજન પણ કરવું પડે, બહાર ફરવાનું બહુ રહે છે માટે લોજ વગેરેમાં બહાર ખાવુંયે પડે ત્યાં પછી કંદમૂળનો વિચાર રાખે કેમ બને? દ્વિદળ તો હવે જમતાં થઇયે જાય. આવું ઝીણું ઝીણું કાંતવા જઇએ તો કાંઈ સંસાર ચાલે નહિ, ધંધો વેપાર ચાલે નહિ આ જમાનામાં વેપારમાં બહુ ન્યાય નીતિનો વિચાર કરવા જઈએ તો ભૂખે મરીએ. એ તો જેમ ચાલતું હોય તેમ ચાલવા દેવાનું. જેમ તમારામાં આવા ખાલછીવો હોય છે તેમ અમારામાં પણ હોય. શાસ્ત્રે સાધુ–સાધ્વીની સંયમ રક્ષા–વૃદ્ધિ માટે દોષિત આહાર પાણી વગેરે નિષેધ કરેલો છે. છતાં નિષ્કારણે વારંવાર રસના સ્વાદ માટે

[illegible]

[illegible] પરિણામ શુભ હોય એવી પ્રવૃત્તિ કરે છે. [illegible] એવી પ્રવૃત્તિ કરનારો હોય છે.

આ રીતે સામાન્યતઃ બાલ મધ્યમ અને [illegible] સ્વરૂપ આપણે જોયું.

આવા બુદ્ધિવિકલ બાલ જીવો તમારામાંયે હોય અને અમારામાંયે હોય. શાસ્ત્ર નિષિદ્ધ કરેલી–મનાઈ કરેલી પાપક્રિયાઓ કરતો હોય તો એવો જીવ બાલની કોટીમાં આવે. હું આ શાસ્ત્રવિરુદ્ધ પ્રવૃત્તિ કરીશ તો મને પાપ લાગશે, મારો પરલોક બગડશે, સંસારવૃદ્ધિ થશે એવો લગભગ આ બાલજીવને ભય જ નથી હોતો.

શાસ્ત્રની વાતો ઉપર શ્રદ્ધા નથી હોતી. શાસ્ત્ર તો કહે, ગુરુ મહારાજ તો કહે કે કંદમૂળ ન ખવાય, રાત્રીભોજન ન કરાય, દ્વિદળ ન ખવાય, વાસી ભોજન ન કરાય, ચોમાસામાં

બોલે, બોલ્યા પછી તેનો પ્રશ્ચાતાપ પણ ન કરે, આલોચના પ્રાયશ્ચિત પણ ન કરે, ઉપરથી પોતાની વાતને નિર્દોષ ઠરાવવા સૂત્રોના અર્થો મરડી નાંખે. ઊંધા અર્થો કરે, શિષ્ટપુરુષો (ગીતાર્થપુરુષો) કહે કે 'તું શાસ્ત્રવિરુદ્ધ પ્રરૂપણા કરે છે બંધ કર' તો તેઓની સામે પણ યદ્વા તદ્વા બોલી બફારા કાઢી તેઓનું અપમાન કરે, તેઓની વિરુદ્ધ કાર્યવાહી કરે તો સમજવું કે આ સાધુ બાલજીવની કોટીમાં છે.

લગભગ આ બાલજીવે પરલોકનો ડર, પાપનો ડર, વિરાધનાનો ડર મૂકી દીધો હોય છે. માતેલા સાંઢની માફક ગમેતેમ શાસ્ત્ર વિરુદ્ધ પ્રવૃત્તિઓ કર્યા કરતો હોય છે. હિતસ્વીઓની હિતશિક્ષા સાંભળવાની લાયકાત પણ ગુમાવી નાંખી હોય છે. આ બાલજીવ લગભગ અપ્રજ્ઞાપનીય હોય છે. આવા બાલજીવોના સમાગમમાં આવનારા માણસોના પણ જીવન બગાડે છે. ધર્મશ્રદ્ધાથી ભ્રષ્ટ કરે છે. શાસ્ત્ર વિરુદ્ધ અસમંજશ આ બાલજીવની પ્રવૃત્તિ જોઈને નવા ધર્મમાં જોડાયેલા ભોળા જીવો ધર્મથી વિમુખ બની જાય છે. લોકલજ્જા, લોકાપવાદનો ભય લગભગ આ બાલજીવમાંથી નીકળી ગયો હોય છે. લોકવિરુદ્ધ, પરલોક વિરુદ્ધ કાર્યો કરવામાં લગભગ મશગુલ રહે છે ભલે પછી કદાચ આવો જીવ દહેરાસર ઉપાશ્રય જતો–આવતો હોય, ધર્મની ક્રિયાઓ કરતો દેખાતો હોય, સાધુ હોય તો ધર્મનો ઉપદેશ પણ પાટ ઉપરથી ધમધોકાર લોકોને આપતો હોય પણ એમાં પોતાને કાંઈ લેવાદેવા ન હોય. માત્ર 'પરોપદેશે પાંડિત્યં' જેવી દશા હોય છે.

લોકોમાં પૂજાવા ખાતર થોડો ઘણો બાહ્ય આચાર પાળે ખરો પણ હૃદય શૂન્ય હોય. અંતઃકરણ મલીન હોય, ગુણદ્વેષી હોય, સ્વોત્કર્ષ અને પર અપકર્ષ કરવાંમાં પાવરધો હોય છે.

પ્રવચન સાતમું



ગઈકાલના પ્રવચનમાં આપણે બાલજીવના સ્વરૂપનો વિચાર કર્યો. હવે આજે મધ્યમબુદ્ધિ જીવનો વિચાર કરવાનો છે. બાલજીવની અપેક્ષાએ આ મધ્યમબુદ્ધિ જીવમાં વિશેષ વિવેક શક્તિનો વિકાસ થયેલો હોવાથી ઠીક ઠીક સદાચારોનું પાલન કરે છે, વ્રત નિયમોનું પાલન કરે છે. પણ ગુરુલાઘવના વિચાર વગરનો હોવાથી શક્તિ ઉપરાંત પણ તપ જપ વ્રત કરે છે. બીજા ધર્મયોગોને–સંયમયોગોને બાધા પહોંચાડીને તપ જપ ધ્યાન સ્વાધ્યાય વગેરે કરે છે. જિનાજ્ઞાનો કે શાસ્ત્રાજ્ઞાનો બહુ વિચાર કરનારો હોતો નથી. બસ મનમાની રીતે આપમતીએ વ્રત તપ જપ ધ્યાન સંયમ વગેરેનું પાલન કરે, પણ જિનાજ્ઞાની ખાસ વફાદારી રાખે નહિ.

આગમ, આગમ પુરુષ, ઉપકારી ગુરુને આધીન જેની મતિ નથી તે આત્મા ભવની જડ ઉખાડવા સમર્થ બની શકતો નથી. ભલે પછી કષ્ટક્રિયાઓ ખૂબ કરે, ઘોર તપ તપે, આતાપનાઓ લે, ઉગ્ર વિહારો કરે, મોટાં મોટાં દાન આપે, વ્રત નિયમો પાળે, ઉપધાન, ઉજમણાં સંઘ કાઢે, તીર્થ યાત્રાઓ કરે, મંત્ર જાપ કરે, મૌન પાળે, ગુફામાં બેસી ધ્યાન ધરતો હોય, પણ જિનાજ્ઞાની વફાદારી નથી, જિનાજ્ઞાનો પ્રેમ નથી તો તે પાળેલા સદાચારનું બહુ મૂલ્ય નથી બાલજીવની જેમ આના જીવનમાં નિષિદ્ધ વસ્તુનું બહુ આચરણ

વારંવાર સ્વપ્રશંસા અને પરનિંદા કરવાની તો તેનામાં ભારે કુટેવ હોય છે. દંભ માયાચાર તો તેના લોહીના અણુઅણુમાં વ્યાપી ગયેલો હોય છે. લગભગ બગભગત જેવો હોય છે. આત્મકલ્યાણની તેને ખાસ કાંઈ પડી નથી હોતી. જડ વિષયોમાં લગભગ લુબ્ધ હોય છે.

માન, મદ, અહંકાર, ક્ષુદ્રતા તો તેના જીવનના સાથી હોય છે. ખોટા દેખાવ કરવામાં હોંશિયાર હોય છે. સારા ગુણવાન પુરુષના પણ અવર્ણવાદ કરતો હોય છે. સંઘ શાસનના ઉત્કર્ષની તેને કાંઈ પડી નથી હોતી. પોતાના અંગત વ્યક્તિત્વની ખીલવણી માટે ખૂબ મથતો હોય છે. ઉપકારીઓ ઉપર પણ અપકાર કરનારો કૃતઘ્ની હોય છે. બીજાની ચઢતીમાં દુઃખી થનારો, બીજાની પડતીમાં ખુશી થનારો આ બાલ જીવ હોય છે. લગભગ આ બાલજીવમાં મૌલિક ગુણોની મુખ્ય ખામી હોય છે. આ બાલજીવની ધર્મક્રિયાઓ પણ કુલટા સ્રીના ઉપવાસ જેવી હોય છે.

ગુરુ સાથે, શાસ્ત્ર સાથે, સંઘ સાથે, શાસન સાથે લગભગ તેને લેવાદેવા કાંઈ હોતું નથી. તેને માત્ર પોતાની મોટાઈ વડાઈ બડાઈનીજ પડી હોય છે.

બસ લોકો મને સારો કહે એટલા માટે દેખાવ પૂરતી થોડીક દાનાદિ ક્રિયાઓ કરે. સંયમ ક્રિયાઓ કરે પણ આત્મોન્નતિ માટે નહિ.

હવે મધ્યમબુદ્ધિ જીવ કેવો હોય છે, તેનું જીવન કેવું હોય છે તેનો હવે પછી વિચાર કરીશું–

....સર્વમંગલ માંગલ્યં....

જીવો અપરિણત અને અતિપરિણત હોય છે, પણ પરિણત નથી હોતા. દેશકાળ સંઘયણાદિને જોયા વગર એમને એમ ઝૂકાવે રાખે છે પરિણામ શું આવશે તેનો બહુ વિચાર નથી કરતા.

જ્યારે બુધ (પંડિત) પુરૂષ તો આગમને આગળ કરીને ચાલનારો હોય છે. આગમ, આગમપુરૂષો, પોતાના ગુરુ-મહારાજ, સંઘ, શાસન, સાધુ–સાધ્વી સાધર્મિક બધાના હિતનો વિચાર કરનારો હોય છે.

આપમતિના સ્થાને શાસ્ત્રમતિને આગળ કરીને ચાલે છે. વાતવાતમાં મારા જિનની શી આજ્ઞા છે, મારા ભગવાનના આગમો શું કહે છે તેનો બરાબર વિચાર કરનારો હોય છે. આગમના તાત્પર્યનો સૂક્ષ્મ વિચારવાળો આ બુધપુરુષ હોય છે. અજાણતાં પણ શાસનનું માલિન્ય ન થઈ જાય તેની ખૂબ ચીવટવાળો હોય છે.

શાસન ઉન્નતિનાં કામો કરનારો હોય છે. સંઘ શાસન ધર્મનું ગૌરવ વધારનારો હોય છે. પોતે ખૂબ સદાચારી જીવન જીવનારો હોય છે. ઉદારતા, ગંભીરતા, દાક્ષિણ્યતા, પ્રિય-ભાષિતા, નમ્રતા, ક્ષમા, સરળતા, સત્યવાદિતા જેવા ગુણો તેના જીવનમાં ખૂબ સારા ખીલેલા હોય છે. તેથી તેની ધર્મ-પ્રવૃત્તિની બીજા ઉપર સારી છાપ પડે છે. બીજા જીવોને ધર્મમાં જોડવામાં નિમિત્ત બને છે. ઔચિત્યપૂર્ણ તેનો વ્યવહાર હોય છે. દંભ, અહંકાર, સ્વપ્રશંસા, પરનિંદા, ઇર્ષ્યા, વૈર-વિરોધ જેવી મલીન વૃત્તિઓ તો લગભગ તેના જીવનમાંથી મરી પરવારી હોય છે. સૌમ્ય મુદ્રા, પ્રસન્ન ચિત્તવાળો બુધપુરુષ હોય છે. મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ ભાવનાઓ તેના જીવનબાગમાં રમતી ખીલતી હોય છે.

નથી હોતું, પાપભીરુ પણ હોય, પરલોક મારો ન બગ઼ે તેની ચિંતા પણ રાખે પણ આગમના ઐદંપર્યનો (રહસ્યનો વિચાર ન કરે.

તપ કરવો એટલે કરવો. પછી સંયોગો કેવા છે તેનો આ મધ્યમ જીવને બહુ વિચાર નહિ. મોટો અઠ્ઠાઈ જેવો, માસ ખમણ જેવો તપ કરવા જઈશ તો પછી ગુરુસેવા નહિ થઈ શકે ગુરુસેવા કરનારા બીજા ખાસ સાધુઓ છે નહિ છતાં ગુરુસેવાની ઉપેક્ષા કરીને પણ પોતાના તપ કરવાના વિચારમાં મક્કમ રહે છે. આગળ પાછળનો વિચાર તેને આવો હોતો નથી.

ગુરુલાઘવના વિચાર વગરની સારી પણ પ્રવૃત્તિ એ પરિણામે અહિતકર્તા છે.

આ તો અહિં પૂજ્યપાદશ્રીને એટલા માટે સાધુવેશની નિષ્ફળતા બતાવવી પડી કે જગતના તદ્દન ભોળા વિવેક વગરના બાલજીવો કેવળ સાધુવેશના જ પૂજારી બની જાય છે. તેને સાવધાન કરવા સાધુવેશ એકલો પૂજનીય નથી એમ સૂચવ્યું. આજે આપણે ત્યાં પણ કેટલોક વર્ગ એમ બોલે છે કે ફલાણા મહારાજમાં બીજું કાંઈ નહિ તો સાધુવેશ તો છે ને? આપણા કરતાં તો સારા છે ને? આમ બોલીને ગુણ વગરના, સાધુતા વગરના માત્ર સાધુવેશને મહત્વ આપીને વંદન નમસ્કાર સત્કાર કરે જ છે ને? પણ અહિં ભગવાન હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ એવા કેવળ સાધુનો બાહ્ય વેશ જોઈને ઝુકી પડનારા જીવો માટે ચેતવણીનો ઘંટ વગાડે છે કે ત્યાં તમે એવા વેશધારી સાધુઓ પાસે જશો તો ત્યાંથી તમને સાચો ધર્મ નહિ મળે, ઠગાશો. ધર્મની ઇચ્છાથી ગયા હશો તો પણ એવા વેશધારી સાધુઓની અયોગ્ય ચેષ્ટાઓ જોઈને તમે સાવ ધર્મશ્રદ્ધાથી ભ્રષ્ટ થશો માટે કેવળ સાધુનો વેશ ન જોતાં તેનો આચારવિચાર, સાધુતા, સંયમ, તપ, ત્યાગ, વૈરાગ્ય, જ્ઞાન, ધ્યાન પણ જોતાં શીખો.

આજીવિકા ખાતર, માન સત્કાર ખાતર, પૂજા પ્રતિષ્ઠા ખાતર પણ સાધુવેશ ધારણ કરનારા ઘણાયે હોય છે. વિનયરત્ને પણ ૧૨ વર્ષ સુધી સાધુવેશ રાખ્યો હતો ને? પણ શા માટે? ઉદાયી રાજાનું ખૂન કરવા માટે જ ને?

બદઇરાદાથી પહેરેલા સાધુવેશથી કાંઈ જ આત્મકલ્યાણ નથી. ઉપરથી દંભ માયાચાર સેવવાથી પાપ બંધાય છે, શાસનનું માલિન્ય થાય છે. પોતાની અને બીજા જીવોની બોધિને દુર્લભ બનાવે છે; માટે ગુણ વગરના, સાધ્વાચારના પાલન વગરના એકલા સાધુવેશથી કાંઈ વળે નહિ.

૪

[illegible]

[illegible] ॥ ૪ ॥

[illegible] શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ [illegible] ની અંદર કેટલા બાબતોને આધારે છે. [illegible] ધર્મની ઉત્પત્તિ નથી થતી, [illegible] પણ [illegible] તો ધારણ કરે છે પણ એ [illegible] ધર્મની આશા ન રાખી શકાય. પરંતુ જો [illegible] તો તો માત્ર સાધુવેશ જોઈને જ [illegible] છે.

સાધુવેશ હોય ત્યાં ધર્મની ઉત્પત્તિ હોય જ એવો નિયમ ના[illegible] ઢોંગી માણસો પણ દુનિયાને ઠગવા સાધુવેશ તો ધારણ કરે છે. પણ સાધુવેશ પહેરવા માત્રથી ધર્મી, મહાત્મા કે સા[illegible] બની જવાતું નથી. તો પછી પ્રશ્ન થાય કે સાધુવેશ તદ્દન નકામો ? તો ના, સાચા ભાવથી સાધુવેશ પહેરી વ્રતધારી જીવન જીવે તો તે સાધુવેશ ઉપકારક પણ છે.

સાધુવેશ વગર તો દુનિયાને ખબર પણ શી રીતે પડે કે આ સાધુ છે ? સાધુ પણ સાધુવેશ હોય તો સજાગ રહે, 'હું સાધુ છું' એવો ખ્યાલ રહે, અકાર્ય કરતાં શરમાય, માટે સાધુતાનું રક્ષણ અને પરિચય કરાવનાર સાધુવેશ છે.

આ તો અહિ પૂજ્યપાદશ્રીને એટલા માટે સાધુવેશની નિષ્ફળતા બતાવવી પડી કે જગતના તદ્દન ભોળા વિવેક વગરના બાલજીવો કેવળ સાધુવેશના જ પૂજારી બની જાય છે. તેને સાવધાન કરવા સાધુવેશ એકલો પૂજનીય નથી એમ સૂચવ્યું. આજે આપણે ત્યાં પણ કેટલોક વર્ગ એમ બોલે છે કે ફલાણા મહારાજમાં બીજું કાંઈ નહિ તો સાધુવેશ તો છે ને? આપણા કરતાં તો સારા છે ને? આમ બોલીને ગુણ વગરના, સાધુતા વગરના માત્ર સાધુવેશને મહત્ત્વ આપીને વંદન નમસ્કાર સત્કાર કરે જ છે ને? પણ અહિ ભગવાન હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ એવા કેવળ સાધુનો બાહ્ય વેશ જોઈને ઝૂકી પડનારા જીવો માટે ચેતવણીનો ઘંટ વગાડે છે કે ત્યાં તમે એવા વેશધારી સાધુઓ પાસે જશો તો ત્યાંથી તમને સાચો ધર્મ નહિ મળે, ઠગાશો. ધર્મની ઇચ્છાથી ગયા હશો તો પણ એવા વેશધારી સાધુઓની અયોગ્ય ચેષ્ટાઓ જોઈને તમે સાવ ધર્મશ્રદ્ધાથી ભ્રષ્ટ થશો. માટે કેવળ સાધુનો વેશ ન જોતાં તેનો આચારવિચાર, સાધુતા, સંયમ, તપ, ત્યાગ, વૈરાગ્ય, જ્ઞાન, ધ્યાન પણ જોતાં શીખો.

આજીવિકા ખાતર, માન સત્કાર ખાતર, પૂજા પ્રતિષ્ઠા ખાતર પણ સાધુવેશ ધારણ કરનારા ઘણાયે હોય છે. વિનયરત્ને પણ ૧૨ વર્ષ સુધી સાધુવેશ રાખ્યો હતો ને? પણ શા માટે? ઉદાયી રાજાનું ખૂન કરવા માટે જ ને?

બદ ઈરાદાથી પહેરેલા સાધુવેશથી કાંઈ જ આત્મકલ્યાણ નથી. ઉપરથી દંભ માયાચાર સેવવાથી પાપ બંધાય છે, શાસનનું માલિન્ય થાય છે. પોતાની અને બીજા જીવોની બોધિને દુર્લભ બનાવે છે; માટે ગુણ વગરના, સાધ્વાચારના પાલન વગરના એકલા સાધુવેશથી કાંઈ વળે નહિ.

પ્રવચન આઠમું



बाह्यं लिङ्गमसारं तत्प्रतिबद्धा न धर्मनिष्पत्तिः ।
धारयति कार्यवशतो यस्माच्च विडम्बकोऽप्येतत् ॥ ४ ॥

પૂજ્યપાદ પરમોપકારી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા પ્રથમ ષોડશકના ચોથા શ્લોકની અંદર કેવળ બાહ્યવેશને અસાર કહે છે, બાહ્યવેશથી કેવળ ધર્મની ઉત્પત્તિ નથી થતી, કાર્યવશ કોઈ નાટકીયો પણ સાધુ વેશને તો ધારણ કરે છે પણ એટલા માત્રથી ત્યાં ધર્મની આશા ન રાખી શકાય. પરંતુ જે બાલજીવ હોય છે તે તો માત્ર સાધુવેશ જોઈને જ ઝૂકી પડતો હોય છે.

સાધુવેશ હોય ત્યાં ધર્મની ઉત્પત્તિ હોય જ એવો નિયમ નહિ. ઢંગી માણસો પણ દુનિયાને ઠગવા સાધુવેશ તો ધારણ કરે છે. પણ સાધુવેશ પહેરવા માત્રથી ધર્મી, મહાત્મા કે સાધુ બની જવાતું નથી. તો પછી પ્રશ્ન થાય કે સાધુવેશ તદ્દન નકામો ? તો ના, સાચા ભાવથી સાધુવેશ પહેરી વ્રતધારી જીવન જીવે તો તે સાધુવેશ ઉપકારક પણ છે.

સાધુવેશ વગર તો દુનિયાને ખબર પણ શી રીતે પડે કે આ સાધુ છે ? સાધુ પણ સાધુવેશ હોય તો સજાગ રહે, 'હું સાધુ છું' એવો ખ્યાલ રહે, અકાર્ય કરતાં શરમાય, માટે સાધુતાનું રક્ષણ અને પરિચય કરાવનાર સાધુવેશ છે.

કહો છો ને કે ‘માથું મૂંડાવ્યું પણ મન ન મૂંડાવ્યું’ એવી દશાવાળા માટે આ વાત છે. ખરાબ માન્યા વગરનો ત્યાગ એ ખરેખર ત્યાગ નથી. અંતરમાંથી પરિગ્રહની મમતા, તેનું મારાપણું ગયું નથી તો એકલા બાહ્ય પરિગ્રહના ત્યાગથી કાંઈ વળે નહિ.

જે ચીજનો ત્યાગ કરીએ તે ચીજ ત્યાજ્ય લાગવી જોઈએ. તેની ખરાબીનું તાદૃશ ભાન જોઈએ. આત્માને અપકાર કરનાર છે, દુર્ગતિનો હેતુ છે, આત્માની પોતાની ચીજ નથી, ‘ક્ષણભંગુર છે પરિગ્રહ એ જુદો છે,’ આવી બુદ્ધિથી કરેલો પરિગ્રહનો ત્યાગ એ જ સાચો ત્યાગ છે. બાકી વધુ પ્રિય મેળવવા ઓછા પ્રિયનો ત્યાગ કરનારા જગતમાં ઘણાય છૂપા હોય છે. અલ્પ પરિગ્રહના ત્યાગથી સ્વર્ગનું વિમાન મળે છે, મનુષ્યલોકમાં રાજા મહારાજા બનાય છે માટે લાવ પરિગ્રહનો ત્યાગ કરી સાધુ બની જાઉં? આવી મલીન બુદ્ધિથી કરેલો પરિગ્રહનો ત્યાગ વસ્તુતઃ ત્યાગ જ નથી. પણ એક પ્રકારનો વેપારી સોદો છે ‘હું પાંચ રૂપિયા છોડું’ જો મને પરભવમાં પાંચ લાખ મળતા હોય તો’ પાંચ રૂપિયાના દાનના બદલામાં પાંચ લાખની લાલચથી કરાતો પાંચ રૂપિયાનો ત્યાગ એ વસ્તુતઃ ત્યાગ છે જ નહિ

લેવાની ભાવનાથી થતો પરિગ્રહનો ત્યાગ એ સાચો ત્યાગ નથી.

આત્મકલ્યાણની દૃષ્ટિએ થતો પરિગ્રહનો ત્યાગ એ જ સાચો ત્યાગ છે.

તમે સમાજમાં માન પ્રતિષ્ઠા મેળવવા હજારો લાખોનું દાન કરો તો પણ હજારો લાખોના બદલામાં તમારે માન પ્રતિષ્ઠા મેળવવાની જ કામના હોય તો તે વસ્તુતઃ દાન નથી, પણ એક પ્રકારનો વેપારી સોદો છે.

પ્રવચન નવમું



मिथ्याचारफलमिदं ह्यपरैरपि गीतमशुभभावस्य ।
सूत्रेऽप्यविकलमेतत्प्रोक्तममेध्योत्करस्यापि ॥ ६ ॥

પૂજ્યપાદ પરમોપકારી ભગવાન હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા આ પ્રથમ ષોડશકના છઠ્ઠા શ્લોકમાં પાંચમા શ્લોકમાં કહેલી વાતના સમર્થન માટે અન્ય દર્શનની સાક્ષી આપતો શ્લોક ટાંકીને ફરમાવે છે કે—

મલીન ભાવ યુક્ત આચારપાલન એ મિથ્યાચાર (જુઠો આચાર) છે. અંતઃકરણમાં મલીન ભાવ હોવાથી સારો દેખીતો આચાર પણ મિથ્યાચાર છે. વિષ્ટાના ઉકરડા જેવો આચાર છે.

બાહ્ય ઇન્દ્રિયોનો માત્ર સંયમ કરી મનમાં વિષયોનું સ્મરણ કરનારનો આચાર મિથ્યાચાર કહેવાય છે.

જન્માંતરમાં ઉપાર્જન કરેલા અશુભ કર્મનો વિપાક જ એક પ્રકારનો સમજોને? કે એવો કેવળ ગુણશૂન્ય વેશધારી સાધુ અહિ ભોગથી વંચિત બન્યો અને અહિ સાધુનો આચાર પાળી શકતો નથી માટે શિષ્ટપુરુષોમાં હાસ્યાસ્પદ નિંદનીય બને છે.

પરિગ્રહને પાપ માની, પરિગ્રહ એ માનવજાતનો વિનાશ કરનારો ભયંકર દુષ્ટ ગ્રહ છે એમ માની કરેલો પરિગ્રહત્યાગ એ જ સાચો ત્યાગ છે. ત્યાગના બદલામાં વધુ લેવાની દુષ્ટબુદ્ધિ ન જોઇએ.

પરિગ્રહનો રાગ-મમતા છૂટી જવી જોઇએ. માટે તો નવ પ્રકારના બાહ્ય પરિગ્રહનો ત્યાગ તો અનંતીવાર સાધુપણું સ્વીકારતાં કર્યો. પણ ૧૪ પ્રકારનો આંતર પરિગ્રહનો ત્યાગ કર્યો નહિ માટે તો બાહ્ય પરિગ્રહનો કરેલો ત્યાગ નિષ્ફળ ગયો. દષ્ટિ અંદરમાં રાખીને આત્મસાધના થાય છે. બહારમાં દષ્ટિ રાખીને સાચી આત્મસાધના ન થાય.

પરિગ્રહથી આરંભ-સમારંભ વધે છે અને આરંભ-સમારંભથી પાપો વધે છે અને પાપો વધવાથી જન્મમરણરૂપ સંસાર વધે છે. માટે જન્મ-મરણરૂપ સંસારનો નાશ કરવા પરિગ્રહનો ત્યાગ અનિવાર્ય છે પણ શુદ્ધ આત્મકલ્યાણની કામનાથી પરિગ્રહનો ત્યાગ થાય તો જ આત્મવિકાસ થાય. ઉપર ઉપરના પરિગ્રહત્યાગથી ત્યાગી ન બની શકાય. પણ ત્યાગ અંદરનો જોઇએ. સમજ અને વિવેકપૂર્વકનો ત્યાગ જોઇએ, એ કહેવાનો આશય ગ્રંથકાર મહાત્માનો છે.

ગુણશૂન્ય સાધુવેશની જેમ કિંમત નથી તેમ શુદ્ધ આશય વગરના બાહ્ય પરિગ્રહત્યાગની પણ ખાસ કાંઇ કિંમત નથી.

હવે આ વાતની પુષ્ટિ છઠ્ઠા શ્લોકમાં બીજા દર્શનોની સાક્ષી આપીને ગ્રંથકાર કરશે.

સર્વ મંગલ માંગલ્યં....

ઘાતક અશુભ પ્રવૃત્તિઓનો ત્યાગ કરવો જોઈએ. હિંસાદિ આશ્રવનાં દ્વારો પ્રતિજ્ઞાપૂર્વક બંધ કરી પંચાચારમય જીવન જીવવાથી સાચું ચારિત્ર આવે.

પ્રશ્ન થાય કે ચારિત્ર તો આત્માનાં નિર્મળ પરિણામ રૂપ છે તો તમે સદ્‌અનુષ્ઠાનને ચારિત્ર કેમ કહો છો? કારણ કે સદ્‌-અનુષ્ઠાન તો બાહ્ય સત્ક્રિયા રૂપ છે. તો તેનો જવાબ ટીકાકાર ભગવંત આપે છે કે શુભ ભાવપૂર્વક કરાતું બાહ્ય સદ્‌અનુષ્ઠાન હોવાથી તે ચારિત્ર કહેવાય છે. અંતરમાં શુભ પરિણામ વગર કરાતું સદ્‌અનુષ્ઠાન જ ન કહેવાય.

માટે જે જે સદ્‌અનુષ્ઠાન છે તે તે શુભ ભાવપૂર્વક જ હોય. માટે અમે અહિં સદ્‌અનુષ્ઠાનને ચારિત્ર કહ્યું છે. સદ્‌-અનુષ્ઠાન એ અંતરના શુભ ભાવનુ દ્યોતક છે.

પ્રતિજ્ઞાપૂર્વક હિંસાદિ પાપોના ત્યાગથી અને પંચાચારના નિર્મળ પાલનથી સાચું ચારિત્ર કહેવાય. એકલા આશ્રવના ત્યાગથી પણ ચારિત્ર જ્ઞાનીઓએ માનેલું નથી. પણ સંવર નિર્જરાની-આરાધના પણ જોઈએ. અશુભમાંથી નિવૃત્ત થઈને શુભમાં પ્રવૃત્ત થવાનું છે. માટે એકલા પાપ ત્યાગથી ન ચાલે પણ સાથે સંયમ પોષક ક્રિયાઓ પણ કરવી જોઈએ.

જેમ રોગ કાઢવા દર્દીને દવા આપતાં વૈદ્ય કુપથ્યનો ત્યાગ કરાવવાની સાથે પથ્યના પાલન માટે પણ સૂચન કરે છે. દવા નિયમિત ખાવાની પણ ભલામણ કરે છે. માટે ત્યાગ કરાવ્યા વિના પાલન ન કરાવાય. એમ ચારિત્ર રૂપી ઔષધ કર્મરોગને--પાપરોગને કાઢવા માટે છે. પણ એક બાજુ પાપસેવન ચાલુ હોય તો પાપ રોગ જાય શી રીતે? માટે પ્રથમ પાપ ત્યાગ પ્રતિજ્ઞાપૂર્વક કરાવીને પંચાચારમાં આત્માને

લોકો પણ બોલે કે કેવળ પેટ ભરવા આ સાધુવેશ લીધો લાગે છે.

ભૂતકાળમાં એમ નો મલીન આશયથી તો અનંતી વાર સાધુવેશ પહેર્યો. અનંતા દ્રવ્યલિંગો લીધાં. પણ ભાવની મલીનતાના યોગે તે સાધુલીંગો નિષ્ફળ ગયાં.

अनंतशो द्रव्यलिंग ग्रहण श्रवणात् ।

અર્થ :—અનંતીવાર દ્રવ્યલિંગ ગ્રહણ કર્યાં.

દંભ દેખાવ માયાચાર, ઈર્ષ્યા, રાગદ્વેષ, મોહ મમતાના ત્યાગ વગર એકલો બાહ્ય ત્યાગ બહુ કારગત નિવડતો નથી.

નિર્મળ મનવાળો મુનિ કહેવાય. આનો અર્થ એ નથી કે ગાંડપણું ન લાવીએ તો પણ ચાલે. પણ અહિંયા માયાચારના ત્યાગ ઉપર ભાર મૂક્યો છે

માયાચાર-મિથ્યાચારને છોડીને શુદ્ધ અંતઃકરણથી કરાતું અનુષ્ઠાન એ જ ધર્મની કોટીમાં ગણાય છે એ વાત છે.

હવે [illegible] ચારિત્રનો વિચાર કરે છે તો ચારિત્ર શું કહ્યું છે તે વાત હવે પછીના સાતમા શ્લોકમાં ગ્રંથકાર [illegible] જણાવે છે.

[illegible] ।
[illegible] ॥ ૭ ॥

[illegible] પ્રતિસંપદા [illegible]

મોહનો પક્ષ છોડીને જિનના પક્ષમાં ભળીને થોડુંક પણ સુકૃત થાય તે મહાન ફળ આપનારૂં બને છે.

જ્યારે મોહના પક્ષમાં રહીને કરેલાં મોટાં મોટાં દીર્ઘકાલીન સુકૃતો પણ પરિણામે મહાન નુકશાન કરે છે. કિંમત વફાદારીની છે.

સમકિત જીવને પૂછે કે તું કોના પક્ષમાં છે? જિનના કે મોહના? જિનના પક્ષમાં જે હોય તેને સમકિત શીવકન્યાનું સગપણ તેની સાથે કરે છે. અને પછી તો તડામાર તૈયારીઓ શીવકન્યા સાથે જીવને પરણાવવાની સમકિત કરે છે. જીવ પણ પછી તો શીવકન્યાનું જ ધ્યાન ધરતો, ચાહતો થઈ જાય છે.

તેની પ્રાપ્તિ વિના હવે તેને ક્યાંયે ચેન પડતું નથી. બસ શીવસુંદરી–શીવસુંદરી વારંવાર કર્યા કરે છે, તેનો જ નિરંતર જાપ જપે છે. ઉંચા ભોગો અને વૈભવો પણ તેને હવે અહિ આનંદ આપી શકતા નથી. જેનું મન જ હવે શીવસુંદરીમાં લાગ્યું છે તેને અહિ શાનું ગમે?

શીવસુંદરી સાથેનું લગ્ન એટલે પછી કદી વિયોગ થવાની વાત નહિ. કાયમ શીવસુંદરીના સમાગમમાં રહેવાનું. નિત્ય પોતાના પતિને આનંદ આનંદ કરાવે છે. કોઈ વાતે જરાયે ઓછું આવવા દેતી નથી. સર્વ વાતે સુખમાં રાખે છે. આ શીવસુંદરી એટલે સાક્ષાત્ ગુણમૂર્તિ. તેના સૌન્દર્યનો તો પાર જ નથી. તેનું તેજ, તેનો પ્રભાવ, તેના રૂપનો ક્યાંયે જોટો ન મળે. તેના જ્ઞાનની તો કોઈ સીમા જ નથી, ત્રિકાળજ્ઞાની છે. ત્રણે જગતનું જ્ઞાન તેને છે. સર્વ શક્તિમાન છે. શક્તિ તો અપરંપાર તેની છે. તેના ગુણોનું વર્ણન તો ત્રણે જગતના મોટા પંડિતો ભેગા થઇને પણ કરી શકે તેમ નથી. તેની પવિત્રતાનું

જોડવો જોઈએ. પંચાચાર એ પથ્ય છે, પાપક્રિયાઓ એ કુપથ્ય છે અને ચારિત્ર એ દવા છે. તીર્થંકર દેવો ભાવવૈદ્ય છે. સાધુઓ કમ્પાઉન્ડર છે. ભાવવૈદ્ય એવા તીર્થંકર દેવોના આદેશ મુજબ દર્દીને ચારિત્રરૂપી દવા આપે છે.

મધ્યમ પુરુષ ધર્મની પરીક્ષા કરતાં તે ધર્મનો આચાર વિચાર જુએ છે. ધર્મગુરુનું ચારિત્ર કેવું છે તે પણ જુએ છે. પણ તત્ત્વનો બોધ, માર્ગાનુસારીપણું, આગમ પ્રત્યેની વફાદારી, જિનાજ્ઞા મુજબનું જીવન, આગમના બોધ તરફ તેની દૃષ્ટિ નથી હોતી. તે ધર્મના સિદ્ધાંતોની ચકાસણી કરવા તરફ પણ તેનું લક્ષ નથી. માત્ર આચાર તરફ દૃષ્ટિ રાખે છે. હવે આ સદ્‌અનુષ્ઠાનની વાત કરી તેના શુદ્ધ અને અશુદ્ધ એમ બે ભેદ પાડીને હવે પછીના આઠમા શ્લોકમાં ગ્રંથકાર ભગવંત કહે છે કે—

> परिशुद्धमिदं नियमादांतरपरिणामतः सुपरिशुद्धात् ।
> अन्यदतो न्यस्मादपि बुधविज्ञेयं स्वचारुतया ॥ ८ ॥

સર્વ પ્રકારે શુદ્ધ અનુષ્ઠાન એ તો નિયમા શુભ પરિણામથી જ હોય. તથાવિધ ચારિત્રમોહનીય કર્મના ક્ષય ક્ષયોપશમથી ઉત્પન્ન જે શુદ્ધ શ્રદ્ધા અને જ્ઞાનપૂર્વકનો નિર્મળ ચારિત્ર પરિણામ એ જ સાચું ચારિત્ર છે. પણ તથા પ્રકારના ક્ષય ક્ષયોપશમ વિના લાભ પૂજા ખ્યાતિ માન સત્કારાદિ બુદ્ધિથી કરાતું સદ્‌અનુષ્ઠાન એ અશુદ્ધ છે. મોહના ઉદયથી પણ સદ્‌અનુષ્ઠાન તો થાય, પણ તે આત્મશુદ્ધિ કરવાને બદલે અશુદ્ધિ વધારે છે. મોહના ખીલે બંધાઈને તો આ જીવે ધર્મ કરવાના ઘણાયે ધમપછાડા કર્યા, ઘોર અને ઉગ્ર તપો પણ તપ્યા, કષ્ટકારી વ્રતો પણ પાળ્યા, મોટી મોટી શાસન પ્રભાવનાઓ પણ કરી, પણ મોહના પક્ષમાં રહીને કર્યું માટે બધું નિષ્ફળ ગયું.

પ્રવચન દસમું



ગઈકાલના વ્યાખ્યાનમાં બાલ મધ્યમ અને બુધની વિચારણા કરી. બુધ (પંડિત) સિવાય સાચા ધર્મની પરીક્ષા કરવા બીજો કોઈ સમર્થ નથી. કારણ કે ધર્મ એ સૂક્ષ્મ બુદ્ધિગમ્ય ગહન વસ્તુ છે. બાલ મધ્યમ બુદ્ધિવાળાનું તો ત્યાં કામ નહિ. હવે પ્રશ્ન એ થાય કે તો અમારે બુધ બનવા શું કરવું ? આ પ્રશ્નનું સમાધાન શાસ્ત્રવાર્તા સમુચ્ચય ગ્રંથમાં પૂજ્યપાદ ભગવાન હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ આપ્યું છે.

साधुसेवा सदा भक्त्या, मैत्री सत्त्वेषु भावयन् ।
आत्मीय ग्रहमोक्षश्च, धर्महेतु प्रसाधनम् ॥

(સંવિગ્ન ગીતાર્થ) સાધુ મહારાજની હંમેશા હૃદયના બહુમાનથી સેવા કરવી, સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ અને તૃષ્ણાનો ત્યાગ કરવો. આ ધર્મ સાધવાનાં ત્રણ સાધનો છે.

જાણો છો ને કે સાધન વગર સાધ્ય સિદ્ધ ન થાય. આ ત્રણ સાધનોને ધર્મ સિદ્ધ કરવા માટે કામે લગાડ્યાં ખરાં ?

તમારા જીવનમાં સાધુસેવા કેટલી ? ચોવીસ કલાકમાં કેટલા કલાક સાધુસેવા કરો છો ? એકાદ કલાક ? ના, અર્ધો કલાક ? ના; તો ૦ કલાક ? તે પણ નક્કી નહિ. લગભગ શ્રમણોપાસક કહેવાતા શ્રાવકોના જીવનમાંથી સાધુસેવા ગઈ છે; માટે તો આરાધનાની ગાડી આગળ ધપતી નથી. સાધુસેવા

તો પૂછો જ મા ! અખંડ શીલવાળી છે. જિનનો ભક્ત શ
શીવસુંદરીને મેળવવા હંમેશાં તલપાપડ હોય છે. પણ
શીવસુંદરી તો તેને જ વરમાળા આરોપે છે કે જેનું
એકાંતે તેનામાં જ હોય તો. લાગે કે બીજી મનુષ્ય સ્રીમાં
દેવલોકની દેવીમાં જરાક તેનું મન છે, તો આ શીવસુંદ
રીસાઇને ચાલી જાય છે. પોતાની પાછળ પાગલ બનનારને
આ શીવસુંદરી પસંદ કરે છે, બીજાને નહિ.

કેમ તમને બધાને તો હવે આ શીવસુંદરીનો જ પ્રે
જાગ્યો છે ને ? કેમ તમે તો બધા જિનના જ પક્ષમાં ને ? અ
જિનના પક્ષમાં હોય તેને તો શીવસુંદરીનો જ પ્રેમ હોય ને

બાલ, મધ્યમની કક્ષા વટાવીને જીવ જ્યારે બુધની કક્ષાએ
આવે ત્યારે જ સાચો શીવસુંદરીનો પ્રેમ પ્રગટે છે. કેમ બુ
બનવું છે ને ? હા, તો હવે બુધ બનવા શું કરવું વગેરે વાતે
ક્રમશઃ કરીશું.

સર્વ મંગલ માંગલ્યં....

સર્જાય છે. સાધુસેવાથી ક્ષુદ્ર વિઘ્નો અને જીવનના ક્ષુદ્ર પ્રશ્નો તો આપો આપ ઉકેલાઇ જાય છે. મગજની નસો તંગ થઈ ગઇ છે, મગજ ચિંતાઓથી ભારેખમ રહે છે, અનેક પ્રકારના ચિત્તનાં રોગો બિમારીઓ રહે છે, એથી તન પણ રોગોનું ઘર બની ગયું છે. શુદ્ધ ધર્મ સાધવા માટે જે સત્ત્વ જોઇએ તે લગભગ આજની પ્રજામાં દેખાતું નથી. મગજની અસ્થિરતા ખૂબજ વધી ગઇ છે. જીવનની સમસ્યાઓ વધી ગઈ છે. સાચો ઉકેલ મળતો નથી. એટલે આજનો માનવ કંટાળીને આપઘાત કરવા સુધી પહોંચી જાય છે, ઘેરથી ભાગી જાય છે. મગજને ક્ષણભર આરામ આપવા માદક પીણાં, માદક પિકચરો જોવે છે. હલકું સાહિત્ય વાંચે છે. છતાં પણ તેના જીવનની સમસ્યાઓનો કાયમી ઉકેલ આવતો નથી. આ બધાનો ઉકેલ છે સાધુ સમાગમ અને સાધુસેવાનો લેખ.

જંગમતીર્થ સ્વરૂપ ત્યાગી પવિત્ર જ્ઞાની ગુરુની સેવાથી અનેક જીવનના પ્રશ્નોનો જલ્દી ઉકેલ આવી જાય છે. પણ સાધુસેવા ભૌતિક લાલચથી નહિ કરવાની. પણ આત્મકલ્યાણની બુદ્ધિથી કરવાની. જેની પાસેથી સાચો ધર્મ લેવો છે, સાચો ધર્મ જાણવો છે, સાચા ધર્મનું સ્વરૂપ સમજવું છે તેની સેવા કર્યા વગર કેમ ચાલશે ? તેને પારકા માને કેમ ચાલશે ? તેના સુખ–દુઃખની, સગવડ–અગવડનો વિચાર કર્યા વિના કેમ ચાલશે ? તેમના જીવનની જરૂરિયાતો પ્રત્યે બેદરકાર રહે કેમ ચાલશે ?

આપણી ધર્મનૌકાના સુકાની હોય તો જ્ઞાની ત્યાગી ગુરુ મહારાજ છે. આપણા ધર્મરથના સારથી હોય તો જ્ઞાની ગુરુમહારાજ છે. અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરનાર હોય તો જ્ઞાની ગુરુમહારાજ છે. સદ્બુદ્ધિથી–સદ્વિચારનું દાન દેનાર

એ આરાધનાનું મુખ્ય અંગ છે એવું માનો છો ખરા? તમારી આરાધનાના લીસ્ટમાં સાધુસેવાની આઇટમ રાખી છે ખરી? જેમ દેવ-દર્શન, પૂજા-સામાયિક, પ્રતિક્રમણ, નવકારવાળી, ચોવિહાર વગેરે રાખ્યું છે એમ સાધુસેવા તો મારે રોજ નિયમિત ૦।-૦॥ કલાક કરવી જ એવો અભિગ્રહ ખરો? ખાસ સમય કાઢીને સાધુસેવા તો મારે કરવી જ એવો આગ્રહ રાખ્યો છે ખરો?

સાહેબ! સમય મળે તો વળી સાધુ સેવા કરીએ, નહિતર નહિ.

શરીર સેવા, પત્ની સેવા, પરિવાર સેવા કરતાં ધન બચે તો વળી થોડુંક સાધુ સેવા પાછળ ખરચીએ, નહિતર કાંઇ નહિ. ખાસ સાધુ સેવા માટે ધન બચાવવું જ જોઇએ? એવું માનો છો ખરા? ધર્મક્ષેત્રમાં રેશનીંગ અને પાપક્ષેત્ર માટે રેશનીંગ નહિ કેમ? ધર્મકાર્યોમાં ધનનો, સમયનો, શક્તિનો કાપ મૂકવાનો કેમ? પાપકાર્યોમાં ધન, સમય અને શક્તિ ઉપર કાપ નહિ. આ શું બતાવે છે? ધર્મપ્રેમ કે પાપપ્રેમ?

પાપકાર્યો માટે, સાંસારિક કાર્યો માટે સમય ન હોય તો સ્પેશ્યલ તમે કાઢીને પણ તે કાર્યો કરો છો. જ્યારે ધર્મકાર્ય, પુણ્યકમાણીનું કાર્ય આવે ત્યારે સ્પેશ્યલ સમય કાઢીને કેમ ન થાય? ધર્મકાર્ય વખતે હાથ કૃપણ કેમ બનાવાય?

બુદ્ધિને સૂક્ષ્મ અને નિર્મળ બનાવવા જ્ઞાની પવિત્ર સાધુઓની ભક્તિભાવથી રોજ નિયમિત સેવા કરો. અને સાધુસેવાથી ધીમે ધીમે જ્ઞાનાવરણીય કર્મનો મોહનીયકર્મનો ક્ષયોપશમ થવાથી બુદ્ધિ સૂક્ષ્મ અને નિર્મળ બનશે. માટે બુધ બનવું હોય તો સાધુસેવાનું વ્યસન પાડજો. સાધુસેવા એ ધર્મ પામવાનું મુખ્ય સાધન છે. પછી તો કલ્યાણોની પરંપરા

આથી નિપુણ બુદ્ધિવાળા માણસો જાણી જાય કે આનું અનુષ્ઠાન અશુદ્ધ છે. કેવળ મોહના ઉદયથી, ભૌતિક લાલચથી કરે છે એમ જાણી જાય છે.

આજે આપણે વર્તમાન સંઘ ઉપર દૃષ્ટિપાત કરીશું તો આવું અસમંજસ ઘણું દેખાશે એક બાજુ બજારમાં બારોબાર અનીતિ કરી, અનેકના શ્રાપ લેનાર હોય છે અને બીજી બાજુ એક કીડી મરી ગઈ તો બૂમા બૂમ કરી મૂકશે.

એક બાજુ બાયડી જોડે ખૂબ ઝગડી પછી સામાયિક લઈને બેસશે

એક બાજુ હોટેલમાં ગમે તેવું અભક્ષ્ય ખાઈ આવશે અને ઘરમાં જરાક તીથીના દિવસે લીલું શાક ભૂલથી રાંધ્યું હશે તો ઘરવાળીને ઉધડી લઈ નાંખશે.

સાધુ હોય તો એક બાજુ ગુરૂનો ખૂબ અવિનય આશાતના કરીને પછી ગુરુના પગ દાબવા બેસશે.

ગુરુઆજ્ઞા માને નહિ, અને બીજી બાજુ ગોચરી–પાણીની ખૂબ સારી ગવેષણા કરશે.

સાધુ મોટા તપ કરીને પારણે સ્પેશ્યલ ગૃહસ્થોને અમુક અમુક ચીજો બનાવવા ઓર્ડર આપશે.

મોટી તપશ્ચર્યાઓ કરી લોકોને વશ કરીને પછી પૈસા કઢાવશે.

ખાળે ડૂચા અને દરવાજા મોકળા જેવી દશા આ દંભી ધર્મી આત્માની હોય છે.

જેમ કુલટા સ્ત્રી પોતાનો વ્યભિચાર ઢાંકવા પતિની બહારથી ખૂબ સારી સેવા વિનય કરે પણ તેની કિંમત કેટલી? એમ

હોય તો જ્ઞાની પવિત્ર ગુરુમહારાજ છે. ત્યાગ અને સંયમનો શ્રેષ્ઠ આદર્શ આપનાર હોય તો જ્ઞાની સંયમી ગુરુમહારાજ છે.

માટે સાધુસેવાનું ભૂલાતું જતું આરાધનાનું મુખ્ય અંગ તે તરફ ખૂબજ લક્ષ આપવાની જરૂર છે. સાધુની મદદ વગર મોક્ષે નહિ પહોંચાય.

આટલી પ્રાસંગિક મહત્ત્વની વાત કરીને મૂળ ગ્રંથની વાત ઉપર હવે આવીએ—

ગત આઠમા શ્લોકમાં બે પ્રકારના અનુષ્ઠાનોની વાત કરી હતી. એક શુદ્ધ અને બીજું અશુદ્ધ. પણ આ જીવનું શુદ્ધ અનુષ્ઠાન છે કે અશુદ્ધ અનુષ્ઠાન છે, તેની ખબર શી રીતે પડે; તો હવે નવમા શ્લોકમાં ગ્રંથકાર ભગવંત અશુદ્ધ અનુષ્ઠાનવાળા જીવનાં લક્ષણો બતાવે છે—

गुरुदोषारंभितया तेष्वकरण यत्न तो निपुणधीभिः ।
सन्निंदादेश्च तथा ज्ञायत एतन्नियोगेन ॥ ९ ॥

અશુદ્ધ અનુષ્ઠાન કરનારમાં આ ત્રણ દૂષણો હોય છે—

(૧) મોટા મોટા શાસન માલિન્ય થાય તેવા દોષો સેવે.

(૨) અને નાના નાના સૂક્ષ્મ દોષોથી બચવાનો પ્રયત્ન કરે. એટલે કોઈને શંકા ન પડે કે આ મોટા મોટા દોષો સેવતો હશે. મોટા મોટા દોષો ઢાંકવા નાના નાના દોષોમાં ખૂબ યતના બતાવે. અને બીજાને એવી પ્રતીતિ કરાવવા પ્રયત્ન કરે કે જાણે આ તો બિલકુલ ધાર્મિક જ છે.

(૩) સજ્જન સાધુ પુરુષોની નિંદા ટીકા ટીપ્પણીઓ દ્વેષ બહુ કરતા હોય.

મોટાં મોટાં હડહડતાં જુઠાણાંઓ હાંકનારો નાના જુઠમાં ઉંચોનીચો થઈ જનારો સત્યવાદી ન કહેવાય.

જેને ભવભય, પાપનો ડર, પરલોકનો ડર ન હોય તેના જીવનમાં આવા દંભો, માયાચારો, જુઠાણાઓ બહુ હોય છે. સાચો ધર્મી આવો ન હોય.

માટે શુદ્ધ અનુષ્ઠાનના અધિકારી બનવા પ્રથમ મોટા દોષો કાઢવા પડશે. શ્રાવક, સાધુ, ગુણવાન પુરુષોની નિંદા, ઈર્ષ્યા, દ્વેષ, વિરોધ, ટીકા વગેરેથી આઘા રહેવું પડશે. તેઓના પ્રત્યે પ્રેમભાવ ધારણ કરવો પડશે. તેઓની યોગ્ય સેવા વિનય ગૌરવ વગેરે કરવું પડશે.

હવે પછી દશમા શ્લોકનો વિચાર કરીશું.

સર્વ મંગલ માંગલ્યં....

એક બાજુ જે ધર્મની સેવા કરે અને તે જ ધર્મની લઘુતા-નિંદા થાય એવાં કાર્યો કરતો હોય તો તેના ધર્મકાર્યની શું કિંમત?

એક બાજુ ગુરુની ખૂબ સેવા કરતો હોય અને બીજી બાજુ ગુરુની લઘુતા થાય એવાં કાર્યો કરે તો તે ગુરુસેવાની શું કિંમત?

પ્રથમ તો જેની સેવા-પૂજા કરીએ તેનું ગૌરવ વધે એવાં કામ ખાસ કરવાં જોઈએ. ગુરુના ગૌરવને ઝાંખપ લાગે તેવું કરનાર શિષ્ય સાચો ગુરુભક્ત ન કહેવાય.

સાચો પ્રવચન પ્રભાવક પ્રવચનનું માલિન્ય થાય, નાશ થાય, ગૌરવ ઘટે એવું કાર્ય પ્રાણાંતે પણ ન કરે.

રોટલીની બાધા લઈને બદામનો શીરો રોજ ઝાપટનારો ત્યાગી ન કહેવાય.

દૂધની બાધા લઈને રોજ દૂધપાકની શોધમાં ફરનારો દૂધનો ત્યાગી ન કહેવાય.

ચણાના મિષ્ટાન્નનો ત્યાગ કરીને માવાની મીઠાઈ પાછળ ભટકનારો ત્યાગી ન ગણાય.

ચણાનો ત્યાગ કરીને ચોકલેટ માટે ઘેર ઘેર ફરનારો ફકીર ન કહેવાય.

સ્વસ્ત્રીનાં ભોગનો ત્યાગ કરનારો પરસ્ત્રીઓ પાછળ ભટકનારો બ્રહ્મચારી ન ગણાય.

પંચેન્દ્રિય જીવના વધમાં બેપરવા રહેનારો એકેન્દ્રિયના નાશમાં કચકચ કરનારો દયાળુ ન કહેવાય.

પાંચસો રૂપિયા કોઈ પાસેથી પડાવવા પાંચ રૂપિયાનું ખુલ્લું દાન દેનારો દાની ન કહેવાય.

અહિયા દરેક જીવોના સુખદુઃખમાં તરતમતા દેખાય છે, માટે જરૂર તે તે જીવો પૂર્વજન્મોમાંથી વિચિત્ર શુભાશુભ કર્મોને કરીને આવેલા છે એમ અનુમાન થાય છે. નહિતર સુખ-ખની તરતમતાનું કારણ શું? માટે કાર્ય દેખાય છે તો તું કોઈ અદશ્ય કારણ હોવું જોઈએ.

ઝાડ ઊભું છે, લીલુંછમ છે, ઘટાદાર છે તો અનુમાન થાય છે કે ભૂમિમાં ઊંડું તેનું મૂળ હોવું જોઈએ. નહિતર આ ઝાડ લીલું છમ ક્યાંથી હોય?

આગમતત્ત્વ જેમ દૃષ્ટથી વિરુદ્ધ ન જોઇએ તેમ ઇષ્ટથી પણ વિરુદ્ધ ન જોઇએ. ઈષ્ટથી અવિરુદ્ધ એટલે શાસ્ત્રે કહેલી વાતોમાં પરસ્પર વિરોધાભાસ ન આવવો જોઇએ. એક વાકયતા જળવાઈ રહેવી જોઇએ. દા. ત. એક બાજુ શાસ્ત્ર બ્રહ્મચર્યનું વિધાન કરે અને બીજી બાજુ 'ગૃહસ્થાશ્રમો ધર્મો ન ભૂતો ન ભવિષ્યતિ' એમ કહે અથવા अपुत्रस्य गतिर्नास्ति' એમ કહે તો આ શાસ્ત્ર–આગમતત્ત્વ પરસ્પર વિરોધી બની ગયું જે વાતનું એક બાજુ સમર્થન કરે અને બીજી બાજુ તેનું જ ખંડન થઈ જાય એવી વાત કરે તે સાચું આગમતત્ત્વ ન કહેવાય.

બીજું આગમતત્ત્વ ઉત્સર્ગ અપવાદથી યુકત જોઇએ.

ઉત્સર્ગ એટલે સામાન્ય જનરલ નિયમ, અપવાદ એટલે વિશેષ કારણે વ્રતરક્ષા માટે છૂટ.

દા. ત. સાધુ–સાધ્વીએ દોષિત ગોચરી લેવી નહિ, આ ઉત્સર્ગ.

પણ બિમારી વગેરેના કારણે દોષિત ગોચરી લે તે અપવાદ

ગોચરી ગયેલા સાધુએ ગૃહસ્થને ત્યાં બેસવું નહિ, આ ઉત્સર્ગ. પણ તપથી ક્ષીણ થયેલું શરીર હોય અથવા ઓચિંતે

પ્રવચન અગિયારમું



> आगमतत्त्वं ज्ञेयं तद्दृष्टेष्टाविरुद्धवाक्यतया ।
> उत्सर्गादि समन्वितमलमैदंपर्यशुद्धं च ॥ १० ॥

પરમોપકારી પૂજ્યપાદ ભગવાન હરિભદ્રસૂરીશ્વરજી મહારા[ja] પ્રથમ ષોડશકના દશમા શ્લોકમાં હવે આગમતત્ત્વ કેવું હો[ય] તેનું સ્પષ્ટ સ્વરૂપ બતાવે છે.

(૧) આગમતત્ત્વ દષ્ટ અને ઇષ્ટથી અવિરુદ્ધ જોઇએ.

(૨) ઉત્સર્ગ અને અપવાદથી સમન્વિત જોઇએ.

(૩) ઐદંપર્ય–તાત્પર્ય શુદ્ધ જોઇએ.

આ ત્રણ ગુણથી યુક્ત હોય તે જ સાચું આગમતત્ત્વ જાણવું.

હવે પ્રથમ વાતનું સ્પષ્ટીકરણ કરવું પડશે ને ? કારણ કે તમારા માટે આ પદાર્થો લગભગ નવા જેવા છે માટે વિવેચન કર્યા સિવાય સમજાય તેવા નથી.

આગમતત્ત્વ પ્રથમ તો દષ્ટ અને ઇષ્ટથી અવિરોધી જોઇએ. દષ્ટ એટલે પ્રત્યક્ષ અને અનુમાન પ્રમાણથી અબાધિત જોઇએ. દા. ત. अग्निः उष्णः । અગ્નિ ઉષ્ણ છે, તે વાત સૌ કોઇને પ્રત્યક્ષ સિદ્ધ છે. માટે આ વાત પ્રત્યક્ષ પ્રમાણથી અબાધિત કહેવાય.

ગુરુને પગ અડાડવા એ અકર્તવ્ય પણ ગુરુનું શરીર દાબવા કોઈ વાર પગથી શરીર ખૂંદવું પડે તો પણ કર્તવ્ય.

આમ જે આગમમાં આવો બધો વિવેક બતાવેલો હોય તે આગમ તત્ત્વ સાચું જાણવું.

ત્રીજી વાત આગમ તત્ત્વ ઐદંપર્યથી–તાત્પર્યથી શુદ્ધ જોઇએ.

છેવટે આગમનું કહેવું શું છે? તેનું અંતિમ રહસ્ય પણ બતાવેલું હોવું જોઇએ.

શ્રુતાર્થ વાક્યાર્થ મહાવાક્યાર્થ અને ઐદંપર્યાર્થ પણ આગમનો વિચારવો જોઇએ. તપ કરવો જોઇએ આ શ્રુતાર્થ. બિમાર તંદુરસ્તનો વિભાગ કર્યા વગર સામાન્ય વિધાન તે શ્રુતાર્થ કહેવાય.

વાક્યાર્થ–જો બાલ વૃદ્ધ રોગી તપ કરવા જાય તો આર્ત્તધ્યાનનો પ્રસંગ આવી જાય તેથી તેનું તપ કરવાનું તત્ત્વ તો અતપ જ ગણાય તપથી ધર્મધ્યાન વધવાને બદલે આર્ત્તધ્યાનમાં પડી ગયો માટે.

મહાવાક્યાર્થ–તો ક્યારે કેવી રીતે તપ કરવો તો કહે છે કે દેહપીડા ન થાય, આંખો વગેરે ઈન્દ્રિયોને હાની ન પહોંચે, સંયમયોગો સીદાય નહિ એવી રીતે તપ કરવો જોઈએ. ધર્મધ્યાનની વૃદ્ધિ થાય એવો તપ કરવો જોઈએ.

તાત્પર્યાર્થ–અંતે જિનાજ્ઞા એ જ પ્રમાણભુત. ધર્મ, તપ, ધ્યાન વગેરે જિનાજ્ઞા મુજબનાં હોય તો જ વાસ્તવમાં ઉપાદેય ગણાય.

આવી રીતે છેવટે આગમનો સાર–નિચોડ–તાત્પર્ય કાઢીને બતાવેલું હોય તે જ આગમ તત્ત્વ સાચું સમજવું.

રોગને દૂર [illegible] હોય તો તે કારણે ત્યાં [illegible] તે અપવાદ.

'ગુરુની આજ્ઞા ટાળવું નહિ' આ ઉત્સર્ગ, પણ ર [illegible] કારણે ગુરુની આજ્ઞા ટાળે તે અપવાદ.

શય્યાતરના ઘરના આહાર પાણી લેવાય નહિ તે ઉત્ પણ આગાઢ બિમારીના કારણે વસ્તુની તાત્કાલ જરૂર હોય શય્યાતરના ઘરના આહારપાણી લેવાય તે અપવાદ.

કાચા પાણીને સાધુથી અડાય નહિ, તે ઉત્સર્ગ; પણ ભિક્ષા નદી આવતી હોય અને આસપાસ બીજો સ્થળમાર્ગ ન તો નદી ઉતરવાની છૂટ તે અપવાદ.

આમ દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવ વિચારીને સંયમરક્ષા મ ઉત્સર્ગ અને અપવાદ બતાવેલા હોય તે આગમ તત્ત્વ સ કહેવાય.

જે આગમમાં એકાંતે આમ જ કરવું, આમ ન જ કર એવું એકાંતે પ્રતિપાદન કરેલું હોય તે આગમ સાચું ન કહેવ

કેટલીકવાર એકવારનું કર્તવ્ય બીજીવારનું અકર્તવ્ય બ જતું હોય છે, અને એકવારનું અકર્તવ્ય બીજીવારનું કર્ત બની જાય છે.

જો આમાં વિવેક કરવામાં ન આવે તો લાભના બ નુકશાન થઈ જાય.

જીવન નિર્વાહ થતો ન હોય તો દોષિત આહારપાણી લે એ કર્તવ્ય. પણ જીવન નિર્વાહ નિર્દોષથી થાય એવો છે, છ દોષિત આહાર પાણી લે તો અકર્તવ્ય.

શાસ્ત્રોની વાતો જો યથાર્થ ગુરુગમથી સમજવામાં આવે તો તે જીવનને પાવન કરવાનું કામ કરી જાય

જિનાગમોની વાતો ખૂબ જ ગંભીર છે. ઉત્સર્ગ અને અપવાદનો ખૂબ જ વિસ્તાર છે. ક્યા કાળે શું કરવું, શું ન કરવું; ક્યા કાળે શામાં વધુ લાભ છે અને શામાં નુકશાન છે તે બધું તાત્વિક બુદ્ધિથી વિચારવું જોઈએ

શાસ્ત્રોની વાતોમાં એકાંત ન પકડાય. આજે એક પ્રવૃત્તિ કરવામાં લાભ હોય, તો કાલે તે જ પ્રવૃત્તિ કરવામાં નુકશાન પણ હોય.

એક વસ્તુ આજે કલ્પ્ય હોય તો આવતી કાલે અકલ્પ્ય પણ બની જાય. આજે જે ચીજ અકલ્પ્ય હોય તે કોઈ પરિસ્થિતિવશ કલ્પ્ય પણ બની જાય. એટલે દરેક પ્રવૃત્તિ કરતાં વિવેકની ખાસ જરૂર છે.

અંતે ધર્મ કે સંયમ જિનાજ્ઞાના પાલનમાં રહેલું છે.

धम्मो आणाए पडिबद्धो ।
वचनआराधनया खलु धर्मः ।
तद्विराधनया तु अधर्मः ॥

જિનવચન(આજ્ઞા)ની આરાધનાથી ધર્મ અને તેની વિરાધના(ખંડન)થી અધર્મ. આ છે અંતિમ આગમ તત્ત્વનો નિચોડ.

હવે ૧૧મા શ્લોકની વાત આવશે, પણ હવે ક્રમશઃ

સર્વ મંગલ માંગલ્યં....

કરે છે? પરીક્ષામાં પાસ થતાં હર્ષ કોને થાય છે? નાપાસ થતાં કાંકરીયામાં પડવાનું કોણ કરે છે? અમુક કરવા જેવું છે, અમુક કરવા જેવું નથી, આવા વિચાર કોણ કરે છે? અમુક વસ્તુ મને હવે યાદ આવી, આ ભૂતકાળને યાદ કરનાર કોણ? પૂર્વજન્મની સત્ય વાતો કરનાર કોણ?

મને તો અમુક વસ્તુ જ ભાવે, મને અમુક વસ્તુ તો ભાવે જ નહિ, આવી રાગદ્વેષની લાગણી કોને થાય છે?

યોજનાબદ્ધ પૂર્વયોજીત ખૂનો કોણ કરે છે?

દાન કોણ આપે છે? શીલ કોણ પાળે છે? તપ કોણ કરે છે? પ્રભુ પ્રાર્થના, પ્રભુ પૂજા કોણ કરે છે? ભાવિ યોજનાઓ કોણ ઘડે છે? વારંવાર ક્રોધાદિ વિકારોને વશ કોણ થાય છે? એક ગતિમાંથી બીજી ગતિમાં કોણ જાય છે? વિચિત્ર પ્રકારનાં સુખ દુઃખ કોણ ભોગવે છે? શ્રીમંત થવા કોણ પ્રયત્ન કરે છે? એમ. એ., બી. એ., સી. એ. થવા કોણ ભણવામાં મહેનત કરે છે?

ચાલે છે, બોલે છે, વિચારે છે, ઊભો રહે છે, સુવે છે, જાગે છે, દોડે છે એ કોણ?

આ બધા પ્રશ્નોનું સમાધાન આત્માના અસ્તિત્વને સ્વીકાર્યા સિવાય થાય તેમ નથી. નહિતર મડદામાં પૂર્વોક્ત બધી જ ચેષ્ટાઓ થતી દેખાવી જોઇએ.

શરીરના માળામાંથી આત્મારૂપી હંસલો ઊડી જતાં ખાલી પડેલો શરીર રૂપી માળો પછી નથી ખાતો, નથી પીતો, નથી વાતો કરતો, નથી બોલતો, નથી ક્રોધ કરતો, નથી શોક કરતો, નથી ભણતો, નથી રૂપિયાને યાદ કરતો, નથી પત્નીને યાદ કરતો, નથી

સંવરની વાતો અને બંધ-મોક્ષની વાતો કરવી પણ નિરર્થક છે. આત્માને અનુલક્ષીને તો એ બધાં તત્ત્વોનું અસ્તિત્વ સ્વીકારેલું છે. જો મૂળમાં આત્મા જેવી વસ્તુ જ ન હોય તો પછી તેના આધારે ઊભનારાં બીજાં તત્ત્વોની વિચારણા કરવી જ અસ્થાને ગણાશે. પુત્ર છે તો તેના ભણતરની, તેના સગપણની, તેના લગ્નની ચિંતા કરવાનું રહે, પણ મૂળમાં પુત્ર જ ન હોય તો પછી બીજી તેના અંગેની ચિંતા કરવાનું જ ક્યાં રહે છે?

જ્ઞાન સુખ દુઃખ શોકાદિ લાગણીઓવાળા આત્માનું અસ્તિત્વ સ્વીકારવું જોઈએ. આ ગુણો આત્મા સિવાય બીજે ક્યાંયે જણાતા નથી. જ્યાં વસ્તુના ગુણો હોય ત્યાં વસ્તુ હોય જ. ગુણી વગર ગુણો એકલા નિરાધાર કદીયે રહી શકતા નથી.

જડ પુદ્ગલોમાં રૂપ રસ ગંધ સ્પર્શ સંયોગ વિભાગ

કોઈ ભિખારીને દેખાડો, ખાણી નાખો તો પણ જગાડો તો દુઃખ ત્રાસની લાગણી થતાં નથી, ભાગનારને મારવા જેવો નથી.

માટે તો આપણે આનંદ મંગલ લીલા લહેર ભરી આત્માને આભારી છે. આત્મા જ્યારે આ દેહમાં નહિ હોય ત્યારે આનંદ મંગલ લીલા લહેર નહિ હોય. માટે બધી લાગણી ક્યાંય પણ પછી નહિ લાવી શકો. માટે જેના લીધે આ બધું સુખ લાગણી છે તે આત્માની ચિંતા કરો. તેને બધની કેદ માંથી છોડાવવા પ્રયત્ન કરો. કર્મની ગુલામીમાંથી મુક્ત કરો. ક્રોધાદિ વિકારોથી તેને બચાવો, આહારાદિ સંજ્ઞાઓથી, વિષય વાસનાઓથી તેને અળગો રાખો, અને આત્માને દાન, શીલ, તપ શુભ ભાવનામાં જોડો, જ્ઞાન ધ્યાનનાં તેને અમૃત પાન કરાવો. વ્રત નિયમમાં તેને જોડો, દેવસેવા, ગુરુ સેવા, તીર્થ-સેવામાં લગાડી દો. આથી તમારો આત્મા સદા આનંદી બની જશે.

રહેવો જોઈએ કે આ હું જીવતા જીવ ઉપર બેઠો છું—સુતો છું.

ઝાડનું પાંદડું તોડતાં, લીલું શાક સમારતાં, લીલું દાતણ ચાવતાં, બીડી પીતાં, ચુલો સળગાવતાં, રસોઇ કરતાં, કાચું પાણી ઢોળતાં, પંખાથી પવન ખાતાં, માટી ખોદતાં, કાચું મીઠું વાપરતાં, કીડીઓ ઉપર પગ મૂકતાં, હિંસક વેપાર કરતાં, કપડાં ધોતાં, વાસણ માંજતાં, ન્હાતાં, અળગણપાણી ઢોળતાં, જોયા વગર અનાજ દળાવતાં, જોયા વગર અનાજ રાંધતાં, અભક્ષ્ય ખાતાં, કંદમૂળ ખાતાં, વાસી ખાતાં, રાત્રી ભોજન કરતાં, ગમે ત્યાં જોયા વગર માત્રુ ઠલ્લો કરતાં, ગમે ત્યાં લીંટ કફ નાંખતાં, ગમે ત્યાં જીવવાળી જગ્યાએ બેસતાં, ઊભા રહેતાં, ચાલતાં, હૃદયમાં અરેરાટી થવી જોઇએ. બને ત્યાં સુધી જીવ મરે, તેને દુઃખ ત્રાસ કીલામણા સંઘટ્ટો થાય એવી એકે પ્રવૃત્તિ ન કરવી જોઇએ. જેમ બને તેમ નિરવદ્ય (પાપ વગરનું) અહિંસક જીવન જીવવા પ્રયત્ન કરવો જોઇએ.

જયણા–દયા એ તો ધર્મની માતા છે. માતાના જતનમાં જ ધર્મરૂપી બાળકની સલામતી છે. દયા વગર ધર્મ હોઈ શકતો નથી. ફક્ત માનવો પૂરતી જ દયા ન જોઇએ, પણ પ્રાણીમાત્ર પ્રત્યે દયા જોઈએ. નિરર્થક કોઇના પણ પ્રાણ જાય એવી પ્રવૃત્તિ છોડી દેવી જોઇએ.

નિરર્થક ફરવા હરવાનું છોડી દેવું જોઇએ. વેપાર પણ જેમ બને તેમ અહિંસક હોવો જોઇએ. પરિણામ કઠોર–ક્રૂર નિર્દય બની જાય એવી એકે પ્રવૃત્તિ સાચો ધર્મી આત્મા ન કરે.

પરિણામની કુણાશ તો હંમેશાં ટકી રહેવી જોઈએ.

માટે જીવ સાથે જીવ તરીકેનો વ્યવહાર રાખવો જોઈએ.

[illegible]

દરેક પ્રાણીમાં રહેલો જે અનંતી અનંત જ્ઞાનસ્વરૂપ, અનંત આનંદસ્વરૂપ, અનંત ગુણસ્વરૂપ, અનંત શક્તિસ્વરૂપ જે આત્મા છે તેના ઉપર જ આપણી દ્રષ્ટિ સ્થિર રાખવી જોઈએ. જગતમાં તો બધા જડોનું સુખ, આનંદ, ગુણો, જ્ઞાન, શક્તિ, તેજ, પ્રકાશ, સૌન્દર્ય વગેરે બાહ્યસ્વરૂપ જ છે, જે અત્યારે વિશ્વમાં દેખાય છે તે કર્મકૃત જાણવી, અને કર્મકૃત હોય તે હંમેશાં નશ્વર હોય. માટે નશ્વરભાવો તરફ દ્રષ્ટિ ન રાખતાં શાશ્વત આત્મા અને આત્માના ગુણો તરફ દ્રષ્ટિ રાખવી જોઈએ.

દરેક પ્રાણીમાં સુખદુઃખની લાગણીવાળા આત્માનો સ્વીકાર કર્યા પછી તે જીવો સાથે જડ જેવો વ્યવહાર ન રખાય.

પછી તો બગીચામાં લીલા ઘાસ ઉપર બેસતાં

વિરતિ વગરનું જ્ઞાન પાંગળું છે. હથિયાર–શસ્ત્ર વગરનો ાનિક ગમે તેટલો બાહોશ હોય–પરાક્રમી હોય પણ યુદ્ધ જીતી ન શકે.

૧૯૬૨માં ચીનના સૈન્ય સામે ભારતનું લશ્કર ટકી ન શક્યું તેનું કારણ જાણો છો? આમ તો ભારતનું લશ્કર આખી દુનિયામાં બળવાન ગણાય છે પરંતુ તેની પાસે પૂરતી શસ્ત્રસામગ્રી હતી નહિ એટલે ચીનના લશ્કરની સામે આપણી સેના ટકી શકી નહિ અને પરાજય સ્વીકારવો પડ્યો. એમ આંતર શત્રુઓ સામેના યુદ્ધમાં વિરતિ (સંયમ) રૂપી અમોઘ-શસ્ત્ર હોય તો જ મોહરાજાની વિરાટ સેનાને પરાજિત કરી શકાય છે.

જ્ઞાન ભણવાનું છે તે પણ સંયમ માટે. જીવનમાં સંયમ લાવે, સંયમનો વિકાસ કરે, સંયમનું રક્ષણ કરે એ જ સાચું જ્ઞાન છે. પ્રશમરતિગ્રંથમાં પૂજ્યપાદ ઉમાસ્વાતિજી મહારાજા ફરમાવે છે કે—જે જ્ઞાન ચરણકરણનું સાધક બને એજ સાચું જ્ઞાન. જેમ જેમ જ્ઞાન ભણતા જઈએ તેમ તેમ જીવન વધુ ને વધુ સંયમી (વ્રત નિયમવાળું) બનવું જોઈએ. જ્ઞાન તો વિરતિને બુમો પાડીને બોલાવી લે. સાચા જ્ઞાનને તો વિરતીરૂપી બહેન વગર ગમે જ નહિ. અને વિરતિરૂપી બહેનને જ્ઞાનરૂપી ભાઈ વગર ગમે નહિ. આ ભાઈબહેનની જોડી ધર્મરાજાના સેનામાં મુખ્ય ભાગ ભજવે છે. ધર્મરાજાને આ ભાઈબહેનની જોડી ખૂબ જ પ્રિય છે. ધર્મરાજા સદા આ ભાઈબહેનની જોડીને અમૃતદૃષ્ટિથી જુવે છે. ધર્મરાજા સદા આ ભાઈબહેનની જોડીને પોતાની પાસે જ રાખે છે. મોહરાજાના સૈનિકો આ ભાઈબહેનની જોડીથી ખૂબ જ ગભરાય છે. આ જોડીને વિખૂટી પાડવા ઘણા જ દાવપેચ રમે છે. કોઈવાર મોહરાજાના સૈનિકોના દાવ સીધા

માટી દૂર કરવાની છે. કેવળજ્ઞાન એ આત્માનું પોતાનું જ સ્વરૂપ છે. આત્મા કેવળ જ્ઞાનમય જ છે, આત્માના મૂળ સ્વરૂપમાં અજ્ઞાન છે જ નહિ. છતાં આપણી માલીકીની પરમ તેજોમય વસ્તુ માટે ખાસ પુરૂષાર્થ નથી જાણે અજ્ઞાનરૂપી અંધકારમાં રહેવા માટે આપણે ટેવાઈ ગયા હોઇએ એવું આપણું જીવન જોતાં લાગે છે. નહિતર એમ ન થાય કે હું ત્રણેકાળના સર્વ પદાર્થોને જાણનારા જ્ઞાનવાળો હોવા છતાં ઘડી પછી શું થવાનું છે તે પણ જાણી શકતો નથી? કેટલું બધું મારૂં અજ્ઞાન! હું અનંત જ્ઞાનસ્વરૂપ હોવા છતાં મારી વર્તમાનદશા કેવી ઘોર અજ્ઞાનભરી છે! 'મારે મારી જ્ઞાનદશા પ્રાપ્ત કરવી જ છે' 'મારે સંપૂર્ણ અજ્ઞાન હઠાવવું જ છે' આવા નિર્ધારવાળા બનીને જ્ઞાની ગુરુની સેવા વિનય કરીને જિનાગમોનું સમ્યગ્ જ્ઞાન ભણવા માંડીએ અને સાથે સાથે વિરતિમય (વ્રતમય) જીવન જીવતા જઈએ તો એક દિવસે આપણો આત્મા જરૂર જ્ઞાનથી પૂર્ણ બની જશે.

જૈન ધર્મમાં એકલા જ્ઞાનથી મોક્ષ બતાવેલો નથી, પણ જ્ઞાન સાથે સંયમ-વિરતિ જોઇએ.

જ્ઞાનનું કામ મોક્ષનો રસ્તો બતાવવાનું અને વિરતિ (સંયમ)નું કામ મોક્ષના રસ્તે પથિકને પહોંચાડવાનું છે. જ્ઞાન મોહરાજાની ભેદી વ્યૂહરચના બતાવે છે. જ્યારે વિરતિ (સંયમ)એ ભેદી વ્યૂહરચનામાંથી જીવને ઉગારી લે છે. મોહના સકંજામાંથી જીવને છોડાવે છે. વિરતિનું કામ મોહરાજાની સેના સામે સતત લડવાનું છે. વિરતિ એટલે ધર્મરાજાની સેનાનો ચીફ કમાન્ડર. મોહરાજાની સેનાના કુરચા ઉડાડવાનું કામ તેનું. વિરતિ એટલે મોહાસ્ત્ર. મોહરાજાની સેનાને મુંઝવી નાંખે-મુંગળાવી દે, સુધબુધ ભૂલાવી દે.

સર્વજ્ઞવચનને સારી રીતે ગુરુગમથી જાણવું જોઈએ વારંવાર તેનું પરિશીલન કરવું જોઈએ પરિશીલન કરીને તત્ત્વનો નિર્ણય કરવો જોઈએ કે ત્રિભુવનમાં સર્વજ્ઞ વચન એ જ સાર છે, એ જ પરમાર્થ છે, બાકીનું બધું અનર્થભુત છે.

આખા વિશ્વવર્તી જડચેતન પદાર્થોનું યથાર્થ પ્રતિપાદન કરનાર હોય તો સર્વજ્ઞ વચન છે. પદાર્થની-તત્ત્વની સાચી ઓળખ સર્વજ્ઞ વચન સિવાય થઈ શકતી નથી અનંત ધર્માત્મક પ્રત્યેક પદાર્થની ઓળખ સર્વજ્ઞ વચન દ્વારાજ થઈ શકે છે.

જિનાગમો એટલે સર્વજ્ઞ વચનનો સંગ્રહ.

રાગદ્વેષની જડ ઉખેડવા જિનાગમોનું શરણ લીધા વિના છૂટકો નથી. શમરસમાં જીવને ઝીલતા કરવાનું કામ જિનાગમોનું છે. કષાયાગ્નિને બુઝાવવા માટે બંબા સમાન જિનાગમો છે. માટે તો યોગબિંદુ ગ્રંથમાં ભગવાન હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ આગમભક્તિને મુક્તિની દૂતિ તરીકે ઓળખાવી છે. આગમ એ મુક્તિનો માર્ગ બતાવનાર કુશળ ભોમીયો છે. આગમરૂપી ભોમિયા વગર આપણે મુક્તિનો પંથ કાપી શકીશું નહિ. આપમતિએ ચાલવાથી તો સંસાર વધશે. શાસ્ત્રમતિએ ચાલવાથી સંસાર ઘટશે. પરલોકની સાધનામાં આપમતિ ન ચાલે ત્યાં તો સર્વજ્ઞબુદ્ધિની આધીનતા સ્વીકાર્યા વિના છૂટકો નથી. સાચી આત્મકલ્યાણની કામના હોય તો વહેલામાં વહેલી તકે શાસ્ત્રમતિ–આગમમતિની શરણાગતિ સ્વીકારી લો.

આ શ્લોકમાં છેલ્લે કહ્યું કે સર્વજ્ઞ વચન અનાદી છે કારણ કે પ્રવાહથી તીર્થંકરો આ અવનિ ઉપર અનાદિકાળથી ... મહાવિદેહ ક્ષેત્રની અપેક્ષાએ તો કદીયે

[illegible] એક સામાયિકની કિંમત સમજતો [illegible] ભગ-વાન [illegible] ભગવાન મહાવીર સ્વામીએ શ્રેણિક [illegible] મગધના મહારાજ શ્રેણિકરાજાને પુણીયા શ્રાવક એક સામાયિકનું ફળ લઈ આવવા કહ્યું. શ્રેણિકરાજા સ્વ-[illegible] પુણીયાને ત્યાં જાય છે અને એક સામાયિકનું ફળ આપવાની માગણી કરે છે. અને તે પુણીયો શ્રાવક શ્રેણિકરાજાને એક સામાયિક આપે તો તેના બદલામાં મગધનું રાજ્ય સોંપી આપે છે છતાં તે પુણીયો શ્રાવક મગધના રાજ્યની લાલચને વશ ન થતાં સામાયિક આપવાનો સ્પષ્ટ ઇન્કાર કરે છે. [illegible] પુણિયા શ્રાવકને મન એક સામાયિકનું કેટલું બધું મહત્ત્વ હશે કે તેની ખાતર મોટા મગધના રાજ્યને પણ લાત મારી દીધી!

ધર્મ કરનારમાં કેવું સત્ત્વ હોય એ અહીંયા પુણીયા શ્રાવકના જીવનમાંથી શીખવા મળે છે. લાલચુ લોભી મનુષ્ય ધર્મનું રક્ષણ અવસરે કરી શકતો નથી. નિઃસ્પૃહી મનુષ્ય એ જ વાસ્તવિક ધર્મનો અધિકારી છે. ધન, સત્તા, પ્રતિષ્ઠા, વૈભવ, પરિવાર કરતાં ધર્મનું મહત્ત્વ જેને વધુ હોય એજ ધર્મનો અધિકારી છે. ધર્મ કરતાં ધનને વધુ મહત્ત્વ આપનારો ધર્મનો અનધિકારી છે. ધન અશાશ્વત છે, જ્યારે ધર્મ શાશ્વત અને શાશ્વત એવા સુખને આપનારો હોવા છતાં શાશ્વત કરતાં અશાશ્વતને વધુ મહત્ત્વ આપનારો 'ધર્મી છે' એમ કયો ડાહ્યો પુરૂષ કહે?

સમકિતની ભૂમિકામાં આવ્યા પછી જીવ સર્વજ્ઞ વચનને–આગમવાણીને જ વાત વાતમાં આગળ કરે છે. ધર્મ અધર્મની વ્યવસ્થાનું નિયામક કોઇપણ હોય તો સર્વજ્ઞ વચન છે. મોક્ષના સાધક એવા પુણ્યાત્માઓ—

પ્રવચન પંદરમું



बालादिभावमेवं सम्यग्विज्ञाय देहिनां गुरुणा ।
सद्धर्मदेशनापि हि कर्त्तव्या तदनुसारेण ॥१३॥

પૂજ્યપાદ પરમોપકારી ભગવાન હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા હવે પ્રથમ ષોડશકના ૧૩ મા શ્લોકમાં ગુરુએ દેશના (ઉપદેશ) કોને કેવી આપવી તે વાતનો આ શ્લોકમાં નિર્દેશ કરે છે. જીવની કક્ષા વિચાર્યા વગર આપેલી દેશના (ઉપદેશ) નિષ્ફળ નિવડવાનો સંભવ છે. ઉપદેશ આપવાનું પ્રયોજન ભવ્ય જીવોને ધર્મમાં જોડવાનું છે. જે ધર્મમાં જોડાયેલા હોય તેને ધર્મમાં સ્થિર કરવાનું છે. ધર્મમાં સ્થિર થયેલા હોય તેને ધર્મમાં આગળ વધારવાનું છે. ઉપદેશ આપનારા ગુરુ સંવિગ્ન ગીતાર્થ જોઇએ. સંવિગ્ન એટલે પોતે જાતે ભવભીરુ હોય. ભવસાગર તરી જવા માટે સદા તલપાપડ હોય
અને સ્વયં મોક્ષમાર્ગના ... એ. મોક્ષમાર્ગના
જાણ એટલે આગમોના શા... છેદસૂત્રો ભણીને
વાંચી વિચારીને ઉત્સર્ગ અ... બનેલા હોવા
જોઇએ. પોતે સ્વયં ઉત્સર્ગ ... દના સ્થાનને
ઓળખી તે મુજબ ચાલન... ગુરુ પ
બુદ્ધિવાળા હોવા જોઇએ. ... નારા
જોઇએ. સ્યાદ્વાદની શૈલી... ।ના
સુવિહિત સારા સંયમી શિ...

[illegible] જ નથી. તીર્થંકર ભગવંતો [illegible] સર્વજ્ઞ હોવાથી તેઓના વચનમાં ક્યારે વિસંવાદ [illegible] સર્વજ્ઞ આજ્ઞાને શિરોધાર્ય કરી [illegible] દરેક બાબતમાં સર્વજ્ઞ આજ્ઞા [illegible] ઉપર પ્રમાણ કરતા [illegible] રહસ્ય પણ જાણવું જોઈએ. હવે [illegible] વિચાર [illegible]

સર્વ મંગલ માંગલ્યં....

પ્રવચન પંદરમું



બાલાદિભાવમેવં સમ્યગ્વિજ્ઞાય દેહિનાં ગુરુણા ।
સદ્ધર્મદેશનાપિ હિ કર્તવ્યા તદનુસારેણ ॥૧૩॥

પૂજ્યપાદ પરમોપકારી ભગવાન હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા હવે પ્રથમ ષોડશકના ૧૩ મા શ્લોકમાં ગુરુએ દેશના (ઉપદેશ) કોને કેવી આપવી તે વાતનો આ શ્લોકમાં નિર્દેશ કરે છે. જીવની કક્ષા વિચાર્યા વગર આપેલી દેશના (ઉપદેશ) નિષ્ફળ નિવડવાનો સંભવ છે. ઉપદેશ આપવાનું પ્રયોજન ભવ્ય જીવોને ધર્મમાં જોડવાનું છે. જે ધર્મમાં જોડાયેલા હોય તેને ધર્મમાં સ્થિર કરવાનું છે. ધર્મમાં સ્થિર થયેલા હોય તેને ધર્મમાં આગળ વધારવાનું છે. ઉપદેશ આપનારા ગુરુ સંવિગ્ન ગીતાર્થ જોઈએ. સંવિગ્ન એટલે પોતે જાતે ભવભીરુ હોય. ભવસાગર તરી જવા માટે સદા તલપાપડ હોય અને સ્વયં મોક્ષમાર્ગના જાણ હોવા જોઈએ. મોક્ષમાર્ગના જાણ એટલે આગમોના જ્ઞાતા હોવા જોઈએ. છેદસૂત્રો ભણીને વાંચી વિચારીને ઉત્સર્ગ અપવાદના સારા જ્ઞાતા બનેલા હોવા જોઈએ. પોતે સ્વયં ઉત્સર્ગના સ્થાનને અને અપવાદના સ્થાનને ઓળખી તે મુજબ ચાલનારા હોવા જોઈએ. ગુરુ પરિણત બુદ્ધિવાળા હોવા જોઈએ. દેશકાળભાવને જાણનારા હોવા જોઈએ. સ્યાદ્વાદની શૈલીના સારા જાણકાર હોવા જોઈએ. સુવિહિત સારા સંયમી શિષ્યોના પરિવારવાળા હોવા જોઈએ.

તીર્થંકર ભગવંતોમાં વિરુદ્ધ હોતો જ નથી. તીર્થંકર ભગવંતો વીતરાગ સર્વજ્ઞ હોવાથી તેઓના વચનમાં ક્યાંયે વિસંવાદ હોય નહિ માટે નિઃશંક બનીને સર્વજ્ઞ આજ્ઞાને શિરોધાર્ય કરી મુક્તિમાર્ગ સાધતા રહેવું. દરેક વાતમાં સર્વજ્ઞ આજ્ઞાને જ પ્રમાણ એમ [illegible] મોક્ષમાર્ગ ઉપર પ્રયાણ કરતા રહેવું. ગુરુગમથી આગમનું સ્વરૂપ પણ જાણવું જોઈએ. હવે પછી ૧૨ મા [illegible]નો વિચાર કરીએ.

સર્વ મંગલ માંગલ્ય ...

તેની ખાસ અસર ન પડે. પરોવદેશે પાંડિત્ય વાળા ગુરૂ ન હોય. ગુરૂને પૈસા પત્નીનો મોહ છૂટ્યો ન હોય અને શ્રોતાઓને તેનો મોહ છોડવાનું કહેનારા ગુરુના ઉપદેશની અસર કેટલી પડે તે તમે બધા સમજી શકો છો; માટે કહ્યું છે કે ગુરુ સ્વયં ધર્મના કર્ત્તા હોવા જોઇએ

ગુરુ પોતે સ્વયં ધર્મને જાણીને અને પાલન કરીને બેસી ન રહે પરંતુ તે ધર્મનો પ્રચાર કરનાર હોય. જે વસ્તુ જગતના જીવોનું એકાંતે હિત કરનારી હોય તેવી વસ્તુનો પ્રચાર જગતના જીવો સમક્ષ કરવો જોઇએ. જગતના જીવોને ધર્મ કરવાથી થતાં ફાયદા, ન કરવાથી થતા નુકશાનો વગેરે સમજાવવું જોઇએ.

"સૌ જીવો ધર્મ પામો' એવી ઉદાત્ત ભાવના ધર્મગુરુના હૃદયમાં હોવી જોઇએ. સાથે સાથે એ ધર્મ જગતના જીવોને પમાડવાનો પુરુષાર્થ પણ ગુરુએ કરવો જોઇએ. ગુરુ પરોપકારી હોય. જગતના જીવોને સાચો સર્વજ્ઞકથિત ધર્મ પમાડી સુખી બનાવવાની સર્વોત્તમ ભાવના અને પુરુષાર્થ ધર્મગુરુમાં હોવો જોઇએ.

અને સાચા ધર્મગુરુ મોક્ષસાધક ધર્મશાસ્ત્રોનો જ ઉપદેશ આપનારા હોવા જોઇએ. અર્થકામનો ઉપદેશ આપનારા ધર્મગુરૂ ન હોય અર્થકામમાં તો આખું જગત પાવરધું છે. જે વાતો લોકોના જીવનમાં સહજ હોય તેનો ઉપદેશ કરવાનો ન હોય. અર્થકામથી તો આખું જગત દુઃખી છે. માટે દુઃખદાયી વસ્તુનો ઉપદેશ ધર્મગુરૂ ન આપે. માનવનો જન્મ અર્થકામનો અસત્ પુરુષાર્થ કરવા માટે નથી. પરંતુ મોક્ષસાધક ધર્મનો સત્ પુરુષાર્થ કરવા માટે છે.

સ્વયં વ્રતમાં–મહાવ્રતમાં સ્થિર હોય તે ગુરુ બીજા જીવોને પણ વ્રતમાં–ધર્મમાં સ્થિર બનાવી શકે છે. ગુરુને પોતાને જ વ્રતની ધર્મની શ્રદ્ધા ન હોય, વ્રતપાલન પોતે કરતા ન હોય તો તે ગુરુનો ઉપદેશ પાણીમાં પડેલી રેખા જેવો ક્ષણજીવી હોય છે જે ગુરુના હૈયામાં ધર્મ હોય તે જ ગુરુ બીજાના હૈયામાં ધર્મ પહોંચાડી શકે. ગુરુનું જ હૈયુ ધર્મશૂન્ય હોય અને ધર્મ ઉપર મોટા અવાજે લેક્ચર (પ્રવચન) આપે તો ઉપદેશ શિષ્ટજનોમાં હાસ્યાસ્પદ બની જાય છે. જે વસ્તુની પોતાને બિલકુલ શ્રદ્ધા ન હોય તે વસ્તુનો ઉપદેશ શ્રોતાઓ સમક્ષ આપવો તે એક પ્રકારનો દંભ છે. લોકરંજન ખાતર ઉપદેશ નથી આપવાનો પણ લોકોનાં જીવન સુધારવા ઉપદેશ આપવાનો છે. લોકોનું આત્મહિત કરવાની બુદ્ધિ નથી અને પાટ ઉપર ચઢી ઉપદેશ આપવા બેસી જવું એ ખરેખર હૃદયની ધિઠ્ઠાઈનું જ પ્રદર્શન છે.

ટીકાકાર ભગવંત આ તેરમા શ્લોકની ટીકામાં ગુરુનું સ્વરૂપ બતાવતાં ફરમાવે છે કે—

धर्मज्ञो धर्मकर्त्ता च सदा धर्मप्रवर्तकः ।
सत्त्वेभ्यो धर्मशास्त्रार्थदेशको गुरुरुच्यते ॥

પ્રથમ તો ગુરુ ધર્મના સ્વરૂપના જાણ જોઈએ. બીજા નંબરમાં સ્વયં ધર્મનું પાલન કરનારા જોઈએ. ત્રીજા નંબરમાં ગુરુ ધર્મના પ્રવર્તક હોવા જોઈએ. અને ચોથા નંબરમાં ભવ્ય જીવોને ધર્મશાસ્ત્રના ઉપદેશ આપનાર હોવા જોઈએ.

જો ગુરુ સ્વયં ધર્મના સ્વરૂપના જાણ ન હોય તો બીજાને તે ધર્મનું સ્વરૂપ સમજાવી ન શકે.

ગુરુ પોતે ધર્મનું પાલન કરતા ન હોય તો શ્રોતા ઉપર

પ્રવચન સોળમું



પૂજ્યપાદ પરમોપકારી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા પ્રથમ ષોડશકના તેરમા શ્લોકમાં સદ્ધર્મની દેશના કેવી રીતે આપવી તે વાત સમજાવે છે. ગઈકાલના વ્યાખ્યાનમાં સદ્ધર્મની દેશના (ઉપદેશ) આપનારા ગુરૂ કેવા હોય તેનો ઠીક ઠીક વિચાર કર્યો. આજે સદ્ધર્મ કોને કહેવાય તેની ચોક્કસ વિચારણા કરીશું.

જગતમાં કિંમતી વસ્તુની નકલો ઘણી હોય છે એમ ધર્મ એ જગતની કિંમતીમાં કિંમતી વસ્તુ છે માટે તેની નકલો જગતમાં ઘણી છે. પિત્તળની નકલો જોવા નહિ મળે પણ સોનાની નકલો ઘણી જોવા મળશે. લોઢાની નકલો જોવા નહિ મળે પણ ઝવેરાતની નકલો ઘણી જોવા મળશે હલકી તુચ્છ વસ્તુની નકલ કોઈ પ્રાયઃ કરતું નથી. પરંતુ કિંમતી વસ્તુની નકલ કરનારા જગતમાં ઘણા છે.

આસ્તિક દર્શનકારોએ ધર્મની આવશ્યકતા સ્વીકારેલી છે. પણ ધર્મ સૌથી કિંમતી છે એમ પણ બધા સ્વીકારે છે. પણ ધર્મ કેવો હોય, ધર્મ શા માટે કરવો, કેવી રીતે કરવો એ બાબતોમાં ઘણો મતભેદ પ્રવર્તે છે.

તો પ્રથમ આપણે સદ્ધર્મ કેવો હોય તે બાબતનો વિચાર કરીએ. સદ્ધર્મ (સાચો ધર્મ) મોક્ષના સ્વરૂપને અનુરૂપ ... ધર્મનું સ્વરૂપ અને મોક્ષનું સ્વરૂપ તદ્દન વિરુદ્ધ હોઈ

પાડી છે? ના, તો પછી સાધુસેવા-ગુરુસેવાની આટલી બધી ઉપેક્ષાવૃત્તિ કેમ આવી ગઈ છે?

જિનપૂજા ૧-૨ કલાક હજુ કરો, નવકારનો જાપ હજુ ૦॥-૧ કલાક કરો, સામાયિક પ્રતિક્રમણ માટે સમય હજુ કાઢો, સ્વાધ્યાય તીર્થયાત્રા માટે હજુ સમય કાઢો છો, જ્યારે સાધુસેવા માટે તમારી પાસે ટાઈમ નથી.

ઊંચો પણ ઉપદેશ તમારા હૈયાને અડતો નથી તેનું એક કારણ, સાધુસેવાનો અભાવ છે. જેની પાસે ધર્મનો ઉપદેશ સાંભળીએ, ધર્મનું જ્ઞાન લઈએ અને તેની સેવા ન કરીએ તો તે ઉપદેશ કે જ્ઞાન તમારા આત્માને બહુ લાભ નહિ કરે.

હવે આગળની મૂળ વાત ઉપર આવીએ કે ગુરૂએ કોને કેવો ઉપદેશ આપવો; તો ગ્રંથકાર ભગવંત કહે છે કે બાલ જીવને બાલ યોગ્ય, મધ્યમને મધ્યમ યોગ્ય અને પંડિતને પંડિત યોગ્ય ઉપદેશ ગુરુએ આપવો જોઈએ.

હવે આ અંગે વિશેષ વિચારણા અગ્રે વર્તમાન—

સર્વ મંગલ માંગલ્યં....

નું અસ્તિત્વ છે. આત્મા અનાદીઅનંત છે તો તેનો ધર્મ પણ અનાદીઅનંત છે. આત્મા અને આત્માના ધર્મનો કદીયે નાશ થતો નથી. ફક્ત અનાદીકાળથી જે ધર્મ કર્મની માટી નીચે દબાયેલો છે. કર્મની માટી શુદ્ધ અહિંસા, સંયમ અને તપરૂપી પાવડાથી દૂર કરીએ તો શુદ્ધ રત્નત્રયીમય ધર્મરૂપી ભગવાન તરત જ પોતાનું પરમ તેજોમય સ્વરૂપ પ્રગટ કરે છે. જે ધર્મરૂપી ભગવાનનાં તેજથી ત્રિભુવન પ્રત્યક્ષ દેખાય છે, ત્રણે કાળની વાતો પ્રત્યક્ષ જોઈ શકાય છે, પરમાણુથી માંડી અચિત્ત મહાસ્કંધ સુધીનો ઇતિહાસ પ્રત્યક્ષ જાણી જોઈ શકાય છે, લોક–અલોકના અનંતભાવો પ્રત્યક્ષ જોઈ શકાય છે.

અનાદીકાળથી પોતાના આત્મામાં રહેલા શાશ્વત ધર્મને જોવાની પ્રથમ જરૂર છે. તીર્થસ્થાનો, મંદિરો, ઉપાશ્રયો, મૂર્તિઓ, શાસ્ત્રો, ધર્મગુરુઓ, ક્રિયાકાંડો, વ્રત નિયમો એ બધું શુદ્ધ દર્શન જ્ઞાન ચારિત્રમય ધર્મની પ્રાપ્તિ માટે છે. ધર્મ એ સાધ્ય છે, જ્યારે તીર્થસ્થાનો, મંદિરો, મૂર્તિઓ, વ્રત નિયમો એ બધાં સાધનો છે. સાધનો દ્વારા સાધ્યને સિદ્ધ કરવાનું છે. ધર્મના સાધનોનો વિવેકપૂર્વક ઉપયોગ કરતાં આવડે તો જ સાચો કલ્યાણકારી ધર્મ પ્રાપ્ત થાય.

કેવળ અર્થકામની પ્રાપ્તિ માટે ધર્મ નથી કરવાનો, સ્વર્ગ-પ્રાપ્તિ માટે પણ ધર્મ નથી કરવાનો, ચક્રવર્તી રાજા મહારાજા કે ધનવાન બનવા પણ ધર્મ નથી કરવાનો; પરંતુ જન્મમરણથી છૂટવા ધર્મ કરવાનો છે. આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરવા ધર્મ કરવાનો છે. નિજસ્વરૂપમાં સ્થિર થવા ધર્મ કરવાનો છે. જે ધર્મ નિજસ્વરૂપ પ્રાપ્ત કરાવે તે જ સાચો ધર્મ. જે ધર્મનું પાલન કરવાથી આત્માનો સર્વોત્કૃષ્ટ વિકાસ થાય

હોઇ શકે નહિ. માટી અને ઘડો તદ્દન વિરુદ્ધ હોઈ શકે નહિ. તેમ ધર્મ અને મોક્ષ તદ્દન વિરુદ્ધ હોઈ શકે નહિ. તે બંને વચ્ચે કાર્ય–કારણભાવ હોવો જોઇએ.

ધર્મ એ મોક્ષનું કારણ છે, જ્યારે મોક્ષ એ ધર્મનું કાર્ય છે.

ધર્મથી જન્મ–જરા–મરણ રહિત મોક્ષ ઉત્પન્ન થવો જોઇએ. ધર્મથી રાગ-દ્વેષ મોહરહિત આત્માની મોક્ષ અવસ્થા પ્રગટ થવી જોઇએ.

ધર્મથી દુઃખ દોષ કર્મોથી રહિત સકલ ગુણમય આત્માની મોક્ષ અવસ્થા ઉત્પન્ન થવી જોઇએ.

ધર્મથી [illegible] જગતનું અદ્ભુત શાશ્વત અજર અમર મોક્ષ અવસ્થા પ્રાપ્ત થવી જોઇએ.

જે ધર્મનું પાલન કરવાથી જીવનાં સકલ દુઃખો અને [illegible] નાશ [illegible] નાશ [illegible] અને શાશ્વત સુખ અને [illegible] ધર્મ જાણવો.

જે ધર્મ ઐકાંતિક અને આત્યંતિક સુખ પ્રાપ્ત કરાવે [illegible]

[illegible]

[illegible]

[illegible]

જો પરસ્થાને દેશના આપે તો તે ધર્મગુરુ પાપના ભાગીદાર બને છે તે વાત હવે પછી ચૌદમા શ્લોકમાં ગ્રંથકાર ભગવંત બતાવે છે.

यद्भाषितं मुनीन्द्रैः पापं खलु देशना परस्थाने ।
उन्मार्गनयनमेतद् भवगहने दारुणविपाकं ॥ १४ ॥

જિનેશ્વર દેવોએ કહ્યું છે કે પરસ્થાને દેશના તે પાપરૂપ છે. તેનાથી શ્રોતા સન્માર્ગનો ત્યાગ કરી ઉન્માર્ગે ચાલ્યો જાય છે. ગહન એવા ભવસમુદ્રમાં તે આત્મા ડૂબી જાય છે ત્યાં તે ભયંકર દારુણવિપાકને પામે છે.

જે ઉપદેશ જેને લાયક ન હોય તેને તે ઉપદેશ આપવાથી તે શ્રોતા ધર્મપ્રત્યે અને ધર્મગુરુ પ્રત્યે અરુચિવાળો બને છે. જતા દિવસે ઉપાશ્રયનું પગથિયું ચઢવાનું પણ ભૂલી જાય છે. માટે વ્યાખ્યાનકાર ગુરુએ ખૂબ સૂક્ષ્મમતિથી શ્રોતાની કક્ષાની ચકાસણી કરીને ઉપદેશ આપવાની શરૂઆત કરવી જોઈએ.

એકડામાં ભણતા વિદ્યાર્થીને મેટ્રીકના ધોરણના પુસ્તકોનું અધ્યયન કરાવનાર શિક્ષક બુધ્ધુમાં ખપે એમ મેટ્રીકના વિદ્યાર્થીઓને એકડાના પુસ્તકોનું અધ્યયન કરાવનાર શિક્ષક પણ વિદ્યાર્થીઓનો વિકાસ રૂંધનારો બેવકૂફ ગણાય, એમ ધાર્મિક ક્ષેત્રમાં ધર્મગુરુએ પણ શ્રોતાની કક્ષા વિચારીને તેનું આત્મકલ્યાણ થાય તેવો ઉપદેશ આપવો જોઈએ. ઉપદેશક ઉપર કેટલી બધી જવાબદારી છે તે વિચારવા જેવું છે. પાટ ઉપર ચઢી બેસી ગમે તે વ્યક્તિ મન ફાવે તેમ ઉપદેશ આપવા લાગી જાય તે બરાબર નથી. સર્વવિરતિનો ઉપદેશ જેને આપવાનો હોય તેને દેશવિરતિનો ઉપદેશ આપે અને દેશવિરતિનો ઉપદેશ જેને આપવાનો હોય તેને સર્વવિરતિનો ઉપદેશ આપે તો તે આત્મા ઉભયધર્મથી ભ્રષ્ટ બને.

એ જ સાચો ધર્મ. જે ધર્મનું પાલન કરવાથી આત્મા
માંથી બચી જ ભવભ્રમણથી નીકળી જાય એ જ સાચો ધર્મ.

વાસનાના વિકારોથી મુક્ત કરી આત્માને સર્વથા નિર્વિકાર
બનાવે એ જ સાચો ધર્મ.

પૂર્ણજ્ઞાની સિવાય આવા શુદ્ધધર્મને સંપૂર્ણ સાક્ષાત્ જોવા
કોઈ જ સમર્થ નથી માટે સર્વજ્ઞકથિત ધર્મ એ જ શુદ્ધ
ધર્મ બની શકે છે. જે પાણી તરસ છીપાવે, શરીર કપડાંનો
મેલ દૂર કરે એ જ સાચું પાણી એમ જે ધર્મ વિષયતૃષ્ણાની
તરસ મીટાડે, આત્માનો કર્મમળ ધોવે એ જ સાચો ધર્મ.

જે ધર્મ અમારા આત્માનો કર્મમળ–પાપમળ ધોઈ આપે
એ જ અમારે મન સાચો ધર્મ છે.

જે ધોબી મેલાં કપડાંને ઉજળાં બનાવી આપે એ જ સાચો
ધોબી. એમ જે ધર્મ અમારા કર્મમલીન આત્મારૂપી કપડાને
ધોઈ ઉજળું બનાવી આપે એ જ અમારો ધર્મ–એ જ સાચો
ધર્મ. સાચા ધર્મગુરુ પાસે આવા સદ્ધર્મનું સ્વરૂપ જાણવા
મળે છે. માટે રોજ મુમુક્ષુ આત્મા સદ્ગુરુ પાસે વિનયપૂર્વક
સદ્ધર્મનું સ્વરૂપ સાંભળે. સદ્ગુરુ શ્રોતાની કક્ષા વિચારીને
તેના ઉપર જે રીતે ઉપકાર થાય તે રીતે તેને ધર્મ સમજાવે.
સામાન્ય બાલ જેવો શ્રોતા હોય તો તેને સ્થૂલ સ્થૂલ ધર્મના
આચારોનું તેની આગળ વર્ણન કરે, મધ્યમ શ્રોતા હોય તો
ધર્મના સૂક્ષ્મ આચારોનું તેની આગળ વર્ણન કરે. (બુધ)
પંડિત શ્રોતા હોય તો તેની આગળ આગમોના સૂક્ષ્મ
રહસ્યોનું વર્ણન કરે.

આ રીતે ધર્મગુરુ શ્રોતાની કક્ષા વિચારીને ઉપદેશ આપે.

एतद्विज्ञायैवं यथार्हं शुद्धभावसंपन्नः ।
विधिवदिह यः प्रयुक्ते करोत्यसौ नियमतो बोधि ॥ १६ ॥

દેશનાવિધિને સારી રીતે જાણતા શુદ્ધભાવસંપન્ન ગુરુ શ્રોતાને નિયમા બોધિ પમાડે છે. બોધિ એટલે જૈનધર્મની પ્રાપ્તિ.

આ રીતે સદ્ધર્મની પરીક્ષા નામનું પ્રથમ ષોડશક સમાપ્ત થાય છે.

ધર્મના અર્થી જીવોએ સાચા ધર્મની, સાચા ગુરુની સારી રીતે પરીક્ષા કરીને સાચા ધર્મના સ્વરૂપને સમજીને સદ્ધર્મના પાલક બનવું જોઇએ. સાચા ગુરુને શોધીને સાચા ગુરુનો સાચા હૃદયથી વિનય અને સેવા કરવી જોઇએ. શોધે છે તેને સાચું મળી આવે છે. અર્થીપણું હોય તો માણસ ગમે ત્યાંથી સારી અને સાચી વસ્તુને મેળવી લે છે. માટે આ પ્રથમ ષોડશકના સોળ શ્લોક ઉપર ઘણું વિવેચન થયું છે. તેમાંથી તમારા આત્મા માટે ઉપયોગી વાતોને પકડી તેના ઉપર રોજ ચિંતન મનન પરિશીલન કરતા રહેશો તો તમને ઘણો સારો તત્ત્વબોધ થશે. તમારો આત્મા તત્ત્વથી ભાવિત બનશે.

હવે પછી દેશનાવિધિ નામનું બીજું ષોડશક શરૂ થશે.

સર્વ મંગલ માંગલ્યં....

પ્રથમ ષોડશક ઉપરનાં પ્રવચનો સમાપ્ત.

તીર્થંકર ભગવંતોનો વિરહ હોતો જ
વીતરાગ સર્વજ્ઞ હોવાથી તેઓના વચ
હોય નહિ. માટે નિઃશંક થઈને સર્વ
કરી મુક્તિપંથ કાપતા રહેવું. દરેક
એ જ પ્રમાણ એમ શ્રદ્ધા રાખી મોક્ષપં
રહેવું. ગુરુગમથી આગમનું રહસ્ય પણ
પછી ૧૩ મા શ્લોકનો વિચાર થશે.

સર્વ મંગલ માંગલ્યં...

(૮૯) મંદિર ઉપાશ્રયની બહાર નીકળ્યા પછી તમે ધર્મ ાથે કેટલો સંબંધ રાખો છો? તે વિચારજો.

(૯૦) ધર્મી મનુષ્ય તો ખાતાંયે ધર્મી, પીતાંયે ધર્મી, વેપાર રતાંયે ધર્મી, બોલતાંયે ધર્મી, બેસતાંયે ધર્મી અને ચાલતાંયે ર્મી હોવો જોઇએ.

(૯૧) ધર્મીથી ધર્મ એક ક્ષણ પણ વિખૂટો પડવો ન જોઇએ.

(૯૨) કોઈના પણ દબાણ વગર, ભય વગર, શરમ કે ાક્ષિણ્યતા વગર થતો ધર્મ જ પરંપરાએ કલ્યાણકારી બને છે.

(૯૩) 'હું અને મારૂં' ભૂલીને નવકારમંત્રની માળા ગણો.

(૯૪) શંકા અને કુશંકાઓ એ આપણી પાસે ઘણી ખોટી યોજનાઓ કરાવે છે.

(૯૫) મોક્ષના સાધકે પુણ્ય-પાપના ઉદયોની અસર મન ઉપર બહુ લેવી નહિ જોઇએ.

(૯૬) પુણ્યના ઉદય વખતે જે હસે તે પાપના ઉદય વખતે રોવે.

(૯૭) ધર્મી મનુષ્યની વાણી સૌમ્ય અને પ્રિય હોવી જોઇએ.

(૯૮) જે મનુષ્ય નિત્યને નિત્ય અને અનિત્યને અનિત્ય માને તેને મોહ સતાવી શકતો નથી.

(૯૯) અનિત્યમાં નિત્યની દૃઢ માન્યતા એ જ કલેશનું મૂળ છે.

(૧૦૦) અકાળે કરેલી સારી ક્રિયા પણ નિષ્ફળ જાય.

(૧૦૧) આ મનુષ્યદેહ રોગ જરા અને મૃત્યુનો શિકાર બન્યો નથી ત્યાં સુધી જ ધર્મ કમાણીનો અવસર છે.

(૧૦૨) ત્યાગની પરાકાષ્ઠા એટલે જ મોક્ષ.

(૭૭) જૈનશાસનનો સાર પામીને આત્માને હવે ભોગ અને પરિગ્રહની પથારીમાંથી ઉભો કરો.

(૭૮) ખાવાના સંસારનો અંત લાવવો હોય તો આ ચાર વાતો ઉપર લક્ષ આપો

(૧) ખાવાના ટંક ઘટાડો.
(૨) ભૂખ કરતાં ઓછું ખાવ.
(૩) ભોજનમાંથી સ્વાદ ઓછા કરો.
(૪) ખાવાની ચીજો ઓછી કરો. વૃત્તિસંક્ષેપ તપ કરો.

(૭૯) સુખી બનવા સદાચારી જીવન જીવો.

(૮૦) ધર્મ સારા બનવા માટે કરવાનો છે.

(૮૧) જે ધર્મ કરી સારો બને તે જ સાચો સુખી બની શકે.

(૮૨) વેપારી મનોદશાથી ધર્મ ન કરો.

(૮૩) 'ધર્મ વગર મને ચેન પડતું નથી, માટે હું ધર્મ કરૂં છું' એમ સ્વભાવગત બની ગયેલો ધર્મ જ સાચી આત્મ ઉન્નતિ સાધી આપે છે.

(૮૪) ધર્મ નહિ કરીએ તો દુ:ખી થઇશું, 'દુર્ગતિમાં જઈશું' આ વિચારણા બાલજીવો માટે યોગ્ય ગણાય પણ બુદ્ધપુરુષો માટે નહિ.

(૮૫) દેવ ગુરુ ધર્મને સર્વશ્રેષ્ઠ મહત્ત્વ આપીને કરાતી તેની ઉપાસના–આરાધના એ જ ભવનો ક્ષય કરશે.

(૮૬) બાળકોને બચપણથી જ ધર્મના સંસ્કારો આપો.

(૮૭) ધર્મના સાચા સ્વરૂપને સમજી ધર્મ કરો.

(૮૮) ધર્મી મનુષ્ય મંદિર ઉપાશ્રય પૂરતો જ ધર્મી ન હોય, પરંતુ ચોવીસે કલાકનો ધર્મી હોવો જોઇએ. ધર્મી જ્યાં જાય ત્યાં તેની સાથે ધર્મ હોવો જ જોઇએ.

(૧૧૬) આત્મા તરફ જોવાના જન્મમાં જડ તરફ ન જોવાય.

(૧૧૭) સ્વસ્વરૂપની માયા સંસારની માયા છોડાવશે.

(૧૧૮) ભવિષ્ય જેનું ખરાબ હોય તેને જ જિનાજ્ઞાથી વિરુદ્ધ વર્તવાનું અને પ્રચારવાનું સૂઝે.

(૧૧૯) ભૌતિક ચીજો ઉપર રાગ-દ્વેષ ન કરો તો શું તે ન ભોગવાય ?

(૧૨૦) ગરમા ગરમ રોટલી શું તમને રાગ કરવાની ફરજ પાડે છે કે તું મારા ઉપર રાગ કર તો જ હું તારા મોંમાં જઈશ ?

(૧૨૧) એક ક્ષણ પછી જે સુંદર ચીજ અસુંદર બની જવાની ચોક્કસ છે તે ચીજ ઉપર શા રાગ કરવા'તા ?

(૧૨૨) ભૌતિક ચીજની સુંદરતાના વળી શા ભરોસા ?

(૧૨૩) આત્મામાં પડેલા દોષના ડાઘા જોવા માટે જ્ઞાન-રૂપી ચક્ષુ જોઈએ

(૧૨૪) આજે તો જૈનો પણ રાગ વધે, મોહ વધે એવી ચીજો મેળવીને ગૌરવ લેતા હોય છે.

(૧૨૫) રાગ વધારવા આ માનવ જન્મ મળ્યો કે રાગ ઘટાડવા તેનો જરા વિચાર કરો.

(૧૨૬) વીતરાગની પૂજા રાગનાં સાધનો મેળવવા કરો છો કે રાગના સાધનોનો મોહ ઉતારવા કરો છો ? તે જરા તમારા અંતરાત્માને એકાંતમાં પૂછજો.

(૧૨૭) રાગ વધે તેમાં સાચો શ્રાવક રાજી થાય ખરો ?

(૧૨૮) વૈરાગ વધે એવું તમે શું કર્યું ? રાગ વધે એવું તો તમે ઘણુંયે કર્યું અને કરી રહ્યા છો.

(૧૨૯) રાગ અને રાગના સાધનો ઉપર કંટ્રોલ

[illegible]

(૧૦૩) [illegible]
[illegible]

(૧૦૪) [illegible] થઈ જાય છે.

(૧૦૫) તપ કરનારે પારણામાં [illegible] જ [illegible] રહેવું જોઈએ.

(૧૦૬) તપની [illegible] ઉપર [illegible] જોઈએ

(૧૦૭) બીજા લોકો ન જાણે તે રીતે તપ કરવો જોઈએ. તપની જાહેરાત ન કરો.

(૧૦૮) સ્વાધ્યાયથી મન વચન કાયાના યોગો એકાગ્ર બને છે અને એકાગ્રતાથી વિપુલ નિર્જરા થાય છે.

(૧૦૯) ઉત્તરાધ્યયન સૂત્ર અને સૂયગડાંગ સૂત્ર એ વૈરાગ્યની ખાણ છે.

(૧૧૦) દ્રવ્યાનુયોગના જ્ઞાનથી સમ્યગ્દર્શનની નિર્મળતા થાય છે.

(૧૧૧) સ્વાધીનભોગનો ત્યાગ કરવાથી બહુ જ નિર્જરા થાય છે.

(૧૧૨) આત્માને ધોવાના ભવમાં જડને ધોવામાં પડી જવું એ મહામુર્ખાઈ છે.

(૧૧૩) આહારની લાલસા જીવને અલ્પાહારી બનવા દેતી નથી.

(૧૧૪) અલ્પાહારી મનુષ્ય વાસના વિકારોનો શિકાર ઓછો બને છે.

(૧૧૫) માટે તો ભગવાને ઉણોદરી નામનો તપ બતાવેલ છે.

(૧૪૩) સંયમી સાધુને સંયમ લીધા પછી સ્ત્રીવાળા અને પૈસાવાળા સુખી લાગવા ન જોઇએ.

(૧૪૪) સ્ત્રી અને પૈસાની મોહમાયામાં ફસેલા જગતને તો સંયમી સાધુ દયાની નજરે જુવે.

(૧૪૫) ગોચરીપાણી જનાર સાધુએ ગૃહસ્થોના ઘરોમાં રહેલી રાગ કરાવનારી ચીજો તરફ દ્રષ્ટિ ન કરવી.

(૧૪૬) સાધુએ બને ત્યાં સુધી રોજ એકના એક ઘરે ગોચરીપાણી લેવા જવું નહિ.

(૧૪૭) સાધુનો અધિકાર સારા સારા ખાનપાન, વસ્ત્રો, વસતિ કે પાટપાટલા ઉપર નથી.

(૧૪૮) સાધુનો અધિકાર ત્યાગ, તપ અને સંયમ ઉપર હોય.

(૧૪૯) કેવળ સાધુની વાણી ન જોતાં તેના આચાર વિચાર તરફ જોવું જોઈએ.

(૧૫૦) આચારવિચાર વિનાની વાણી તેલ વગરના દીવા જેવી છે.

(૧૫૧) આજે સંયમ વિકાસ તરફ વધુ લક્ષ આપવાની જરૂર છે.

(૧૫૨) શક્તિનો વિકાસ તો જૈનેતર જગતમાં પણ ઘણો જોવા મળે છે પણ ત્યાં સંયમ વિકાસ નથી.

(૧૫૩) જૈન ધર્મમાં કિંમત સંયમની છે. સંયમ અને શક્તિનો સુભગયોગ એટલે જૈન શાસનનો જય જયકાર.

(૧૫૪) આજના કાળે શક્તિશાળી સાધુ ઉપર ગુરુનો ખાસ અંકુશ જરૂરી છે.

(૧૩૦) રાગદ્વેષને જીતવાની ભાવનાવાળાને જ જૈ કહેવાય ને ?

(૧૩૧) રાગનાં સાધનો ઓછા મળ્યા તો અફસોસ હીનતા સાચા શ્રાવકને ન હોય.

(૧૩૨) તમે તો બધા રાગના સાધનો ઘટાડવાની પેરવીમાં છો ને ? રાગનાં બધાં સાધનો જલ્દી છૂટી જાય તે સારૂં એમ જ માનો છો ને ?

(૧૩૩) આત્માની દૃષ્ટિએ સારૂં શું અને ખરાબ શું હવે જોતા થાવ.

(૧૩૪) અનાર્યોના આદર્શો અને આર્યના આદર્શો સરખ ન હોય.

(૧૩૫) દાન આપીને પશ્ચાતાપ ન કરવો.

(૧૩૬) બદલાની આશા વિના જ બીજાનું કામ કરવું.

(૧૩૭) દેશરક્ષા કરતાં સંઘરક્ષા મોટી ચીજ છે. સંઘ સુરક્ષિત હશે તો બધું જ સલામત સમજવું.

(૧૩૮) પુરુષ વિશ્વાસે વચન વિશ્વાસ, પરંતુ વચન વિશ્વાસે પુરુષ વિશ્વાસ નહિ.

(૧૩૯) વીતરાગ પુરુષના વચન ઉપર જ પૂર્ણ વિશ્વાસ મૂકાય.

(૧૪૦) જિનાગમો એટલે વીતરાગ પુરુષના વચનોનો સંગ્રહ માટે જિનાગમો ઉપર પૂર્ણ વિશ્વાસ મૂકવો જોઈએ.

(૧૪૧) શાસનની રક્ષા માટે કરેલી વિરાધના એ વિરાધના નથી. કાલિકસૂરીજીની જેમ.

(૧૪૨) સંયમ લેનારે સ્ત્રી અને પૈસાને વિષ્ટા સમાન ાનીને જ ત્યાગ કરવો જોઇએ.

ગચ્છ કે સમુદાય જોવાનો ન હોય. વ્યક્તિપૂજા જૈન ધર્મમાં નથી, અહીં તો ગુણ-ગુણીની પૂજા છે.

(૧૬૯) ગુણ કે સંયમના માધ્યમથી જ સાધુ પ્રત્યે પ્રેમ-સદ્ભાવ રહેવો જોઈએ, પણ કેવળ સમુદાયના માધ્યમથી નહિ

(૧૭૦) ઊંચા ધ્યેય હાંસલ કરવા હશે તો ઊંચા બલીદાન આપવા પડશે.

(૧૭૧) શ્રાવક તો માને કે સારૂં સારૂં બધું દેવ ગુરુ ધર્મ માટે, વધ્યુંઘટ્યું અમારા માટે.

(૧૭૨) ખાસ સમય કાઢીને અનંત ઉપકારી એવા દેવ-ગુરુની સેવાભક્તિ કરવી જોઈએ.

(૧૭૩) પૈસા, પત્ની, પરિવાર તો એકભવ પૂરતા જ ઉપકારી છે જ્યારે દેવ ગુરુ તો ભવોભાવના ઉપકારી છે.

(૧૭૪) હૈયાનાં હેત જ્યાં ઉભરાવવા જેવાં છે ત્યાં ઉભરાતા નથી, અને જ્યાં નથી ઉભરાવવા જેવાં ત્યાં ઉભરાવો છો. બાબો અને બાબાની બાને જોઈને હૈયાનું હેત કેટલું ઉભરાય

(૧૫૬) [illegible] મુક્તિમાં [illegible] જોઈએ.

(૧૫૭) ભાગ્યશાળીઓએ [illegible] સ્વામીભાઈની વારંવાર ઉપબૃંહણા કરવી જોઈએ.

(૧૫૮) નાનામાં નાના ગુણની આપણી [illegible] જોઈએ.

(૧૫૯) જગત અને જગતના પદાર્થો જેવા સ્વરૂપે છે તેવા જ સ્વરૂપે બતાવવાનું કામ જૈન શાસનનું.

(૧૬૦) જગતના જીવમાત્રનું રક્ષણ કરનાર [illegible] તો જૈન શાસન છે.

(૧૬૧) તીર્થંકર ભગવંતો જગતના જીવમાત્રના પાલક પરમ પિતા છે.

(૧૬૨) ભવનો ભય બરાબર લાગી જાય તો સંયમ માટે સાહસ કરતાં વાર ન લાગે.

(૧૬૩) ભય લાગે એટલે માણસ ભાગે પાપનો ભય–ભવભ્રમણનો ભય જો માણસને બરાબર લાગી જાય તો સંસારની મોહમાયા છોડીને ભાગતાં વાર ન લાગે.

(૧૬૪) આત્માને ઉંચે ચઢાવવા જ્ઞાનરૂપી નિસરણીની જરૂર છે.

(૧૬૫) જ્ઞાન શ્રદ્ધાયુક્ત જોઇએ, શ્રદ્ધાયુક્ત જ્ઞાન સાથે ચારિત્ર ભળે ત્યારે મોક્ષ મળે.

(૧૬૬) સમકિતિ જીવ ગુણાનુરાગી હોય.

(૧૬૭) સંયમ ચાહે તે શ્રાવક.

(૧૬૮) શ્રાવક તો સંયમી સાધુનો ભક્ત હોય. પછી ત્યાં

(૧૯૨) કેવળ અક્ષર જ્ઞાન, ભાષા જ્ઞાન કે ભૌતિક જ્ઞાન વધે એ સાચી કેળવણી નથી.

(૧૯૩) જૈન શાસનની આખી આરાધનાનો સાર હાર્દિક ક્ષમાપના છે.

(૧૯૪) તમે બીજાની ભૂલોની માફી આપો અને તમે જો બીજાની ભૂલો કરી હોય તો તમે તેની ક્ષમા માગો.

(૧૯૫) સામો કદાચ તમારી ભૂલોની માફી ન આપે તો પણ તમે તો માગી જ લેજો.

(૧૯૬) વેરની ગાંઠ રાખી મૂકશો તો કર્મની કઠીન ગાંઠ છૂટશે નહિ.

(૧૯૭) તમારૂં બગાડનાર તો તમારાં જ પૂર્વે કરેલાં પાપ-કર્મો છે માટે તેને જ દોષ દો. બીજાને દોષ દેવાથી શો ફાયદો?

(૧૯૮) ઇચ્છાઓ ઉપર અંકુશ મૂકો તો ધર્મક્રિયામાં મન સ્થિર રહે.

(૧૯૯) અસત્ તૃષ્ણાઓ જ ચિત્તમાં ઉથલપાથલ કર્યા કરે છે.

(૨૦૦) પેટ ભરવાનું જ એક લક્ષ તમારૂં બની જાય તો પૈસા માટે બહુ પાપ કરવું ન પડે.

(૨૦૧) શાંતિ જોઈતી હોય તો સંયમી બનો.

(૨૦૨) સમતા જોઇતી હોય તો મમતા છોડો.

(૨૦૩) તપ અભ્યાસથી સાધ્ય છે. તપ કરતાં કરતાં સરળ બની જાય છે.

(૨૦૪) ૩૬૦ દિવસ ખા ખા કરવું એ તો શું માનવ જીવન છે?

(૨૪૩) માબાપો જાતે સાદુ જીવન જીવે અને બાળકોને સાદુ જીવન જીવતાં શીખવે.

(૨૪૪) જેને ડૂબવામાં દુઃખ નથી તેને તરવાની ઈચ્છા ક્યાંથી હોય?

(૨૪૫) તરવાની ભાવનાવાળાને જ તારકો તારી શકે.

(૨૪૬) તરવાની ઈચ્છાથી આવે તેને જ તીર્થો તારે.

(૨૪૭) મુંબઈમાં પૈસા મળ્યા પણ જૈનકુળના સંસ્કારો ખોયા તેનું દુઃખ કેટલું છે?

(૨૪૮) એકલી પૈસાની કમાણી તરફ જોશો તો તમે ધર્મને સાચવી નહિ શકો.

(૨૪૯) કર્મના ઉદયથી સમકિતી પાપ કરે તો પણ હૃદયમાં પાપ કરવાનો ભાવ ન હોય.

(૨૫૦) ધર્મ કરનારમાં પાપભિરૂતા ગુણ હોવો જોઈએ.

(૨૫૧) પાપરુચિ જાય તો ધર્મરુચિ આવે.

(૨૫૨) કર્તવ્ય ભૂલાવે અને અકર્તવ્યમાં જોડે તેનું નામ પ્રમાદ.

(૨૫૩) સાધુપણું એટલે આંતરશત્રુઓને જીતવાની સમરાંગણ ભૂમિ.

(૨૫૪) દીક્ષા એટલે કર્મરોગનું ચિકિત્સાલય.

(૨૫૫) નવપદનું જન્મસ્થાન અરિહંત પદ છે.

(૨૫૬) અરિહંત ભગવંતો માર્ગદર્શક છે પણ માર્ગદર્શકની કિંમત કોને હોય? માર્ગ ભૂલેલાને.

(૨૩૦) પૈસો એ કેવળ જીવન નિર્વાહનું સાધન ન રહેતાં માનવના જીવનનું મુખ્ય સાધ્ય બની ગયું છે.

(૨૩૧) જે મનુષ્યના જીવનમાં કેન્દ્ર સ્થાને પૈસો હોય તે મનુષ્યમાંથી માનવતા-ધાર્મિકતા વિદાય લે એમાં નવાઈ શું?

(૨૩૨) આસક્તિ કરાવે તેવું ખાવું-પીવું નહિ.

(૨૩૩) ગુણથી મળતી મોટાઈ એ જ સાચી છે, પૈસાથી કે સત્તાથી મળતી મોટાઈ એ કૃત્રિમ છે.

(૨૩૪) કોઈને વચન આપીને ફરી ન જાવ.

(૨૩૫) તમારો વ્યવહાર સરળ રાખો.

(૨૩૬) તમારો ખોરાક પહેરવેશ સાદો રાખો.

(૨૩૭) કોઈનો પણ વિશ્વાસઘાત ન કરશો.

(૨૩૮) તમારા દેવનું, ગુરુનું, ધર્મનું, કુળનું ગૌરવ વધે એવાં કામો કરો.

(૨૩૯) વેપાર કરતાં ધર્મને સાથે રાખો.

(૨૪૦) મન જ્ઞાનથી શુદ્ધ થાય છે, વાણી સત્યથી શુદ્ધ થાય છે, કાયા ગુરુસેવાથી શુદ્ધ થાય છે.

(૨૪૧) જીવનમાં પાપો જાણતાં-અજાણતાં થઈ ગયાં હોય તો કોઈ જ્ઞાની ગંભીર ગુરુ પાસે જઈને તમારાં પાપો ખુલ્લા હૃદયે કહી પાપોનું પ્રાયશ્ચિત કરી લેજો. કોઈ પણ પાપને છૂપાવશો નહિ.

(૨૪૨) જગડુશાહે દુષ્કાળમાં ૧૨૦૦ દાનશાળાઓ ખોલી હતી. પણ કોઈ દાનશાળા ઉપર પોતાનું નામ લખ્યું નહોતું.

(૨૪૩) માબાપો જાતે સાદુ જીવન જીવે અને બાળકોને સાદુ જીવન જીવતાં શીખવે.

(૨૪૪) જેને ડૂબવામાં દુઃખ નથી તેને તરવાની ઈચ્છા ક્યાંથી હોય?

(૨૪૫) તરવાની ભાવનાવાળાને જ તારકો તારી શકે.

(૨૪૬) તરવાની ઈચ્છાથી આવે તેને જ તીર્થો તારે.

(૨૪૭) મુંબઈમાં પૈસા મળ્યા પણ જૈનકુળના સંસ્કારો ખોયા તેનું દુઃખ કેટલું છે?

(૨૪૮) એકલી પૈસાની કમાણી તરફ જોશો તો તમે ધર્મને સાચવી નહિ શકો.

(૨૪૯) કર્મના ઉદયથી સમકિતી પાપ કરે તો પણ હૃદયમાં પાપ કરવાનો ભાવ ન હોય.

(૨૫૦) ધર્મ કરનારમાં પાપભિરૂતા ગુણ હોવો જોઈએ.

(૨૫૧) પાપરુચિ જાય તો ધર્મરુચિ આવે.

(૨૫૨) કર્તવ્ય ભૂલાવે અને અકર્તવ્યમાં જોડે તેનું નામ પ્રમાદ.

(૨૫૩) સાધુપણું એટલે આંતરશત્રુઓને જીતવાની સમરાંગણ ભૂમિ.

(૨૫૪) દીક્ષા એટલે કર્મરોગનું ચિકિત્સાલય.

(૨૫૫) નવપદનું જન્મસ્થાન અરિહંત પદ છે.

(૨૫૬) અરિહંત ભગવંતો માર્ગદ[illegible]ક છે પણ [illegible] દર્શકની કિંમત કોને હોય? માર્ગ[illegible]ને.

(૨૩૦) પૈસો એ કેવળ જીવન નિર્વાહનું સાધન ન રહેતાં માનવના જીવનનું મુખ્ય સાધ્ય બની ગયું છે.

(૨૩૧) જે મનુષ્યના જીવનમાં કેન્દ્ર સ્થાને પૈસો હોય તે મનુષ્યમાંથી માનવતા-ધાર્મિકતા વિદાય લે એમાં નવાઈ શું?

(૨૩૨) આસક્તિ કરાવે તેવું ખાવું-પીવું નહિ.

(૨૩૩) ગુણથી મળતી મોટાઈ એ જ સાચી છે, પૈસાથી કે સત્તાથી મળતી મોટાઈ એ કૃત્રિમ છે.

(૨૩૪) કોઈને વચન આપીને ફરી ન જાવ.

(૨૩૫) તમારો વ્યવહાર સરળ રાખો.

(૨૩૬) તમારો ખોરાક પહેરવેશ સાદો રાખો.

(૨૩૭) કોઈનો પણ વિશ્વાસઘાત ન કરશો.

(૨૩૮) તમારા દેવનું, ગુરુનું, ધર્મનું, કુળનું ગૌરવ વધે એવાં કામો કરો.

(૨૩૯) વેપાર કરતાં ધર્મને સાથે રાખો.

(૨૪૦) મન જ્ઞાનથી શુદ્ધ થાય છે, વાણી સત્યથી શુદ્ધ થાય છે, કાયા ગુરુસેવાથી શુદ્ધ થાય છે.

(૨૪૧) જીવનમાં પાપો જાણતાં-અજાણતાં થઈ ગયાં હોય તો કોઈ જ્ઞાની ગંભીર ગુરૂ પાસે જઈને તમારાં પાપો ખુલ્લા હૃદયે કહી પાપોનું પ્રાયશ્ચિત કરી લેજો. કોઈ પણ પાપને છૂપાવશો નહિ.

(૨૪૨) જગડુશાહે દુષ્કાળમાં ૧૨૦૦ દાનશાળાઓ ખોલી હતી. પણ કોઈ દાનશાળા ઉપર પોતાનું નામ લખ્યું નહોતું.

(૨૫૭) ધન એ તો વિનયવાનનો શત્રુ.

(૨૫૮) આત્માને તારવાની બુદ્ધિથી જિનાગમોનો ઉપદેશ આપવો એ મોટામાં મોટો પરોપકાર છે.

(૨૫૯) જેમ જેમ શાસન સમજાય તેમ તેમ અરિહંત પરમાત્મા ઉપર બહુમાન વધે.

(૨૬૦) ઘરવાળીના જીવનમાં જેટલો રસ લીધો તેટલો રસ અરિહંત ભગવંતોના જીવનમાં લીધો ખરો? અરિહંત અને અરિહંતના શાસનનું જ્ઞાન મેળવ્યું ખરૂં?

(૨૬૧) જેની રોજ પૂજા કરો, દર્શન કરો, સ્તુતિ કરો તેનું જીવન શક્તિ ગુણો ઉપકાર ઉપદેશ વગેરેનું જ્ઞાન મેળવવાનું મન કેમ થતું નથી? મમત્વ બહુમાન આવે તો અરિહંત સંબંધી બધુજ જાણવાનું મન થાય. બાકી ઓળખાણ વગરની ભક્તિમાં શું માલ હોય?

(૨૬૨) જે સાધુ વારંવાર બ્રહ્મચર્યની વાડોનો ભંગ કરે તેનું વ્રત અખંડ ન રહે.



(૨૩૦) પૈસો એ કેવળ જીવન નિર્વાહનું સાધન ન રહેતાં માનવના જીવનનું મુખ્ય સાધ્ય બની ગયું છે.

(૨૩૧) જે મનુષ્યના જીવનમાં કેન્દ્ર સ્થાને પૈસો હોય તે મનુષ્યમાંથી માનવતા–ધાર્મિકતા વિદાય લે એમાં નવાઈ શું ?

(૨૩૨) આસક્તિ કરાવે તેવું ખાવું–પીવું નહિ.

(૨૩૩) ગુણથી મળતી મોટાઈ એ જ સાચી છે, પૈસાથી કે સત્તાથી મળતી મોટાઈ એ કૃત્રિમ છે.

(૨૩૪) કોઈને વચન આપીને ફરી ન જાવ.

(૨૩૫) તમારો વ્યવહાર સરળ રાખો.

(૨૩૬) તમારો ખોરાક પહેરવેશ સાદો રાખો.

(૨૩૭) કોઇનો પણ વિશ્વાસઘાત ન કરશો.

(૨૩૮) તમારા દેવનું, ગુરૂનું, ધર્મનું, કુળનું ગૌરવ વધે એવાં કામો કરો.

(૨૩૯) વેપાર કરતાં ધર્મને સાથે રાખો.

(૨૪૦) મન જ્ઞાનથી શુદ્ધ થાય છે, વાણી સત્યથી શુદ્ધ થાય છે, કાયા ગુરુસેવાથી શુદ્ધ થાય છે.

(૨૪૧) જીવનમાં પાપો જાણતાં–અજાણતાં થઈ ગયાં હોય તો કોઈ જ્ઞાની ગંભીર ગુરૂ પાસે જઇને તમારાં પાપો ખુલ્લા હૃદયે કહી પાપોનું પ્રાયશ્ચિત કરી લેજો. કોઈ પણ પાપને છૂપાવશો નહિ.

(૨૪૨) જગડુશાહે દુષ્કાળમાં ૧૨૦૦ દાનશાળાઓ ખોલી હતી. પણ કોઈ દાનશાળા ઉપર પોતાનું [illegible] ખ્યું ન [illegible]

(૨૩૦) ભોગ એ કેવળ જીવન નિભાવવાનું સાધન ન રહેતા માનવના જીવનનું મુખ્ય સાધ્ય બની ગયું છે.

(૨૩૧) જે મનુષ્યના જીવનમાં કેન્દ્ર સ્થાને ભોગ હોય તે મનુષ્યમાંથી માનવતા–માર્મિકતા નીકળી જાય તો એમાં નવાઈ શું!

(૨૩૨) આસક્તિ કરાવે તેવું ખાવું-પીવું નહિ.

(૨૩૩) ગુણથી મળતી મોટાઈ એ જ સાચી છે, પૈસાથી કે સત્તાથી મળતી મોટાઈ એ કૃત્રિમ છે.

(૨૩૪) કોઈને વચન આપીને ફરી ન જાવ.

(૨૩૫) તમારો વ્યવહાર સરળ રાખો.

(૨૩૬) તમારો ખોરાક પહેરવેશ સાદો રાખો.

(૨૩૭) કોઈનો પણ વિશ્વાસઘાત ન કરશો.

(૨૩૮) તમારા દેવનું, ગુરૂનું, ધર્મનું, કુળનું ગૌરવ વધે એવાં કામો કરો.

(૨૩૯) વેપાર કરતાં ધર્મને સાથે રાખો.

(૨૪૦) મન જ્ઞાનથી શુદ્ધ થાય છે, વાણી સત્યથી શુદ્ધ થાય છે, કાયા ગુરુસેવાથી શુદ્ધ થાય છે.

(૨૪૧) જીવનમાં પાપો જાણતાં–અજાણતાં થઈ ગયાં હોય તો કોઈ જ્ઞાની ગંભીર ગુરુ પાસે જઈને તમારાં પાપો ખુલ્લા હૃદયે કહી પાપોનું પ્રાયશ્ચિત કરી લેજો. કોઈ પણ પાપને છૂપાવશો નહિ.

(૨૪૨) જગડુશાહે દુષ્કાળમાં ૧૨૦૦ દાનશાળાઓ ખોલી હતી. પણ કોઈ દાનશાળા ઉપર પો

(૨૪૩) માબાપો જાતે સાદુ જીવન જીવે અને બાળકોને સાદુ જીવન જીવતાં શીખવે.

(૨૪૪) જેને ડૂબવામાં દુઃખ નથી તેને તરવાની ઈચ્છા ક્યાંથી હોય?

(૨૪૫) તરવાની ભાવનાવાળાને જ તારકો તારી શકે.

(૨૪૬) તરવાની ઈચ્છાથી આવે તેને જ તીર્થો તારે.

(૨૪૭) મુંબઈમાં પૈસા મળ્યા પણ જૈનકુળના સંસ્કારો ખોયા તેનું દુઃખ કેટલું છે?

(૨૪૮) એકલી પૈસાની કમાણી તરફ જોશો તો તમે ધર્મને સાચવી નહિ શકો.

(૨૪૯) કર્મના ઉદયથી સમકિતી પાપ કરે તો પણ હૃદયમાં પાપ કરવાનો ભાવ ન હોય.

(૨૫૦) ધર્મ કરનારમાં પાપભિરૂતા ગુણ હોવો જોઈએ.

(૨૫૧) પાપરુચિ જાય તો ધર્મરુચિ આવે.

(૨૫૨) કર્તવ્ય ભૂલાવે અને અકર્તવ્યમાં જોડે તેનું નામ પ્રમાદ.

(૨૫૩) સાધુપણું એટલે આંતરશત્રુઓને જીતવાની સમરાંગણ ભૂમિ.

(૨૫૪) દીક્ષા એટલે કર્મરોગનું ચિકિત્સાલય.

(૨૫૫) નવપદનું જન્મસ્થાન અરિહંત પદ છે.

(૨૫૬) અરિહંત ભગવંતો માર્ગદર્શક છે પણ માર્ગદર્શકની કિંમત કોને હોય? માર્ગ ભૂલેલાને.

(૨૪૩) માબાપો જાતે સાદુ જીવન જીવે અને બાળકોને સાદુ જીવન જીવતાં શીખવે.

(૨૪૪) જેને ડૂબવામાં દુઃખ નથી તેને તરવાની ઈચ્છા ક્યાંથી હોય?

(૨૪૫) તરવાની ભાવનાવાળાને જ તારકો તારી શકે.

(૨૪૬) તરવાની ઈચ્છાથી આવે તેને જ તીર્થો તારે.

(૨૪૭) મુંબઈમાં પૈસા મળ્યા પણ જૈનકુળના સંસ્કારો ખોયા તેનું દુઃખ કેટલું છે?

(૨૪૮) એકલી પૈસાની કમાણી તરફ જોશો તો તમે ધર્મને સાચવી નહિ શકો.

(૨૪૯) કર્મના ઉદયથી સમકિતી પાપ કરે તો પણ હૃદયમાં પાપ કરવાનો ભાવ ન હોય.

(૨૫૦) ધર્મ કરનારમાં પાપભિરૂતા ગુણ હોવો જોઈએ.

(૨૫૧) પાપરુચિ જાય તો ધર્મરુચિ આવે.

(૨૫૨) કર્તવ્ય ભૂલાવે અને અકર્તવ્યમાં જોડે તેનું નામ પ્રમાદ.

(૨૫૩) સાધુપણું એટલે આંતરશત્રુઓને જીતવાની સમરાંગણ ભૂમિ.

(૨૫૪) દીક્ષા એટલે કર્મરોગનું ચિકિત્સાલય.

(૨૫૫) નવપદનું જન્મસ્થાન અરિહંત પદ છે.

(૨૫૬) અરિહંત ભગવંતો માર્ગદર્શક છે પણ માર્ગદર્શકની કિંમત કોને હોય? માર્ગ ભૂલેલાને.